જ્ઞાતિ અને વ્હોળ

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો<br>વાર્ષિક રૂા. ૨-૮-૦ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર.<br>તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૬ ઠો.<br>શનીવાર તા. ૩-૧૨-૧૯૩૨. |

## અંધશ્રધ્ધાની આંધી.

પિતા મહાવીરે સ્થાપેલા અને પ્રરૂપેલા શાસનમાં તેમના પગલે ચાલતા તત્કાળના ત્યાગી મહાત્માઓના ત્યાગ, સંયમ, જ્ઞાન અને શાસન પ્રત્યે તેમની ધગશે શ્રાવક શ્રાવિકા વર્ગ તેમનો પડયો બોલ ઝીલતો અને ધર્મશ્રધ્ધા તરીકે હિતાહિતનાં કાર્યો માટે ખડે પગે ઉભો રહેતો.

ભૂતકાળના ગૌરવભર્યાં સાધુજીવન સાથે આજના ખટપટીઆ, સ્વાર્થી અને ચારિત્રને ઝાંખપ લગાડનારા સાધુ જીવનનો મુકાબલો કરતાં અશ્રુ વહ્યા વિના નહિ રહે. આજે સાચા ખપી-ત્યાગી અને પ્રભુના આદેશ પ્રમાણે ચાલનારા ત્યાગી ગણ્યાગાંઠયા, બાકી મોટો ભાગ ઇંદ્રિયોનો ગુલામ બનેલો, મોહમાયામાં ડૂબેલો. ક્રોધમાં ધમધમતો, કિન્નાખોરીથી ભરેલો, જ્યારે જેવી જરૂર પડે ત્યારે ષડ્યંત્રો ગોઠવનારો, શાસ્ત્રોના મનમાન્યા અર્થ કરનારો, વિદ્વતાનો ડોળ કરનારો વર્ગ પડયો છે. એટલે તેમની પોલોના રક્ષણ માટે ધર્મના બહાના નીચે ભોળી જનતાને ઉંધે રસ્તે ચડાવી. તાગડધિન્ના મચાવી સમાજરૂપી નાવને નાશના આરે ખેંચવાની રમત રમી રહ્યા છે. છતાં જેઓ કહેવાતા ગુરૂઓની પાછળ ઘેલા બની મોક્ષના પ્રમાણપત્રો મેળવવા પડયો બોલ ઝીલી રહ્યા છે. તેઓ તેમના ગુરૂના ચોકીદાર બની તેમના ચારિત્ર તપાસે તો અંધશ્રધ્ધાની આંધીનો જરૂર નાશ થાય.

સમાજની આર્થિકને સામાજીક સ્થિતિ ભયંકર છતાં અંધશ્રધ્ધાની આંધીએ સાધુઓના સામૈયાઓ પાછળ, પટારા શોભાવવા પુસ્તકો પાછળ, રસોડાં ચલાવવા પાછળ, અયોગ્ય દીક્ષાની ઘેલછા પાછળ, પદવીઓના મહોત્સવ પાછળ, રાજદરબાર પાછળ, કપડાં લત્તાં ને તાર ટપાલ પાછળ, પંડિતો પાછળ, વાહ! વાહ! કહેવરાવવા પાછળ થતા ખર્ચનો જે ધુમાડો થાય છે તેનો આંક કાઢી પરિણામ વિચારશો તો સમજાશે કે ભૂતકાળમાં જે સાધુસંસ્થા શાસનને ઉપયોગી હતી તેટલી જ આજે આપણે આંગણે હાથી બાંધ્યા જેવી થઈ પડી છે.

આજે સાધુસંસ્થાને તેના સડાની પરવા નથી ને તેમને કહિ શકે તેવી સમર્થ વ્યકિત નથી. આ સંજોગોમાં ચારિત્રહીણોને પોષી તેની સ્વાર્થી વાતો પાછળ પૈસા ખરચવા એ તો અંધશ્રધ્ધા છે. છતી આંખે કુવામાં ભૂસકો મારવા જેવું છે. એ અંધશ્રધ્ધાની આંધીને વિંધી જાગૃત થઇ એની પાછળ ખર્ચાતી પાઇએ પાઇ બંધ કરી સાચી ઉપયોગિતા પાછળ ખર્ચવાનો નિશ્ચય કરશો ત્યારે તેઓ પણ તેમના ત્યાગ, સંયમ અને મહત્તાનો વિચાર કરતાં થઇ સાચા માર્ગે વળશે.

**पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।**
**सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥**

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૩-૧૨-૩૨.


## જ્ઞાતિ અને ઘોળ.

(૨)

ગયા અંકમાં જ્ઞાતિ બંધારણનું વહીવટી ધોરણ માનસ અને સંકુચિત સ્થિતિનો ચિતાર રજુ કર્યા પછી કેવા બંધારણથી પ્રગતિ થાય તે રજુ કરવાનો કોલ દીધેલો એટલે બંધારણનો ઉપલકીયો વિચાર ન કરતાં કંઇક ઝીણવટથી વિચાર કરીએ તો વધારે ઉપયોગી થઇ પડે એ હેતુથી નીચે મુજબ રજુ કરીએ છીએ–

**ઉદ્દેશ**–ફિરકા ભેદ સિવાય સમગ્ર જૈન સમાજમાં સામાજીક-ઉન્નતિની દૃષ્ટિએ અંતર્ગત જ્ઞાતિઓ, તડો અને ઘોળોના સંકુચિત ક્ષેત્રમાંથી વિશાળ ક્ષેત્રમાં આવવા; જૈન સમાજનું સંગઠ્ઠન કરી કન્યા લેવા દેવાનો વ્યવહાર, ભોજન વ્યવહાર, સાથે સમાજોન્નતિના દરેક ગમતા ઉપાયો યોજવા ને અમલમાં મૂકવા.

**મતદાર**–જૈનધર્મ પાળનાર અઢાર વર્ષની ઉમર ઉપરના ભાઇ અગર સોળ વર્ષની ઉમર ઉપરના બ્હેન મતદાર ગણાવા જોઇએ.

આ પ્રમાણે ઉદ્દેશ અને મતદારનું ધોરણ નક્કી કરી કાયમી શેઠ પટેલોના સ્થાને ઉદ્દેશોને અમલમાં મૂકવા ત્રણ વર્ષ માટે પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીઓને બંધારણથી સહ નિમાયેલ કાર્યવાહક કમીટિ ધારાધોરણ અનુસાર બહુમતિથી વહીવટ ચલાવે. વહીવટી ધારાધોરણ કોઇ પણ સંસ્થાના બંધારણ ઉપરથી મુદાસર ફેરફાર કરીને ઘડી શકાય છે એટલે એ મુદ્દા ઉપર લંબાણ ન કરતાં ખાસ નિયમો સૂચવીશું.

હિન્દુસ્થાનની જૈન સમાજમાં કન્યા લેવડદેવડનો, દીકરીનું ચૌદ વર્ષે અને દીકરાનું સોળ વર્ષે તેઓની સંમતિથી જ સગપણ કરવાનો, કેળવણી ફરજીઆત રાખવાનો, દીકરીનું સોળ વર્ષ પછી ને દીકરાનું વીશ વર્ષ પછી લગ્ન કરવાનો, મેજરના નિયમની જગ્યાએ શુદ્ધિનો, લગ્ન પ્રસંગે જમણ, વરઘોડા, માંડવા ઇત્યાદિ ખર્ચ ન કરતાં ફક્ત સો બસોની રકમમાં જ ખર્ચ કરવાનો, લગ્ન પ્રસંગે બિભત્સ ગીતો ન ગાવાનો, એક ઉપર બીજી સ્ત્રી ન કરવાનો, કુમાર, કુમારી, સ્ત્રી કે પુરૂષ દરેકને લગ્ન અંગે સમાન હક્કનો, પીસ્તાળીશ વર્ષ પછી લગ્ન ન કરવાનો, વિધવાને અપશુકનીયાળ ન ગણવાનો, દરેક માંગલિક પ્રસંગોમાં સધવા જેટલો જ અધિકાર વિધવા બેનને દેવાનો, મરણ પ્રસંગે ન કૂટવાનો તેમજ બેસણું પથારણું નહિ રાખવાનો અને કોઇ જાતના વરા નહિ કરવાનો, કન્યાવિક્રય કે વરવિક્રય નહિ કરવાનો, દીકરીને વારસા હક્કનો, ફરજીઆત વ્યાયામનો, સગીરને દીક્ષા ન દેવાનો, બાળકની મરજીએ સગપણમાંથી છુટા થવાનો, પતિ અને બાળબચ્ચાંના ભરણપોષણનો બંદોબસ્ત કર્યા પછી જ દીક્ષા લેવાના નિયમો હોવા જોઇએ. આ સિવાય હુન્નર-ઉદ્યોગ, વિધવા આશ્રમ આરોગ્ય ખાતું વગેરે અંતર્ગત થવા જોઇએ અને તેને પહોંચી વળવા સ્થાયી ફંડ કે પછી લાગા નાખીને સારી આવક કરવાથી ઉદ્દેશને બર લાવી શકાય. આર્યસમાજીસ્ટો તેની સમાજની પ્રગતિ પાછળ લાખો ખર્ચે છે તે ઘણા ભાગે લાગાને ઉઘરાણાથી જ ખર્ચે છે.

આ મુદ્દાને અનુસરતા નિયમોવાળા બંધારણથી જૈન સમાજની દશ વર્ષમાં જ આખી સ્થિતિ બદલાઇ જાય એટલે ઉન્નતિ થાય. પરંતુ હાલના જ્ઞાતિ તંત્રો જેઓના હાથમાં છે તેઓ તો એવા ટેવાઇ ગયા છે કે નવી વાત સાંભળતાં જ ભડકી જાય છે. જ્યાં જેઓ સમાજનો અભ્યુદય ઇચ્છનારા છે તેવા ભાઇઓએ પોતાની જ્ઞાતિમાં ને ઘોળમાં ઉપર મુજબ સુધારા કરાવવાની ઝુંબેશ ઉપાડી લોકમત કેળવવા પ્રચાર આદરે. હાટે ને વાટે, પોળે ને શેરીએ જ્ઞાતિ સંકુચિતતાના નુકશાન સમજાવે, ચિતરે, જ્યાં જેઓ જુની ઘરેડમાં જ પડી રહેવાને રાજી છે અને કશી દાદ દેવાને તૈયાર જ નથી તેવા રૂઢિચુસ્તો સામું જોઇને બેસી ન રહેતાં મંડ્યા જ રહે, તેમ જ્યારે જ્યારે તક મળે ત્યારે ત્યારે સંકુચિતતાની દિવાલો તોડી નાખવાની પહેલ કરે તેમ બીજાઓ તે પ્રમાણે બહાર આવે તેને મદદગાર થાય અને લોકમત કેળવવાનું ચાલુ જ રાખે તો હાલના સંકુચિત તત્ત્વનો નાશ થયે જ છૂટકો.

સંકુચિતવાડાના સુકાનીઓ વિચારે કે ચાલી આવતા હાનિકારક રિવાજો સામે મોરચા મંડાવા શરૂ થયા છે ત્યાં જુની નુકશાનકારક પ્રણાલિકાઓના ભૂક્કા થયે જ છૂટકો છે, કારણ કે ભવિષ્યના વારસદારો તેમના જીવનનો મુખ્ય પ્રશ્ન તેમના માબાપો ઉપર જ છોડી દેશે એમ માનશો નહિ. તેમ જ વાલીઓ પોતાની દીકરીઓ વાડા બહાર દેશે ત્યારે આવા વાડાઓ અને બેડીઓનાં રક્ષણ કરવા અને તેની સાંકળો જકડશો ત્યાં તે તૂટી જશે. આપ સમજો છો કે કુદરતી સાંકળો ટકી શકે પણ બનાવટી કેટલો વખત ટકવાની ? તો પછી સમાજના હિતાહિતનો વિચાર કરી ઉન્નતિના માર્ગે લઇ જનાર બંધારણ ઘડો, તેમાં જ હિત છે. બાકી સંકુચિત સ્થિતિમાં પડી રહેવાથી કે કોઇ મોટી નાત એના સડેલાં બંધારણ કાયમ રાખી નાની નાતને ભેળવવાની પરોપકારવૃત્તિ (!) બતાવે તેમાં ઉન્નતિ નથી, પણ અવનતિ છે.

યુવાનો ! આ પ્રશ્ન સાધારણ નથી. આ જ્ઞાતિઓ અને ઘોળોએ ઓસવાળ, પોરવાડ, શ્રીમાળી, દશા, વીશા, પાંચા વગેરે બેડીથી આપણી સમાજ નાશના આરે ઘસડાઇ રહી છે. આ બેડી દરેક જીવનમાં પ્રવેશી પ્રગતિને અટકાવી રહી છે એટલે તે બેડી અને સંકુચિત બંધને ને ફગાવી દેવામાં જેટલા પ્રયત્નો કરીએ તેટલા ઓછા છે.

**છુટકારો**–શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ બી. એ. એલ. એલ. બી. ને સ્પેશ્યલ પાવર્સ આર્ડિનન્સની રૂએ સજા થએલી તેની મુદત પૂરી થતાં તા૦ ૧-૧૨-૩૨ ના રોજ છોડવામાં આવ્યા છે.

# બોટાદના.........અવનવા.

સૂરિઓ અને વાચસ્પતિના બિરૂદધારીઓ કાઠિયાવાડમાં હોવાથી આ વખતે કાઠિયાવાડની મુસાફરીએ લલચાયો. વઢવાણની મુલાકાત લેતાં સાધુ-સાધ્વીની વાતો સાંભળી થંભી જ ગયો. અને તપાસ શરૂ કરી. પરંતુ તે હકીકત પાછળ અનેક કાર-સ્થાનો હોવાથી તપાસને લાંબો વખત લાગશે એમ ધારી બોટાદ ફેરો મારવાની ઇચ્છા થવાથી અત્રે આવ્યો છું. સૂરિજીએ વિહાર કર્યો છે એટલે તેમને મળી શક્યો નથી. છતાં જે જાણવા મળ્યું છે તે નીચે મુજબ મોકલાવું છું:-

બોટાદ એટલે રૂઢિચુસ્તોનું ધામ કહીએ તો ખોટું નથી, છતાં આઠ-દશ યુવકોને બહારની દુનિયાનો અને સ્વતંત્રતાનો સહેજ પવન લાગેલો છે. પણ સંજોગોને લઇને એવી ખાસ પ્રવૃત્તિ કરી શકતા નથી. તો પણ એટલું તો કરી શક્યા છે કે ખોટી અને સમાજને હાનિકર્તા પ્રવૃત્તિઓમાં ભાગ તો લેતા જ નથી. એટલે પેલો રૂઢિચુસ્તવર્ગ તે યુવાનોને નાસ્તિક-અધર્મી વગેરે નામથી સંબોધે છે. કારણ કે ધાર્મિકપણાનું-શાસનરસિકપણાનું તેમના ગુરૂએ તેમને પ્રમાણપત્ર આપેલું છે. એટલે બિચારા તેમનાથી વિરૂધ્ધ વિચાર ધરાવનારને જેમ આવે તેમ બોલી સંતોષ માને.

યુવાનોની સામાજીક પ્રવૃત્તિને રૂઢિચુસ્તો કરડી નજરથી જોતા હતા, તેમાં વડોદરા દીક્ષા પ્રતિબંધ બાબત વિરોધ જાહેર કરવા અમદાવાદથી શ્રી નેમિસૂરિએ ભલામણ પત્ર લખી આપી એક ભાઇને અત્રે મોકલેલ, તેણે રૂઢીચુસ્ત ભાઇઓ મારફત એક કાગળ તૈયાર કરી તેમાં લખેલું કે "અત્રેનો સમસ્ત જૈન સંઘ ઠરાવ કરે છે કે" સાથે વિરોધનો ઠરાવ લખી ખાનગી સહીઓ લેવી શરૂ કરેલી. એ વાત જાણમાં આવતાં યુવાનોએ સમસ્ત સંઘના નામ સામે સખ્ત વિરોધ ઉઠાવ્યો. અને પ્રપંચને ખુલ્લો કર્યો, આથી રૂઢીચુસ્તો અકળાયા. નેમિસૂરિનું ભયંકર અપમાન થયું માની બેઠા. બુદ્ધિ કોઇના બાપની છે?

બોટાદ એ નેમિસૂરિનું બીજા નંબરનું મુખ્ય મથક ગણાય છે. એટલે ગત ચોમાસામાં તેમના પરિવારસહ ચોમાસુ પધારેલા, આથી રૂઢીચુસ્તોએ ખૂબ પ્રવૃત્તિ આદરેલી, તેમની પ્રવૃત્તિઓ સામૈયાં, વરઘોડા, ઓચ્છવો, સમોસરણની રચના, જમણવારો, પ્રભાવનાઓ વગેરે કરી વાહ વાહ કહેવરાવેલી, તેમને અને તેમના ગુરૂને આમાં જ શાસનની ઉન્નતિ જણાય છે. ભલેને હજારો જૈનો ભૂખે મરતાં હોય! કેળવણી વિના અજ્ઞાનતા સેવતાં હોય! કે ધંધા વિના બેકાર સ્થિતિ ભોગવતાં હોય! તેમાં તેમને તેની કશી પડી નથી. તેમ ઉન્નતિ દેખાતી નથી.

ચોમાસાના વ્યાખ્યાનો ત્યાગ, સંયમ, સમતા, સત્ય વગેરે મહાગુણો ઉપર મેડી શકાયે સાથે એકટીંગથી અપાતાં છતાં તેમના સમુદાયની અંદર કલેશનો અગ્નિ વારંવાર દેખાતો અને કોઇ કોઇ વાર હદ પણ કુદાવી જવાતા પરિણામે હદ ઉપરનો ત્રાસ વર્તતો, કોઇ સહન પણ કરતા, છતાં એક બાળ સાધુ જેનું નામ 'વિમળવિજય' છે તે ત્રાસ ન સહી શકવાથી આપઘાત કરવાના પ્રયત્નો વળેલા, પરંતુ તેમના ભક્તોની જાણમાં આવી જવાથી વિમળવિજયને બચાવી લીધેલા ને વાત દાબી દીધેલી, છતાં વાત વાયરે ઉડી ગઇ ને પોલપત્રિકાના પાને ચઢી એટલે જગજાહેર થઇ આથી શ્રી વિજયનેમિસૂરિનો ક્રોધાગ્નિ જ્વાળા-મુખીની જેમ ફાટી નીકળ્યો. તેમ જ લખનારને ખોળી કાઢવાનું કામ તડામાર હાથ ધરવામાં આવ્યું. અને પાસે આવનાર દરેક ભક્તોને એજ પૂછપાછ થતી-આ લખનાર કોણ છે? તેમાં સૌ થોડા જ સરખી મતિના હોય છે. એટલે કોઇ દ્વેષથી, કોઇ વ્હાલા થવા. ગમે તે કારણે પેલા સમાજ સુધારક યુવકોના નામ ગણી બતાવતા, સાથે અનેક પ્રકારની સાચી ખોટી વાતો ઉમેરીને ક્રોધના ભભૂકતા જ્વાળાગ્નિમાં ઘી હોમતા.

લાડકચંદ પાનાચંદ નામના એક યુવાન ભાઇ દર્શન કરવા ગયેલા 'ત્યાં તું જ લખનાર છે' કહી સમાજના માન મલીન આરોગી સોળમરેળા કરવા ચકનાર નંદનસૂરિ નામના સાધુ ગુંડાની પેઠે તે ભાઇના ઉપર તૂટી પડી તમાચાની પ્રસાદી (!) જમાડી. તે બીજા સાધુઓને ઓછી લાગવાથી તે પણ તેમના સ્વભાવ પ્રમાણે ધસી આવી તે ભાઇને બેઆબરૂ કર્યા, આવી હેવાનીયત ભરેલી ગુંડાશાહી કહેવરાતા શાસનસમ્રાટની રૂબરૂમાં જ થઇ.

આટલેથી ન ધરાતાં સ્વતંત્ર વિચાર ધરાવનારા સેવાભાવી એ યુવાનોની સાથે બેસનારને, સબંધીઓને, પૈસાની લેવડદેવડ કરનાર વેપારીઓને વગેરેને ઉપદેશોદ્વારા, ખાનગી સૂચનાઓદ્વારા એ પરોપકારી (!) ધર્મગુરૂઓ સમજાવતા ગયા કે-તેઓની સાથે બેસતા નહિ, કોઇ જાતની મદદ આપતા નહિ, કોઇપણ જાતનો સબંધ રાખતા નહિ, આ પ્રમાણે ઓર્ડીનન્સો કાઢીને વિદાય થાય ને યુવક પ્રવૃત્તિ સજીવન થાય તો?

આથી ભક્તોના કાન ભંભેરી એક સાધારણ માણસને ઉભો કરી પાંચ જણ વિરૂદ્ધ સુલેહભંગની અરજી ફોજદારી કોર્ટમાં અપાવી તેમાં લખ્યું કે-"આ લોકો અમારા ધર્મ-ગુરૂઓના અવર્ણવાદ બોલે છે તેથી અમારી લાગણી દુઃખાય છે અને તે લોકો સુલેહનો ભંગ કરે તેવી ધાસ્તી છે તો સુલેહ જાળવવા જ બંદોબસ્ત કરશો" આથી ફોજદાર સાહેબે તે પાંચ ભાઇઓને બોલાવી ઠાવકો સમજાવી ધર્મગુરૂ વિરૂદ્ધ બોલવું નહિ, તેવી કોઇ પ્રવૃત્તિ કરવી નહિ. એ પ્રમાણે હુકમ લખી પેલા યુવાનોની સહીઓ લેવામાં આવી.

આથી તો સૂરિ સમુદાય બહુ જ રાચ્યો-માચ્યો ને સમજ્યો કે યુવક પ્રવૃત્તિ દાબી દીધી. બસ! ફત્તેહ!! આ પ્રમાણે યુવક પ્રવૃત્તિ દબાવી નહિ દબાય, તે તો આવી ક્યારે દબાશે કે જ્યારે સાધુઓ મુંડાશાહી છોડી સાધુશાહી ધારણ કરશે ત્યારે.

વઢવાણની તપાસ અધુરી હોવાથી આગળ ન વધતાં પાછો તે તરફ જાઉં છું. કારણ કે ત્યાં જે ઘટમાળાઓ બની છે તે પૂરાવા સાથે ભેગી કરી સમાજ આગળ રજુ કરી શકું તો પાખંડીઓની પાપલીલા પૂરેપૂરી બહાર આવે અને તેમની પાછળ ઘસડાતી જનતા જાગૃત થાય.

## યુવાન આલમને આંગણે.

રાજકીય, સામાજીક અને ધાર્મિક વિપ્લવ આ પૃથ્વી પર ઘણાયે થઇ ગયા. જગતનો ઇતિહાસ એ દરેક ભરપૂર બનાવોનો રોમાંચક વાર્તાઓથી ભરપૂર છે.

ધાર્મિક, રાજકીય બાબતમાં ઘણાનાં લોહી રેડાયાં, ઘણાને જીવતાં રેંસી નાખ્યાં, કેટલાકને બળજબરીથી માનવું પડ્યું. ઘણાને આર્થિક નકશાન કરતાં એ માનવું પડ્યું. જ્યારે જ્યારે નવિન ધર્મનો પ્રચાર, નવિન રાજકીય પ્રચાર થતાં કોણ કહે છે કે લોહીની નદીઓ નથી વહેવરાવેલી ? અત્યાર અગાઉ જગતમાં કોણ જાણે કેટલાયે ધર્મ અસ્તિત્વમાં આવ્યા અને કેટલાયે નાશ પામ્યા. અને કેટલાયે તેમની વિજય પતાકા ફરકાવી કાળના ઉદરગૃહમાં સમાઇ ગયા. પરંતુ જૈનધર્મ કે આજે લાખો કરોડો વર્ષોથી પણ પોતાનું અસ્તિત્વ જાળવી રાખ્યું છે, એજ જૈન ધર્મના સત્ય ગુંજનનો પ્રભાવ સૂચવે છે.

વાસ્તવમાં વિપ્લવ પ્રકૃતિનો અટલ નિયમ છે કે જ્યારે જ્યારે સમાજમાં અંધશ્રધ્ધા ઘૂસે અને ધર્માચાર્યો યા તો નાયકો અત્યાચારની સીમા ઓળંગી જાય ત્યારે ધ્વંસ અને નિર્માણના અમોઘશસ્ત્રોની સાથે વિપ્લવ દેખાય છે. અને ઘાસના ઢગલામાં પડેલી ચિનગારી પવન ફુંકાતા ભયંકર જ્વાળા ફેલાવે તેવી રીતે ઘોર અંધશ્રદ્ધા અને અંધાધુંધીદ્વારાએ ચગદાયેલી જ્ઞાનહીન-વિચારહીન પ્રજામાં એકાએક નવચેતનની ચિનગારી પ્રગટ થાય છે અને તેની સળગતી ભાવના જતે દિવસે એક દિવસ ભભૂકી ઉઠે છે.

આજે આખા સમાજની એજ સ્થિતિ છે, અંધશ્રદ્ધાનાં પૂર ચો તરફથી ઘેરી રહ્યા છે. અંધાધુંધી અને દંભના મોજાં આજે સારાયે જૈનસમાજ પર ફરી વળ્યાં છે. બિચારી જ્ઞાનહીન-વિચારહીન પ્રજાથી શું થઇ શકે ? શું થઇ શકે ? એ ભાવના જ ખોટી છે. કુદરતનો એવો નિયમ હોય છે કે જ્યારે ધર્મના નામે દંભ, સ્વાર્થ અને અધમતા વધારે પ્રમાણમાં પોષાતી હોય છે ત્યારે એક એવો વર્ગ અસ્તિત્વમાં આવે છે કે તેને જડમૂળથી ઉખેડી ફેંકી દેવા કમર કસે છે. અને એવી જ રીતે જૈન આલમમાં નવચેતનની ચિનગારી મૂકવા 'મુંબઇ જૈન યુવક સંઘ' નામની સંસ્થા અસ્તિત્વમાં આવી છે. તેનો મુદ્રા લેખ દરેક જાતના ભેદભાવ ભૂલી જઇ દેશની ખાતર, ધર્મની ખાતર અને શાસનના હિતની ખાતર જગતમાં સમાનતાની ભાવના ઉદ્દભવવી અને ધર્મના નામે થતા અઘટિત વર્તનોને બેધી પ્રકાશમાં લાવવા અને ઐકયના ઝુંડા નીચે એકત્ર થઇ મનુષ્યત્વ પ્રાપ્ત કરાવવું એ છે. જે મનુષ્ય એશઆરામમાં રચ્યો પચ્યો રહે છે. સાધુ ધર્મનો પવિત્ર પોષાક ધારણ કરેલ હોવા છતાં સ્વાર્થ, દંભ અને અધમતાને જે પોષે છે. તેમ માનાપમાનની બીક સહ બીના સમજમાં હોવા છતાં પણ ગમ્ભીરપૂર્વક પકડી જનતાને અવળે માર્ગે ઘસડી અધ:પતન કરાવે છે. તેના અસ્તિત્વને હઠાવવા આજે 'યુવક સંઘે' મોરચા માંડ્યા છે. ઉદ્દામભાવના, વિચારોની વિશાળતા અને આચારાની લાગણી ઉત્પન્ન કરવા માટે પણ મક્કમ પગે કાર્ય કરી રહેલ છે. આજે ઘણા બખાળા આ સંસ્થા વિરૂદ્ધ થઇ રહેલા છે. છાપાદ્વારાએ ગલીચભાષા વાપરી પોતાની કિંમત અંકાવી રહ્યા છે, છતાં જનતા ના ભૂલે કે આટલું આટલું તેમના વિરૂધ્ધ પ્રચાર કાર્ય હોવા છતાં પણ નિડરપણે નીતિને વળગી રહી પોતાનું કાર્ય આગળ ધપાવે જાય છે.

દરેક જૈન યુવાન-વૃધ્ધ સ્ત્રી-પુરૂષને નમ્રભાવે અપીલ કરૂં છું કે આજે સારાયે જૈન સમાજમાં જે દાવાનળ સળગી રહ્યો છે. અને તેને જન્મ આપનાર જે પક્ષ છે તેની સામે જેહાદ ઉઠાવો, તેઓને સમજાવવા પ્રયત્ન કરો અને છેવટે ન માને તો યુવક સંઘના ઝંડા નીચે એકત્ર થઇ બંડ જાહેર કરો. તો આપોઆપ ધર્મના નામે પોષાતો દંભ, સ્વાર્થ, અંધાધુંધી અને અધમતા બંધ થઇ સમાજમાં શાંતિના પૂર વહી સર્વત્ર આનંદ પ્રવર્તે.

—ભી૦ ભોગીલાલ પેથાપુરી.

## એક ખુલાસો.

જૈન તેમજ અન્ય જનતામાં વૈરશાસનના નામે ખ્યાતિ પામેલ "વીરશાસન"ના તા૦ ૧૧ નવેમ્બરના પુસ્તક અગીઆર અંક ૬ ના ૭૬ પૃષ્ઠ પર 'બાળદીક્ષા હાનિકર નથી કિન્તુ શાસનનો અભ્યુદય કરનાર છે' તેવા મથાળા નીચે મારી સહીથી બહાર આવેલ લેખ તદ્દન ખોટો, સત્યથી વેગળો અને જનતાને અવળે રસ્તે દોરી એનામાં ગેરસમજ ઉત્પન્ન કરનારો હોઇ એ સંબંધી કેટલોક ખુલાસો કરવો આવશ્યક સમજુ છું.

હકીકત એમ છે કે આજથી લગભગ ત્રણ માસ ઉપર દીક્ષા છોડયા બાદ આસો વદ ચૌદસના રોજ હું ખંભાત ગયેલ અને પં. રૂદ્ધિમુનિજી પાસે ઉતરેલ ત્યાં બિરાજતા (!) લબ્ધિસૂરિજીના ભકતો મારી પાસે આવેલા અને આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિજી પાસે આવવા સંબંધી અત્યંત આગ્રહ કર્યો પણ તેના જવાબમાં તેમની પાસે જવા મેં સાફ ના પાડેલી એટલે એમને બીજો પાસો નાખવાની યુક્તિ પ્રયુક્ત રચવા માંડી, મારી સાથે આડી અવળી અનેક વાતચીતો થયા બાદ વાતમાં ને વાતમાં મને જણાવ્યું કે તમો મહારાજશ્રી પાસે જાતે આવી શકો તેમ ન હો તો એક કાગળ ઉપર તમારૂં નામ લખી આપો જેથી મહારાજશ્રીને અમોએ તમારી મુલાકાત લીધા બદલની ખાત્રી થાય, આમ એ લોકોએ કહ્યું એથી મારા સરળ સ્વભાવ મુજબ મેં મારૂં નામ એક કાગળ ઉપર લખી આપ્યું.

વસ્તુસ્થિતિ આમ હોવાથી જ્યારે વીરશાસનમાં મારી સહી નીચે છપાયેલ ઉપરોક્ત લેખ જોતાં મારી સરળતાનો આવો ગેરલાભ લેવાયેલો જોઇ મારા હૃદયને કેટલો આઘાત પહોંચ્યો હશે તે મારા પ્રિય બંધુઓને સ્હેજે સમજાય તેમ છે.

આ તર્કટ જોતાં મારા હૃદયને પહોંચેલ આઘાતનું વર્ણન કરવું અશક્ય છે. તેમજ વધારામાં વળી તે લેખમાં જૈનયુવક સંઘવાળાઓ ઉપર પણ જુઠા આક્ષેપો કરવા પાછી પાની રાખી નથી.

સમાજ આ ઉપરથી સાધુ તરીકેનો ફાંકો ધરાવતા આ પ્રમાણે પોતાની કાવતરાબાજી ક્યાં સુધી ચલાવી રાખે છે તે સમજે.

મુ: વડોદરા.
ઘડીઆળી પોળ.
તા૦ ૧૪-૧૧-૩૨

લી૦ સેવાભાવી સેવક,
**ભગનકુમાર જૈની** સહી દા: પોતે.

# મુનિ રામવિજયના શિષ્ય

## કુસુમવિજય કેસનો ચુકાદો.

### સોસાયટીના આગેવાનોની ના. મેજીસ્ટ્રેટે કાઢેલી ઝાટકણી.

તારના નામે ચલાવેલી ઠગાઇ !

છોકરાનો કબજો લેવા દિક્ષા પાર્ટીના કાવાદાવા અને ઘેલછા ભર્યા પ્રયત્નો.

### કોર્ટમાં ભરતવિજયજી એક અરજદાર તરીકે, સાધુથી છોકરાને ઉપાશ્રયમાં રાખી શકાય કે?

બીચારા મુનીને પહેલા અને પાંચમા મહાવ્રતનો ભંગ કરવો પડયો છે.

દશવૈકાલીક સૂત્ર શું કહે છે?

આવા સાધુઓ આ ભવે નિંદાય છે અને આવતે ભવે નર્કમાં જાય છે.

( ઇંગ્રેજી ઉપરથી ગુજરાતી ભાષાંતર )

**સીટી મેજીસ્ટ્રેટની કચેરી અમદાવાદ. :(હુકમ)**

**દિક્ષા પક્ષ** અને દિક્ષા સામેનો અથવા **સુધારક** પક્ષ એવા બે વિરૂદ્ધ પક્ષો **કાન્તીલાલ ભોગીલાલ** નામના આશરે સોળ વર્ષની ઉમ્મરના છોકરાનો કબજો લેવાનો દાવો કરતા હોવાથી દેખીતો ગુન્હો બનવાના અને પરિણામે સુલેહના ભંગની સંભવીતતાના ભયથી અમદાવાદ રેલ્વે પોલીસ સબ ઇન્સપેક્ટરે મજકુર છોકરાને કોના કબજામાં સોંપવો તે સંબંધી હુકમ કરવા અમને રજુ કર્યો છે.

હમણાં મળેલ માહીતી અનુસાર આ છોકરાનો પૂર્વ ઇતિહાસ રસદાયક છે. ૧૯૩૦ ના જાનેવારીમાં છોકરાએ દિક્ષા લીધી અને પાછળથી તેની માએ છોકરાના વાલી તરીકે પોતાને નિમવા માટે દિવાની દાવો નોંધાવ્યો હતો. એ વખતે છોકરાનો બાપ સંસારી હતો અને તેથી કરીને જીલ્લા કચેરીએ તેની માની વાલી તરીકે નિમણુંક કરી ન હતી. છોકરો વઢવાણ હતો પણ તા. ૮-૧૧-૩૨ ની રાત્રે તેણે છુપી રીતે ઉપાશ્રય છોડયો, સંસારી કપડાં પહેર્યાં અને તેની મા પાસે પાટણ જવા નીકળ્યો. છોકરાના નિવેદન મુજબ બન્ને પક્ષના માણસો વઢવાણથી ગાડીમાં ચઢી બેઠા. છોકરાને સ્ટેશન ઉપર મળીને સાનંદમાં હાલ **મુની ભરતવિજયજીના** નામથી રહેતા તેના પુર્વાશ્રમના પિતા પાસે જવા સમજાવવા માટે એક તાકીદનો તાર ( S. O. S. ) અત્રેના દિક્ષાપક્ષના આગેવાનો ઉપર મુકવામાં આવ્યો હતો. વિશેષમાં જણાય છે કે બન્ને પક્ષો રેલ્વે પોલીસ પાસે ગયા અને તેથી કરીને પરિણામે છોકરાને કોર્ટ સન્મુખ રજુ કરવામાં આવ્યો.

બન્ને પક્ષની ખેંચતાણની અસરથી મુક્ત રાખવા, તેને પોતાને ક્યાં જવું છે તેનો નિર્ણય કરવા તક આપવા અને બન્ને હરીફ પક્ષો વચ્ચે તાત્કાળીક સુલેહ ભંગ થતો અટકાવવા તે છોકરાને **રા. સા. મહીપતરામ રૂપરામ** અનાથ આશ્રમમાં મોકલવામાં આવ્યો હતો. છોકરાની માએ અને દીક્ષા પક્ષના એક આગેવાન **ચીમનલાલ કડીઆએ** છોકરાની મુલાકાતો લઇને છોકરાને આશ્રમમાં મોકલવાના ઉદ્દેશને નિષ્ફળ બનાવ્યો હતો.

છોકરાએ મારી પાસે એક નિવેદન નોંધાવ્યું છે તેની અંદર તે જણાવે છે કે રાત્રે છુપી રીતે તેણે પુર્વાશ્રમમાં એટલે સંસારમાં જવાની ઇચ્છાથી વઢવાણનો ઉપાશ્રય છોડયો, તેને પોતાની મા પાસે પાટણ જવું હતું અને તે અમદાવાદ આવ્યો ત્યાંસુધી તેનો ત્યાં જવાનો મક્કમ વિચાર હતો. પણ રેલ્વે સ્ટેશને દિક્ષા પક્ષના આગેવાનો તેને મળ્યા અને જણાવ્યું કે તારા પિતા તને મળવા માગે છે એવો તારા પિતાનો અમારા ઉપર તાર છે. આથી છોકરાએ પોતાનો નિશ્ચય ફેરવ્યો અને હવે તે સાનંદ જવા ઇચ્છે છે તો પણ તે જણાવે છે કે હાલ ફરી દિક્ષા લેવાનો તેનો ઇરાદો નથી.

મારે જણાવવું જોઇએ કે છોકરો સગીર ( અનિશ્ચિત ) મનનો છે અને કહેવામાં આવતો તાર એ એક દગાઇ (hoax) છે જેનાથી તેનો વિચાર બદલાયો છે. એક પણ તાર મારી આગળ રજુ કરવામાં આવ્યો નથી અને મને શક પડે છે કે છોકરાને સાનંદ જવા માટે લલચાવનારૂં અને પછી એને ફરીથી દિક્ષા લેવા સમજાવવાનું એ એક કાવતરૂં (ruse) હતું. નહિ તો જૈન ધર્મ મુજબ પિતા દિક્ષા લે ત્યારથીજ તેના પુત્ર સાથેના સંબંધનો અંત આવે છે અને તે તેને ઉપાશ્રયમાં પણ રાખી શકતો નથી.

છોકરાની માએ અને તેના પૂર્વાશ્રમનાં પિતાએ લેખીત અરજીઓ દાખલ કરી દરેક જણે છોકરાનો કબજો પોતાને સોંપવાની માંગણી કરેલ છે. મને નવાઇ લાગે છે કે છોકરાના પૂર્વાશ્રમના પિતા કે જેણે પોતાના સર્વ સંબંધીઓ સાથેના પોતાના સંસારીક સંબંધો તજી દીધા છે તેણે પોતાના પુત્ર તરીકે આ છોકરામાં જરા પણ રસ શા માટે લેવો જોઇએ.

આ દુઃખદાયક કીસ્સામાં છોકરાના પૂર્વાશ્રમના પિતાને ખેંચી લાવવાના, તેની પાસે કોર્ટમાં હાજરી આપવાના, વકીલાતનામું દસ્તુરે ચઢાવવાના અને ટીકીટ ચોડેલી અરજી કોર્ટને કરાવવાના દિક્ષાપક્ષે કરેલા ઘેલછા ભર્યા ( frantic ) પ્રયત્નો જોઇ હું આશ્ચર્ય પામ્યો છું. દિક્ષા વખતે ગ્રહણ કરેલ ( મહાવ્રતો પૈકી ) પહેલું અને પાંચમું મહાવ્રત ભાંગવાની આ બીચારા મુનીને ફરજ પડી છે તેને માટે દશ વૈકાલીક સુત્રમાં ભારે સજા ( પ્રાયશ્ચિત ) ફરમાવવામાં આવી છે. આથી આ ભવમાં નિંદાય છે અને આવતા ભવે નર્કમાં જાય છે. આ બધું મારે જણાવવું પડે છે તે માટે હું ઘણોજ દીલગીર છું; દિક્ષા પક્ષના આગેવાનો કેટલી હદે ગયા છે અને છોકરાને જીતી લેવામાં પોતે કેટલો રસ લીધો છે તેમજ બન્ને પક્ષો વચ્ચે સુલેહનો ભંગ થવાના કેવા ગંભીર પ્રસંગો છે તે દર્શાવવા માટેજ મારે ઉપરની હકીકત જણાવવી પડી છે.

છોકરાની માની અને તેના પૂર્વાશ્રમના પિતાની લેખીત અરજીઓ મેં તપાસી છે. બન્ને પક્ષના વિદ્વાન વકીલોની દલીલો પણ સાંભળી છે. કાયદો પણ વિચારી જોયો છે અને એવા નિર્ણય ઉપર આવ્યો છું કે ફોજદારી કાયદા મુજબ છોકરાને તેની મા કે તેના પૂર્વાશ્રમના પિતાને સોંપવાનો હુકમ કરવાની આ કોર્ટને સત્તા નથી. કોઇ પણ માણસ છોકરાની માતા પ્રત્યે સહાનુભુતી બતાવે કે જેનો તે એકનો એક છોકરો છે અને મુસાળની મીલકતનો પણ સંભવીત વારસ છે. તો પણ અરજીઓમાં દર્શાવ્યા મુજબ હુકમ કરવાની કાયદો આ કોર્ટને સત્તા આપતો નથી.

છોકરાને પોતાની સ્વતંત્ર ઇચ્છા શક્તિ અમલમાં મુકવા દેવી જોઇએ અને કોઇના પણ તરફથી દીલ અથવા અટકાવ થયા સિવાય તેની જ્યાં ઇચ્છા થાય ત્યાં જવા દેવાનો હું હુકમ કરૂં છું. સુલેહનો ભંગ ન થાય તેટલુંજ પોલીસે જોવાનું છે.

(સહી) **ધીરજલાલ હ.**

સીટી મેજીસ્ટ્રેટ.

અમદાવાદ, તા. ૧૨-૧૧-૩૨

પ્રકાશક,—જમનાદાસ ટી. શાહ.
ચતુરલાલ વર્ધમાન શાહ.
( વઢવાણ શહેર )

જૈન ભાસ્કરોદય પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.

# સાગરજીની સકલશાસ્ત્ર પારંગતતા કે ઉત્સૂત્રપ્રરૂપણા?

## સાગરજી સત્ય સ્વીકારશે કે ઉત્સૂત્રભાષી કહેવરાવશે?

શ્રીમાન્ સાગરાનંદજીએ તા૦ ૧૫-૧૦-૩૨ ના "સિદ્ધચક્ર" પાક્ષિકના પૃષ્ઠ ૧૩ ઉપર "સાગર સમાધાન" નામના પ્રશ્નોત્તરમાં, પ્રશ્ન ૪૭ ના ઉત્તરમાં જણાવ્યું છે કે-"ધર્મબિન્દુ અને પંચવસ્તુ એ બન્નેના રચયિતા ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી છે. ધર્મબિન્દુમાં છ માસની પરીક્ષાનું જે લખેલું છે તે માત્ર સૂચના રૂપ છે" સાગરજી આમ કહીને શું કહેવા માંગે છે તે સમજી શકાતું નથી. અપવાદિક સૂત્રોને વિધાન તરીકે ઠોકી બેસાડવા અને વિધાનરૂપ સૂત્રોને સૂચના તરીકે હસી કાઢવામાં જ સાગરજીની સકલશાસ્ત્ર પારંગતતા છે કે 'સાઠી બુદ્ધિ નાઠી' એ ન્યાયે આજે સાગરજી સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાના અભ્યાસીઓની હસ્તિ જ ભૂલી જઇ જેમ આવે તેમ લખવામાં જ પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરાવવામાં જ પંડિતાઇ માની રહ્યા છે. મને લાગે છે કે વૃધ્ધાવસ્થાને લીધે સાગરજીની જ્ઞાનચક્ષુઓ નિરીક્ષણ કરવાને અશક્ત બની છે, તેથી આ પ્રમાણે લખી રહ્યા છે કે ઇરાદાપૂર્વક પોતાના કૃત્યોના બચાવ માટે જ લખી રહ્યા છે? ધર્મબિન્દુમાં તો સ્પષ્ટ લખ્યું છે કે-"**एवं कथितेऽपि साध्वाचारे निपुणमसौ परीक्षणीयः । यतः ।** અર્થ-એમ સાધુ આચાર સારી રીતે કહ્યા પછી પણ તે પુરૂષ પરીક્ષા કરવાને યોગ્ય છે. તે વિષે શાસ્ત્રમાં કહ્યું છે કે—

असत्याः सत्यसंकाशाः सत्याश्चासत्यसंनिभाः ।
दृश्यन्ते विविधा भावास्तस्माद्युक्तं परीक्षणम् ॥१॥
अतथ्यान्यपि तथ्यानि दर्शयन्त्यति कौशलाः ।
चित्रे निम्नोन्नतानीव चित्रकर्मविदो जनाः ॥२॥

—કેટલાક અસત્ય પદાર્થો સત્ય જેવા દેખાય છે અને કેટલાક સત્ય પદાર્થો અસત્ય જેવા દેખાય છે, એમ વિવિધ પ્રકારના ભાવ દેખાય છે. તેથી પરીક્ષા કરવી યોગ્ય છે. ૧.

—ચિત્રકર્મને જાણનારા પુરૂષો જેમ ચિત્રમાં નીચા ઉંચા સ્થળનાં ભાવોને બતાવે છે, તેમ અતિકુશળ પુરૂષો અસત્યને સત્ય જેવાં બતાવે છે. ૨.

"**परीक्षा च सम्यक्त्वज्ञानचारित्रपरिणतिविषया तैस्तैरुपायैर्विधेया। परीक्षाकालश्च प्रायः षण्मासाः ॥**" દર્શન, જ્ઞાન અને ચારિત્રની પરિપક્વતા સંબંધી પરીક્ષા તે તે ઉપાયો વડે કરવી. પરીક્ષાના સમયની અવધિ મોટે ભાગે છ મહિના છે."

આ મુજબ સ્પષ્ટ શબ્દો છે કે પરીક્ષા શા માટે કરવી? તો કેટલા કુશળ પુરૂષો કુશળ ચિત્રકારની માફક ભાવને બતાવી શકે છે માટે પરીક્ષા કરવી, આ જાતના શબ્દો હોવા છતાં સાગરજી આને સૂચના કહે છે એ સાગરજીની બુદ્ધિમત્તાની અને આસ્તિકતાની બલિહારી સિવાય બીજું શું કહી શકાય?

સાગરજી ત્યાર બાદ જણાવે છે કે-"દીક્ષા દીધા પછી જ સામાયિક આપવાનું છે અને તે આવશ્યકનું પહેલું અધ્યયન છે. આવશ્યક પૂરું થયા પછી દશવૈકાલિકના યોગ છે. ચોથું અધ્યયન સૂત્રાર્થ થયા પછી ગોચરી, સ્થંડિલાદિ વગેરેથી પરીક્ષા કરવાની છે, અને તે પરીક્ષા દીક્ષા લીધા પછી જ હોય છે. પંચવસ્તુમાં સાધુની ચર્યા વગેરે દેખાડવા દ્વારાએ પરીક્ષા કરવાનું જણાવ્યું છે અને તેથી દીક્ષા પછીથી જ પરીક્ષા નક્કી થાય છે. **છ માસની પરીક્ષા દીક્ષાની યોગ્યતા માટે નથી પણ આચારમાં તૈયાર થયો અને શ્રધ્ધાવાળો થયો તેની પરીક્ષા છે.**

સાગરજી ઇરાદાપૂર્વક ખોટું બોલી શાસ્ત્રના નામે ભોળી અને અજ્ઞાન પ્રજાને ભમાવવાનો અને શિક્ષિતવર્ગને વિતંડાવાદમાં નાંખી વાગ્જાળ બિછાવવાનો જે પ્રયત્ન ઉપરના વાક્યોમાં કર્યો છે તે એક સાધુતાને અજવાળતો અને ભગવંત મહાવીરના શાસનમાં સાધુતાને લજવનારો હોઇ સાગરજી પોતાના જ શબ્દોમાં ઉત્સૂત્રભાષી છે.

સાગરજી પોતે જ એક વખત કહે છે કે એ **સૂચનારૂપ** છે, હવે કહે છે કે છ માસની પરીક્ષાનું જે લખેલું છે તે દીક્ષા પછીની પરીક્ષા માટેનું છે અર્થાત્ વડી દીક્ષા માટેનું છે, આમાં સાગરજી જે દલીલ કરે છે તે ઇરાદાપૂર્વકની અપ્રાસંગિક છે. કારણ ધર્મબિન્દુમાં તેમજ ધર્મસંગ્રહ તથા પંચવસ્તુમાં પરીક્ષાના દિવસો દરમ્યાન તે ઉમેદવારને સામાયિકાદિ સૂત્રો આપવા એટલે ભણાવવા સંબંધે આ પ્રમાણે લખેલું છે-
"**तथा सामायिकसूत्रं अकृतोपधानस्यापि कण्ठतो वितरणीयं अन्यदपि सूत्रं पात्रतामपेक्ष्याध्यापयितव्यम् ॥२४॥ धर्मबिन्दु**"
અર્થ-તેમજ સામાયિકસૂત્રાદિ પણ ઉપધાન આદિ વહેલ ન હોય તેવાને પણ મોઢેથી ભણાવવું અને તે સિવાયના બીજા પણ સૂત્રો યોગ્યતાને વિચારીને ભણાવવા.

શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજીના વખત સુધી એ પ્રથા ચાલુ હશે કે ઉપધાન વહ્યા સિવાય નવકારાદિક સૂત્રો ન ભણાવી શકાય, તેનું જે મહાનિશીથસૂત્રનું વિધાન છે. તે મુજબ અત્રે પણ લખ્યું છે, કે દીક્ષા લેનારે ઉપધાન વહ્યા ન હોય તો પણ મોઢેથી સામાયિકસૂત્રાદિ ભણાવી શકાય છે. સાગરજી એમની વાગ્જાળ અત્રે જ ફેલાવે છે અને તે એ કે સામાયિક આદિ જે આપવાનું કહ્યું છે તે સામાયિકાદિ સૂત્રો આવશ્યકનું પહેલું અધ્યયન છે અને તે આખુયે આવશ્યક પૂરું થયા પછી, દશવૈકાલિકના યોગ કર્યા પછી જ આચાર વગેરેની પરીક્ષા કરીને દીક્ષા આપવાનું છે. એટલે તે વડી દીક્ષા આપવા સંબંધે છે. તકરારને ખાતર સાગરજીની આ દલીલ સ્વીકારી લઇએ તો પણ એમાં એ શંકાનું તો સમાધાન કરવું જ પડશે. કે દીક્ષા આપ્યા પછી જ સામાયિકસૂત્ર આપવાનું હોય તો પછી ઉપધાન વહ્યા હોય કે ન વહ્યા હોય તેનો પ્રશ્ન જ રહેતો નથી. કારણ કે દીક્ષા લીધા પછી તો યોગવહન કરીને જ સૂત્રો ભણવાના હોય છે એટલે એ દલીલ પણ ટકી શકિત નથી. તેમજ સામાયિક સિવાયના બીજા સૂત્રો પણ યોગ્યતાને વિચારીને ભણાવવા માટે લખ્યું છે. હવે તો આ બધું દીક્ષા આપ્યા

# 'દીક્ષાપાર્ટી'ની મનોદશા-ન્યાયાધિશની સખ્ત ટીકા.

## સોસાયટીના સંચાલકો શાસનસેવા કરે છે કે તેનું અધઃપતન કરે છે?

પાટણના વતની કાંતિલાલ ભોગીલાલને તેર વર્ષની કાચી વયે અમદાવાદમાં દીક્ષા આપી કુસુમવિજય નામ આપેલું. તેની મા મણીએ તેનો કબજો લેવા અમદાવાદની કોર્ટમાં ફરીઆદ માંડેલી પણ તે વખતે તેના બાપ ભોગીલાલ સંસારી હોવાથી કોર્ટે તેનો વાલીપણાનો હક્ક માની માને દીકરો સોંપવામાં આવેલો નહિ, તે પછી તેના બાપ ભોગીલાલે દીક્ષા લઇ ભક્તિવિજય નામ ધારણ કર્યું. ઉપરોક્ત કુસુમવિજય ગયા ચોમાસામાં શ્રી રામવિજયજીની સાથે વઢવાણમાં ચોમાસું રહેલો અને ભક્તિવિજય (તેના બાપ) સાણંદમાં ચોમાસુ રહેલા. વઢવાણમાં કુસુમવિજય કંટાળવાથી ચોમાસું (કાર્તક શુદિ ૧૫ પહેલાં) પૂરું થવા પહેલાં ત્યાંથી રાતમાં છુપી રીતે નીકળી વેશ બદલી પોતાની માની પાસે પાટણ જવા નીકળ્યો. પણ દીક્ષા ઘેલા કહેવાતા શાસનપ્રેમીઓ મળવાથી અમદાવાદ ગયો. ત્યાં સ્ટેશન ઉપર ધમાલ થઇ અને કેસ કોર્ટે ચડયો. ખબર પડવાથી ભક્તિવિજય પોતાના આચાર છોડી ચોમાસું પૂરું થવા પહેલાં સાણંદથી મોટરમાં બેસી અમદાવાદ ઉપડયા. અને સંસાર છોડયો છે છતાં પણ કાંતિલાલનો કબજો લેવા કોર્ટમાં અરજી કરી દાદ માંગવા ઉભા રહ્યા. તેની મા મણીને ખબર પડવાથી ત્યાં આવી તેણે પણ છોકરાનો કબજો લેવા અરજી આપી. અમદાવાદના સીટી મેજીસ્ટ્રેટ મે. ધીરજલાલ એચ. એ તા૦ ૧૨-૧૧-૩૨ ના રોજ ચુકાદો આપતાં અયોગ્ય દીક્ષાના હીમાયતીઓને "દીક્ષાપાર્ટી" એ નામથી ઓળખાવી તેમના દાવપેચ, ખોટા તાર અને સાધુનાં મહાવ્રતોનો ભંગ કરાવી કરેલાં કૃત્ય સંબંધી કેવા ગંભીર શબ્દોથી ટીકા કરી છે તે વાંચકોની ધ્યાન ઉપર લાવવાની જરૂર હોવાથી અંગ્રેજીમાં જ ચુકાદાના ત્રણ પેરા મૂળ અને ભાવાર્થ સાથે નીચે પ્રમાણે રજુ કરું છું:-

(4) A statement of the boy was recorded by me, in wich he states that he left t'e 'Upasra' at Wadhwan secretly at night, as he wished to return to his 'Purva Ashram' i e worldly life. He wanted to go to Patan to his mother and was bent upon going there till he reached Ahmedabad. At the Railway Station, however, he was met by the members of the Diksha Party who told him that they have received a telegram from his father who is wishing to see him On this the boy changed his mind and now wishes to go to Sanand, although he states that he has no intention at present to take Diksha again

(5) I should state that the alleged telegram which is a hoax has changed the mind of the boy, who seems to be indecisive. No telegram has been produced before me and I suspect that it was a ruse to induce the boy to go to Sanand and then persuade him to take Diksha again for otherwise according to Jain religion a father, as soon as he takes the 'Diksha', has no connection with his son nor can he keep him in the 'Upasara'.

(6) The mother and the former father of the boy h ve filed writter applications to the court in which each party requests that the boy may be handed over to her or him I wonder why the former father, of the boy should take any interest in him as his son, since he has renounced all worldly connections with his relations I am surprised to see what frantic efforts have been made by the 'Diksha' party to drag the former father of the boy in this sad affair and made him to appear, in this court, to file a a Vakalatnama and to present a stamped application to this court. The poor Muni has been obliged to break his first and fifth vows which he took on his renunciation and the penalty for which as given in 'Dasa Vaikalik sutra' is very heavy viz, becomes censurable in this world and goes to hell in the next world. I very much regret that I have to mention this and it has been done simply to show to what length the leaders of the Diksha' party have gone and interested themselves to win over the boy and to show that there are grave chances of a breach of the peace among the two parties.

**ભાવાર્થ**–

(૪) છોકરાનું સ્ટેટમેન્ટ મેં લીધું છે, જેમાં તે જણાવે છે કે વઢવાણમાં તેણે રાત્રે છુપી રીતે ઉપાશ્રય છોડયો, કારણ કે તેને પુર્વાશ્રમમાં એટલે સંસારમાં પાછા જવાની ઇચ્છા થઇ, તેને તેની માની પાસે પાટણ જવું હતું અને અમદાવાદ

---

પછી મોટે હોય તો યોગ્યતાનો પ્રશ્ન જ રહેતો નથી. કારણકે દીક્ષા લીધા પછી સાધુ યોગ્ય આવશ્યક સૂત્રો તો ભણવા જ જોઇએ તેમાં યોગ્યતાનો પ્રશ્ન રહેતો જ નથી. એટલે સાગરજીએ અત્રે પોતાના સિવાય આખું જગત અંધ છે એમ માની કેવળ ઉત્સૂત્ર પ્રરૂપણા કરી અઘોર કર્મ બાંધ્યું છે. એમ ન્યાયને ખાતર કહ્યા સિવાય ચાલતું નથી. —સાધુ.

લી૦ સાધુઓનો ચરણ કિંકર.

કેશવલાલ મંગળચંદ શાહ

(૯)



પહોંચ્યો ત્યાં સુધી પાટણ જવાને તે મક્કમ હતો. પણ અમદાવાદ સ્ટેશને દીક્ષાપાર્ટીના સભ્યો મળ્યા. અને તેમણે તેને કહ્યું કે તેના બાપ તરફથી તાર આવ્યો છે જે તેને જોવા ઇચ્છે છે, આ ઉપરથી તે છોકરાનું મન બદલાયું અને હવે સાનંદ જવા ઇચ્છે છે, જો કે તે જણાવે છે કે ફરી તેને દીક્ષા લેવાનો ઇરાદો નથી.

(૫) મારે જણાવવું જોઇએ કે કહેવાતો તાર કે જે એક છેતરપીંડી છે તેથી છોકરાનું મન બદલાયું અને તેથી તે અનિશ્ચિત જણાય છે. મારી આગળ તે તાર રજુ કરવામાં આવતો નથી અને મને શક છે કે તે તાર તે છોકરાને આનંદ લઇ જવા લલચાવવાને અને ફરી તેને દીક્ષા આપવા સમજાવવાને એક દાવપેચ છે. કારણ કે જૈન ધર્મ પ્રમાણે બાપ દીક્ષા લીધા પછી તેના પુત્ર સાથે સંબંધ રાખી શકતો નથી તેમ જ તેને ઉપાશ્રયમાં પણ રાખી શકતો નથી.

(૬) તે છોકરાની માએ અને પુર્વાશ્રમના બાપે છોકરાને પોતપોતાના તાબે લેવા લેખી અરજીઓ આપી છે. મને આશ્ચર્ય લાગે છે કે પુર્વાશ્રમના બાપે તેના સર્વ સંબંધીના તમામ દુનિયાદારીના વ્યવહાર છોડી દીધા છે છતાં પણ તે છોકરાને તેના પુત્ર તરીકે માની હિત સંબંધ ધરાવવા પ્રયત્ન કરે છે. છોકરાના પુર્વાશ્રમના બાપને આવા બેહજનક બનાવમાં ઘસડવા, અને આ કોર્ટમાં હાજર કરી વકીલાતનામું દાખલ કરવા અને સ્ટેમ્પવાળી અરજી આપવા દીક્ષાપાર્ટી કેવા ગાંડા પ્રયત્નો કરે છે તે જોઇ મને ઘણી જ અગવડી ઉત્પન્ન થાય છે. બિચારા સાધુને પોતાનું પહેલું અને પાંચમું મહાવ્રત કે જે તેણે દીક્ષા લેતી વખતે લીધેલું તેનો ભંગ કરવાની ફરજ પડે છે. જેની શિક્ષા દશવૈકાલિકસુત્રમાં જણાવ્યા પ્રમાણે ઘણી જ ભારે છે એટલે કે તે આ અવતારમાં નિંદાને પાત્ર છે અને આવતા ભવમાં નરકમાં જાય છે. આ હકીકત જણાવતાં મને ઘણી જ ગ્લાનિ ઉત્પન્ન થાય છે. પરંતુ દીક્ષાપાર્ટીના આગેવાનો છોકરાને પોતાના પક્ષમાં લેવા કેટલી હદ સુધી પ્રયત્ન કરે છે. તે માત્ર બતાવવાને અને બંને પક્ષમાં સુલેહનો ભંગ થવાને કેવો ગંભીર સંભવ છે તે દર્શાવવાને આ હકીકત જણાવવી પડે છે.

ઉપર પ્રમાણે દીક્ષાપાર્ટીની ધમાલ સંબંધી ટીકા કરી પોતાને તે કેસનો છેવટનો નિકાલ કરવાનો અધિકાર નહિ હોવાથી મેજીસ્ટ્રેટે તે છોકરાને જણાવ્યું કે તેને જ્યાં જવું હોય ત્યાં જાય, તે ઉપરથી તે છોકરો પોતાની માની પાસે ગયો અને સરકારે પુરા પોલિસના બંદોબસ્ત સાથે તે છોકરાને તેની મા સાથે પાટણ મોકલ્યો.

પ્રિય વાંચકો! શું આવી ખટપટથી, તારની ખોટી વાતોથી અને દાવપેચ ભરેલી પ્રવૃત્તિથી જૈનશાસનની શોભા વધશે? ભક્તિવિજય સાધુને આવી રીતે પતિત કરવો તે શું ધર્મ અને શાસનપ્રેમીનું લક્ષણ મનાય? દીક્ષાપાર્ટીના અગ્રેસરો અને તે પાર્ટીને પૈસાથી પોષી રહેલા ગૃહસ્થો આવી આવી ટીકાઓથી નહિ સમજે? અને ધર્મને નામે મેળવેલા પૈસાનો આવો દુરૂપયોગ થતો હશે? આવા કાવાદાવાનું અદાલતના આંગણે પ્રદર્શન થવાથી સરકાર દીક્ષા ઉપર અંકુશ મૂકવા તૈયાર થાય તેમાં શી નવાઇ? સાધુ સંસ્થા! હવે તારી આંખ ઉઘાડ! સાધુ સમ્મેલન મેળવી તારૂં અધ:પતન થતું અટકાવ! કોર્ટમાં તારા આવા ભવાડાથી જૈન ધર્મ વગોવાય છે.

મહાસુખભાઇ ચુનીલાલ શેઠ.

# મી૦ શાહની ડાયરી પર દ્રષ્ટિપાત.

મી૦ શાહની ડાયરીના ચિત્રો યુવક હૃદયને સહજ સમજાવશે કે સમાજમાં સુધારણા કરવાના કાર્યો ઘણા પડેલા છે. મી૦ શાહની ડાયરીના આવા તો કેટલાયે ચિત્રો સંગ્રહિત છે જે અવસરે જનતા સમક્ષ રજુ થયા જ કરશે. એનું ક્ષેત્ર પણ અતિ વિશાળ છે. એમાં અમદાવાદ, ખંભાત, મુંબઇ અને ભાવનગર કે, પાલણપુર સૌ સમાઇ જાય છે. જેમ સામાજીક બનાવોની તારવણી છે તેમ ધાર્મિકની પણ છે જ. એમાં શેરી, ચૌટા કે ઘરના ખૂણા બકાતમાં નથી તેમ દેરાસર, નિશાળો કે ઉપાશ્રયના ખૂણા પણ આવી જાય છે. ટુંકમાં કહીએ તો સર્વ જાતની ઝાંખી પાતળી નોંધ છે જ.

આજે તો વિચારવાનો મુદ્દો એ છે કે આપણે યુવકો કેટલે સુધી મજલ કાપવા તૈયાર છીએ? કોઇ કાળે બધા સુધારા એકદમ થઇ શક્યા નથી. અને એક હાથે પણ બની શક્યા નથી જ. સુધારાનું ક્ષેત્ર ભલે વિશાળ રહે પણ યુવકે તો 'પગ જોઇને પાથરણું તાણવું' એ ઉક્તિ અનુસાર પોતીકા બળાબળનો પૂર્ણ વિચાર કરી જલદી પાર પડે તેવું અને અતિ અગત્યનું હોય તેને જ પ્રથમ હાથ લગાડવો જોઇએ.

પત્રિકો અને વર્તમાનપત્રોના હેવાલો પરથી એટલું તો તારવી શકાય છે કે માત્ર મોટા શહેરોના જ નહિ પણ ઓછી વસ્તીવાળા ગામોના યુવકોમાં પણ જાગૃતિની ઉષ્માના કિરણો ઠીક પ્રમાણમાં પ્રસરી ચૂક્યા છે. જરૂરનું તો એ છે કે એ બધાને પ્રથમ તકે સંગ્રહિત કેવી રીતે કરી શકાય એ માટે માર્ગ શોધવો. **'અયોગ્ય દિક્ષાનો સામનો'** એ મારી સમજથી એમાં પાયાનું કામ કરશે. એટલે કે એ બાબતમાં સર્વ સ્થળના વિચારો સરખા જ દ્દષ્ટિગોચર થાય છે. એવી જ રીતે સામાજીક રૂઢિઓ સામે બળવો અને ધાર્મિક ખાતાના દૂર કરવા અર્થેનું આંદોલન પ્રમુખ એમાં ચણતરનું કામ કરશે. એ વિષયો એટલા તો છણાયેલા છે કે હવે માત્ર એ સામે તક પ્રાપ્ત થતાં ઝુકાવનાર એકાદ જુથની જરૂર છે. વળી **'શારદા એક્ટ'**થી અને **'ટ્રસ્ટના કાયદા'**થી લડત લડવામાં અને માર્ગ નિષ્કંટક કરવામાં ઠીક સહાયતા પ્રાપ્ત થઇ છે. આટલા દ્દષ્ટિબિંદુઓ પર અંતરની લાગણીથી સતત કૂચ કરાતી રહે તો યુવકોના શીરે વિજયમાળા અવશ્ય પડવાની.

રખે કોઇ માની લ્યે કે આથી બીજા સવાલો ખોરંભે પડે છે! અગર તો એનો વિચાર કરવામાં દોષ છે! વિચારણામાં વાંધો ન જ હોય, બાકી એના ઉપચારમાં અવશ્ય મતભેદ હોય જ, એ સાથે હાથ ધરવાની ને તોડ આણવાની બાબતમાં પણ મુશ્કેલી હોય જ, કેટલીક વાર એવા સવાલો સારૂ સમયના પરિપાકની, વાતાવરણની અને પગ પર કુહાડો મારી પહેલ કરનારની રાહ જોવી પડે છે. હું દેવદ્રવ્ય અને વિધવાવિવાહને આ કક્ષામાં મુકું છું. એટલે જ યુવક સંગઠન વેળા એને સ્પર્શ કરવા પણ ઇચ્છતો નથી. વળી એ સવાલો જૈન સમાજના હાલના વાતાવરણને જોતાં અને એની અત્યારની દશા વિલોકતા એટલા બધા ગહન-કપરા અને યુવકો ઉપરાંત મહેરાઓની મદદની અપેક્ષાવાળા છે કે જેથી એમાં ભૂસકો મારવો કે એ પાછળ આંધળીયા કરવા.

યુવકોનું બળ એકત્ર થવાને બદલે શીર્ણવિશીર્ણ થવાનો મને સંપૂર્ણ ભય છે. મારૂં તો મંતવ્ય એટલું જ છે કે યુવકોની ધગશનો લાભ લેવો હોય તો પહેલી તકે બળ સંગઠિત થાય તેવા માર્ગે પ્રયાણ કરવાની અગત્ય છે. પૈસા કે લગવગ

# અમદાવાદ જૈનસંઘ અને હાલની અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ.

૧ હાલમાં જૈન કોમમાં આજ લગભગ આઠ દશ વરસથી જે દીક્ષા બાબતમાં બે પક્ષો પડેલા છે અને તેના પરિણામે જૈનોમાં ગામોગામ કુસંપના બીજ વવાયેલાં છે, તે કુસંપ જો વધારે વખત ચાલુ રહેશે તો જૈનધર્મની અત્યાર સુધી જાહોજલાલી વંશપરંપરાથી ચાલતી આવે છે તેમાં વધારેને વધારે કુસંપના બીજ રોપાશે.

૨ દિવસે દિવસે અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ વધતી જવાના પરિણામે વડોદરા રાજ્યમાં સંન્યાસ દીક્ષા પ્રતિબંધ સંબંધમાં કાયદો ઘડવાની જરૂરીઆત પડેલી અને તે પરિણામે કાયદો ઘડવાની બાબતમાં યોગ્ય કમીટિ નિમાયેલી છે અને તે કમીટિએ બંને પક્ષનો પુરાવો પણ લીધેલો છે. હવે ફક્ત કાયદો કરવો કે નહિ તેટલી જ બાબતના ઠરાવ કરવાનો બાકી છે.

૩ વડોદરા રાજ્યે જે કાયદો ઘડવાની બાબતનો ખરડો બહાર પાડેલો, તે વખતે તે ખરડા વિરૂધ્ધ અમદાવાદ જૈન સંઘે સમસ્ત સંઘ મેળવી તે બાબતમાં પોતાનો વિરૂદ્ધ મત પણ દર્શાવેલો અને તે વખતે થયેલા સંઘમાં પણ દીક્ષા સંબંધી યોગ્ય ઠરાવ અમદાવાદના જૈનસંઘે જેમ બને તેમ તાકીદથી કરવા નગર શેઠે પણ તે વખતે સમસ્ત સંઘ વચ્ચે સુચના કરેલી. પરંતુ તે બાબતને પણ આજ ઘણો વખત થયા છતાં જે સંબંધી યોગ્ય ઠરાવ કરવા સમસ્ત સંઘ ભેગો થઇ શકયો નથી કે સંઘની ખાનગી મીટિંગ પણ મળી તેમાં તે સંબંધી કાંઇ વિચાર સરખો પણ કરવામાં આવ્યો નથી.

૪ દીક્ષા સંબંધી વડોદરા રાજ્યમાં જ્યારથી આવો કાયદો ઘડવાની જરૂરીઆત પડેલી ત્યારથી જ અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ એટલી બધી વધી ગયેલી છે. હમણાં પાટણના એક જૈનભાઇ કાન્તિલાલે દીક્ષા લીધેલી અને જેનું નામ કુસુમવિજય પાડેલું, તેમણે થોડા વખત ઉપર વટવાણથી સંસારી કપડાં પહેરી અમદાવાદ આવેલા તે બાબતમાં જે પ્રવૃત્તિઓ ઉભી કરવામાં આવેલી છે. તે અત્રેના મે. ફ. ક. મેજીસ્ટ્રેટ સાહેબના આપેલા જજમેન્ટથી જણાશે કે રામવિજયજીના રાગી શ્રાવકોએ કેવી કેવી પ્રવૃત્તિઓ ઉભી કરેલી કે ચોમાસાના ચાતુર્માસમાં એક ગામથી બીજે ગામ મુનિમહારાજને જૈનધર્મમાં બાદ છતાં રાત્રે વિહાર કરી કોર્ટમાં પોતાના છોકરાનો કબજો લેવા અરજ કરાવેલી.

૫ વડોદરા રાજ્યમાં સંન્યાસ દીક્ષા પ્રવૃત્તિ પ્રતિબંધની ચાલતી તજવીજ અયોગ્ય દીક્ષા બાબતમાં કેટલાક વખતથી જૈનોમાં બે પક્ષો પડી ગએલા છે તે બાબતમાં સમાધાન થઇ એકત્ર થવા દિવાન બહાદુર ગોવિંદભાઈ હાથીભાઈ વગેરે ગૃહસ્થોએ સૂચના પણ કરેલી અને તેજ સૂચના ઉપરથી વિસનગરવાળા મહાસુખભાઇ ચુનીલાલે આપને સૂચના પણ કરેલી હતી. છતાં તે સૂચના વિરૂદ્ધ વીરશાસન તથા સોસાયટી સમાચાર પેપરમાં તેમના સામી અયોગ્ય ટીકાઓ કરેલી.

૬ હાલમાં મારા સાંભળવામાં આવ્યું છે કે ગઇ તા. ૨૭-૧૧-૩૨ રવિવારના રોજ શેઠ જીવાભાઇ તથા પોપટલાલ ધારસીભાઇ તથા એક સુરતના શેઠ સાકરચંદ તથા અમદાવાદના કેટલાક ગૃહસ્થો આપ સમક્ષ બંને પક્ષોની સમાધાની માટે સૂચના કરવા આવેલા હતા. જો આ હકીકત સત્ય હોય તો પ્રથમ અમદાવાદના જૈન સંઘે અયોગ્ય દીક્ષાપ્રવૃત્તિ જે હાલ ચાલે છે તે સંબંધી યોગ્ય ઠરાવ પહેલી તકે કરવા અમો આપશ્રીને તથા નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઇ વગેરે ગૃહસ્થોને નમ્ર વિનંતિ કરીએ છીએ અને બંને પક્ષો જેમ બને તેમ એકત્ર થવા આપશ્રી આપનો ભાતિભોગ આપવા ચૂકશો નહિ. જો કે બંને પક્ષો એકત્ર થવામાં દરેક મુનિમહારાજો તથા ગામોગામના સંઘની સંમતિ લેવામાં વખત ઘણો લાગશે. આશા છે કે આ બાબત જેમ બને તેમ પહેલી તકે આપશ્રી આપેલી સૂચના ધ્યાન ઉપર લેશો.

હાજાપટેલની પોળ,<br>અમદાવાદ તા. ૨૯-૧૧-૩૨. } બાલાભાઇ અમુતલાલ.

# પેથાપુર પ્રજાહિતાર્થે મંડળ સંબંધી ખુલાસો.

પેથાપુરથી એક 'સેવાભાવી' બંધુ લખે છે કે—

"પ્રબુદ્ધ જૈન", તા. ૧૯-૧૧-૩૨ ના અંકમાં એકભાઈ લખે છે કે—"પેથાપુરમાં પ્રજાહિતાર્થે મંડળની સ્થાપના કરવામાં આવેલ છે, પરંતુ તેમાં કેટલાક સંભાવિત-પ્રતિષ્ઠિત ગૃહસ્થ-વર્ગને ઇરાદાપૂર્વક અલગ રાખવામાં આવેલ છે, તો તે મંડળના કાર્યવાહકો આવો ભેદભાવ દૂર કરી, ગામની પ્રજાનો સંપૂર્ણ સહકાર મેળવી, નિઃસ્વાર્થભાવે સેવા કરી મંડળને એક આદર્શ મંડળ બનાવશે.

ખરેખર લખનાર ભાઇએ સત્ય સમજવાની તસ્દી લીધી હોય તેમ લાગતું નથી. પ્રજાહિતાર્થે મંડળના નામની સાથે જ એ અર્થ સંકળાયલો છે કે જે ભાઇની મનોવૃત્તિ સેવા કરવાને ઉત્કંઠા ધરાવતી હોય, બીજાનું ભલું કરવાની અહોનિશ હૃદયમાં રટના રહેતી હોય અને માનાપમાનની જપમાળા લીધેલી ન હોય, તે પછી ગમે તે કોમનો હોય, ગમે તે મતનો હોય છતાં તે હર પ્રકારે સેવા કરી શકે છે. આટલી સહેલામાં સહેલી વસ્તુસ્થિતિને બહારનો માણસ સારી રીતે સમજી શકે તો એક ગામનો જ મનુષ્ય અને સુશિક્ષિત તેમજ સંભાવિત ગૃહસ્થમાં ખપાવવા માગનાર જ્યારે આ અર્થ ન સમજી શકે ત્યારે દીલગીરી ભર્યુંજ કહેવાય.

હું તો તે ભાઇને પૂછું છું કે આપના હૃદયમાં સેવાભાવી બનવાની મહત્વાકાંક્ષા હોય! બીજાનું ભલું થતાં આપ આનંદિત થતાં હો! તો આપને મંડળમાં દાખલ થતાં તેમ આપ જેને સંભાવિત તેમજ પ્રતિષ્ઠિતમાં ખપો છો તેઓને પણ દાખલ થતાં મંડળ તરફથી અગર કોઇના તરફથી અટકાયત નહિ થાય એવું મારૂં માનવું છે માટે આપ સાહેબ આ ઉદ્દભવેલી સમજુતી દૂર કરી મંડળમાં સભાસદ તરીકે દાખલ ન થયેલા હો તો વિના વિલંબે દાખલ થઇ આપની બનતી મદદનો લાભ આપો એમ જરૂર ઇચ્છું.

---

બમર સુવકોના કામો પડયા નહિ રહે પણ સંકલિત શકિત તો જોઇશે જ. જે કામ શ્રીમાનો પૈસા અને લાગવગના બળે નથી કરી શકતા તે કામ લાગણીના જોરથી નિપજાવી શકાય છે. જરૂર છે માત્ર લાગણી પેદા કરવાની, અને તે ત્યારે જ બને કે જ્યારે જુદે જુદે સ્થળે વિખરાયેલી યુવક શક્તિ શૃંખલાબદ્ધ હોય. સુઘોષાનો નાદ થતાં જેમ બારે દેવલોક નિનાદિત થઇ રહે તેમ એક પડકાર પડતાં જ સર્વત્ર એનો ગર્જારવ થાય. આ શું અસાધ્ય છે?

"ચોકસી."

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

નાં૦ ગાયકવાડ સરકારને-

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'.

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો { શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. { વર્ષ ૨ જું, અંક ૭ મો.
વાર્ષિક રૂા. ૨-૮-૦ { તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીઆ. { શનીવાર તા. ૧૦-૧૨-૧૯૩૨.

## સમાજની સડેલ વ્યવસ્થા પુનરૂત્થાન માગે છે.

યુવક હૃદયને આજની સમાજ રચના પ્રતિ અણગમો થાય એ વાસ્તવિક છે. મનુષ્ય જાત આટલી પ્રગતિમાન બની તેની પાછળ લાંબો ઇતિહાસ છે. પરંતુ એ ભૂતકાળના ઇતિહાસને યુવક જનતા આજે માર્ગદર્શન રૂપી નથી સ્વીકારતી અને ભવિષ્યની ઇમારત માટે તેને પ્રમાણભૂત નથી ગણતી. આજના ક્રાન્તિકારક માનસને સઘળો એ ભૂતકાળ લોહીથી ખરડાયેલો લાગે છે. ઇતિહાસને પાને પાને અરાજકતા, લોહી પિપાસા અને ગરીબોને ચુંદવાની રીતિ માલુમ પડે છે. એ શાખા એ ઇતિહાસને બાળી આજનો ઉલ્લાસભર્યો યુવાન સમાજનું નવસર્જન કરવા ઇચ્છે છે. અને સમાનતા, સ્વાતંત્ર્ય અને ભ્રાતૃભાવની ભાવનાને ફક્ત અમુક બાબતમાં નહિં, પરંતુ સામાજીક, રાજકિય કે આર્થિક બાબતમાં અને એ પ્રત્યેક ક્ષેત્રમાં મૂર્ત થયેલી જોવા તલસે છે. આજે પ્રત્યેક દેશમાં એવું વિચારબળ એકત્ર થતું માલમ પડે છે કે જે વિચારબળ સાંપ્રત તત્વોને નિર્મૂળ કરી નવા જ આદર્શ અને નવી જ વિચારના મજુરારૂપી ઇંટોથી સામાજીક ઇમારતનું પુનર્વિધાન કરશે.

માણસ પ્રથમ પરિસ્થિતિએ એક હથ્થુ ગુલામી સ્વીકારતો, ત્યારબાદ પ્રજાસત્તાક-દેશના પ્રતિનિધિઓની સમિતિનું શાસન આવ્યું એટલે Democracy યુગના મંડાણ મંડાયા અને હવે તે કહેવાતી ડેમોક્રસીથી કંટાળેલ લોકસમુહ મૂડીવાદને બદલે શ્રમજીવિઓનું શાસન ઇચ્છતો થયો છે.

સમાજવાદના સિધ્ધાંતો આદર્શરૂપ લેખતાં કશોય વાંધો ન આવે, ફક્ત તેની સાફલ્યતા માટેની નીતિ-રીતિ માટે જ મતભેદ છે. આજે શાહીવાદી દેશોના કાયદાઓમાં સમાજવાદને થોડા ઘણા અંશે સ્થાન મળવા માંડયું છે તે સ્પષ્ટ વાત છે, અને આજના મૂડીવાદી દેશો બેકારી-ભૂખમરો અને આર્થિક અસમાનતા માટે કશાં પગલાં નહિ લે તો આ ત્રણ જ બાબતો મૂડીવાદની ભક્ષક બનશે એ સામાન્ય માન્યતા છે. જૈનદર્શનમાં પરિગ્રહ પરિમાણ વ્રત વિ. વ્રતો અને સાધર્મીવાત્સલ્ય વિષે જે જે કહેવાયલું છે. તે સામ્યવાદથી ભિન્ન નથી. પરંતુ તેમાં પ્રમાણ ફેર છે. કારણકે ઉગ્ર સમાજવાદ મિલકતનું નિકંદન કાઢવું. એ શરૂઆતની ભૂમિકા તરીકે લેખે છે. પરંતુ આ સિધ્ધાંત વિષયક વાત સામાન્ય વાંચકને ગળે ન ઉતરે; તેથી હું કેટલાક દૃષ્ટાંતો ટાંકી એ વિષયનું ખરૂં રહસ્ય સમજાવીશ.

ગઇ કાલે જ એવો હુકમ નીકળ્યો છે કે નવી દિલ્હિની ઇમારતો ચણનાર ૪૦૦૦ કામદારોએ તેમનાં ઝુંપડા છોડી; તે શહેરનો ખૂણો છોડી જવો આ હુકમ કેટલો બેહુદો લાગે છે તે ઉંડા ઉતરવાથી માલુમ પડી શકશે. જે મનુષ્યો તમારાં ભવ્ય આવાસોમાં છે, જે ગરીબ જનતા લોહીના પાણી કરી તમારા માટે ધન ધાન્ય પકાવે. જે ભૂખમરો સેવતા પુરૂષો અને સ્ત્રીઓ કહેવાતા લાજ કેશરમને બાજુએ મૂકી તમારી હલકામાં હલકી જાતની સેવા કરે તેને રહેવા ઝુંપડા ન આપી શકો? જે ભૂમિમાતાના સંતાન તરીકે તેમનો રહેવાનો હકક ઝુંટવી લ્યો. તો પછી ત્યાં માનવતાની અવધિ આવે છે.

તેવું જ હરિજનોનું દૃષ્ટાંત છે. એ સેવક વર્ગને આપણી સંસ્કૃતિમાં ગૌરવ માનતી પ્રજાએ કેટલો અવગણ્યો છે તે હવે જગજાહેર બીના છે. આજે અમેરિકામાં પણ ગુલામો પ્રત્યે તેવી જ વર્તણુક દાખવવામાં આવે છે. આવાં આવાં દૃષ્ટાંતો પરથી કેટલાક કરૂણહૃદયો જ્યારે સળગી ઉઠે છે ત્યારે તેમાંથી જે ભડકો નીકળે છે તે એટલો સખ્ત અસરદાયક નિવડે છે કે તે બાહ્યરૂપે જગજાહેર થાય છે. આજના સુંદરમાં સુંદર મગજો મૂડીવાદ પ્રત્યે ઘૃણાની દૃષ્ટિએ નિરખતા હોય તો તે ઉપરોક્ત પરિસ્થિતિને લઇને જ.

આજના સમાજને છેવટની સર્વનાશની પરિસ્થિતિમાંથી અટકવું હોય તો તેને માટે એક જ સુવર્ણ માર્ગ છે, અને તે એ કે દલિત અને પતિતને ઉંચા લાવવાં. આ વસ્તુ કાયદાથી શક્ય છે તે ફરજ રૂપે નથી હોતી. કારણકે સમગ્ર માનવજનતામાં તેવો હૃદય પલટો લાવવા મહાભારત પ્રયત્નોની જરૂર પડે. શાસનપધ્ધતિ એવી હોય કે મૂડીવાદીઓ પર વધારે કર નાખી સમાજનાં છેદાયેલ અને ચીમળાયેલ અંગોને પ્રફુલ્લિત બનાવે તો તે ક્રાન્તિના સબળ મોજાં સિવાય સમાનતા લાવવા ઉપયોગી થઇ શકે. કારણકે જેમ હજારો ગાડાં ભરે તેટલાં સાહિત્ય કરતા "શારદા એકટ" જ્યારે શાસનની છાપ સાથે બહાર પડયો અને તેનો સુંદર અમલ થયો. તેમ જ્યારે રાજ્યશાસન આવી જ નીતિથી શ્રમજીવિઓ અને જરૂરીઆત વાળી પ્રજા માટે તેના ધનભંડારોનો સદુપયોગ કરશે, તેમજ જ્યારે ધનિકો તેમના કૃપાદષ્ટિના પડળો ખોલી નાંખી પોતાની સામાજીક ફરજ સમજશે ત્યારે જ સમાજ કંઇક પુનર્રચના પામી શકશે. —નાનાલાલ દોશી.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર )

# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૦-૧૨-૩૨.

## ના. ગાયકવાડ સરકારને—

મહારાજાશ્રી !

આપ શ્રીમતે જ્યારથી રાજ્યની લગામ આપના હસ્તમાં લીધી છે, ત્યારથી સામાજીક સડાઓની બદી નાબૂદ કરવા કાયદાઓ ઘડી પ્રજાને જે રીતે રક્ષી રહ્યા છે—બચાવી છે. તેવી જ રીતે અત્યારના કટોકટીના પ્રસંગે પ્રજાહિતનો વિચાર કરી અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ ઉપર અંકુશ મૂકવા માટે 'સગીર સંન્યાસ-દીક્ષા પ્રતિબંધક નિબંધ' નો ખરડો તૈયાર કરાવી પ્રજા ઉપર આપે જે ઉપકાર કર્યો છે, તેને માટે આપ નામદારને અભિનંદન આપીએ છીએ.

સગીર સંન્યાસ-દીક્ષા પ્રતિબંધક નિબંધ પ્રથમ જનતાના અભિપ્રાયાર્થે બે માસ માટે જાહેરમાં રજુ કરી જનતાની લાગણીનું માપ કહાડવા ત્યાં હિન્સાહની ખાતર બન્ને પક્ષની જુબાનીઓ લેવા માટે આપે "કમીટિ" નિમેલી, તે કમીટિ સમક્ષ પડેલી જુબાનીઓ, દીક્ષા પક્ષ તરફથી કમીટિ ઉપર કરાવેલા તારો અને કાગળોનું ખુલ્લું થયેલું રહસ્ય તેમજ અયોગ્ય અને સગીર દીક્ષાના રજુ કરવામાં આવેલા દાખલાઓ અને પુરાવાઓ પરથી દીક્ષાપક્ષની સ્વરાગત ભરેલી વાતો જે કે ખુલ્લી થઇ ગઇ છે. છતાં તે પક્ષે 'સગીર સંન્યાસ-દીક્ષા પ્રતિબંધક નિબંધ' ને 'કાયદા'નું રૂપ આપવામાં આવશે તો સત્યાગ્રહ કરવાની અને બીજી લડાયક ધમકીઓ આપવામાં પાછી પાની નથી કરી. હવે જ્યારે એ 'નિબંધ' કોઇ પણ રીતે રદ ન કરાવી શકાયો ત્યારે આપ નામદારની સ્વારી રાજ્યમાં પધારેલી હોવાથી નિબંધ રદ કરાવવા આપની પાસે ડેપ્યુટેશન મોકલી, મનમાની વાતો કરી આપને સમજાવી લેવાની પેરવીઓ રચાય છે. એટલે આ પ્રસંગે નીચેની હકીકત ઉપર આપ નામદારનું ધ્યાન ખેંચવાની રજા લઇએ છીએ.

આજે સગીર બાળકોને દીક્ષા આપવા માટે અનેક પ્રકારના કાવાદાવાઓનો પ્રયોગ થઇ રહ્યો છે. દાખલા તરીકે—જે વાલીઓ પૈસાના લોભને વશ થઇ બાળક સાધુને સોંપે છે તેઓને પૈસાથી સંતોષવામાં આવે છે અને જે વાલીઓ પૈસા, સ્વર્ગ કે સુશ્રાવકની પદવીની પરવા નથી કરતા તેમના બાળકોને નસાડી, સંતાડીને કે અન્ય પ્રલોભનો આપીને છુપી રીતે સાધુ બનાવવામાં આવે છે. અને તેમના વાલીઓના હૃદયમાં હમેશની હોળી પ્રગટાવે છે. વળી ઉમ્મરલાયક યુવાનોને પણ ભંભેરી, ભોળવી મૂંડી નાખવામાં આવે છે. એટલે તેમની પાછળ તેમની સ્ત્રી, બાળબચ્ચાં અને અન્ય કુટુંબી જનો રઝળી પડે છે. તેથી તેમને રક્ષણ આપવું એ રાજ્યની ફરજ છે. કારણ કે આજનો ભિન્ન ભિન્ન અને સાધુશાહીની પ્રબળ અસર નીચે દબાએલો સમાજ અન્યાય પામતી વ્યક્તિઓને ન્યાય નથી આપી શકતો.

એટલું તો નિર્વિવાદ છે કે—બાળકના જે વાલીઓ હોય, તેજ તેનું ભલું ઇચ્છનારા છે—તેના હિતેચ્છુઓ છે. વળી જે યુવાનો ઉપર કુટુંબનો આધાર છે તે કુટુંબને નિરાધાર અને બેકાર દશામાં રઝળતું મૂકીને સ્વેચ્છાએ કે કોઇના ભરમાવ્યાથી અગર કમાવાની ઉપાધિ કે વ્યવહારસ્થિતિમાંથી મુક્ત થવા માટે જેઓ સાધુવેશ ધારણ કરે છે. તેઓ પણ પોતાના કુટુંબની લાચાર દશા માટે જવાબદાર છે જ. હાલના સાધુઓમાં મોટો ભાગ આવો જ હોવાથી કેટલાય માણસો નિરાધાર બન્યા હશે એ ખુલ્લી હકીકત છે.

એ હકીકત પણ સ્પષ્ટ કરવાની જરૂર છે, કે—જે બાળકોના વાલી હોવાનો દાવો કરનારા પિતાઓ જ જેમ પૈસાના લોભે સગીર બાળિકાને બુઢ્ઢા સાથે પરણાવી એ કુમળી કળીને જીવતી દફનાવે છે. તેમ પૈસા ખાતર પોતાનું ગભરૂ બાળક શિષ્યની લાલસામાં પાગલ બનેલા સાધુઓને સોંપવામાં એ પિશાચ પિતાઓ જરાય વિચાર નથી કરતા અને બાળકના વાલી મટી દુશ્મન બની રહે છે. વળી આવી પ્રપંચજાળમાં ફસાઇ પડેલા બાળસાધુઓ જ્યારે દીક્ષા છોડી સીધે ઘેર જવા નીકળે છે. ત્યારે એ પ્રપંચજાળના પ્રેરકો-ભક્તો તેને કોર્ટમાં ઘસડી જાય છે. અને સંસારને અસાર માની સાધુ બનેલા પિતા સાધુત્વનું લીલામ બોલાવી પુત્રના વાલી તરીકે કબજો લેવા ઉભા થાય છે. હમણાં જ એક એવો બનાવ બન્યો છે. એક સગીર-બાળક-સાધુ, સાધુવેશનો ત્યાગ કરી ઘેર આવતો હતો, તેના વાલી તરીકે તેનો કબજો લેવા અમદાવાદની કોર્ટમાં એક સાધુએ પૂર્વાશ્રમના પિતા તરીકેનો દાવો રજુ કરી માંડેલી ફરીઆદને અંગે અમદાવાદના સીટી મેજીસ્ટ્રેટ સાહેબ ધીરજલાલ એચ દેસાઇએ આપેલો ચૂકાદો જોઇ જવા આપને વિનવીએ છીએ.

એ એક પ્રશ્ન છે, કે આ સંબંધમાં સમાજ કંઇ ન કરી શકે ? આપ જાણીને ખુશી થશો કે સમગ્ર જૈનકોમનું પ્રતિનિધિત્વ ધરાવતી અમારી શ્રીમતી જૈન શ્વે. કોન્ફરન્સે શ્રી જુન્નર અધિવેશનમાં અયોગ્ય દીક્ષાને અંગે ઠરાવ કરેલો અને તેજ મુજબ અન્ય સ્થળના શ્રી સંઘોએ પણ તેવા ઠરાવો કરેલા. પણ સગીરોને જ મુંડવાનો ધંધો લઇ બેઠેલા સાધુઓ અને તેમના થોડાક ભક્તો, કોર્ટ દરબારે ચઢીને, તોફાનો કરીને ઠરાવને અમલમાં પહોંચાડે છે. ઠરાવોનો ભંગ કરી સગીરોને મુંડે છે—અયોગ્ય દીક્ષા આપે છે. અને એમ કરી શ્રી સંઘે અને 'શ્રી. કોન્ફરન્સે' કરેલા ઠરાવને ઠોકરે મારવાનું અભિમાન લે છે. કોઇ સ્થળે સમાજે આવા પ્રકારની દાદાગીરીને દાબવા પ્રયત્નો કર્યા છે. છતાં આ થોડાથી એટલે સાધુઓથી બાળકોનું રક્ષણ કરવાને સમાજ અશક્ત નિવડી છે. એટલે જ તેના બચાવની જવાબદારી રાજસત્તાને માથે સ્વાભાવિક જ આવી પડે છે.

અલબત્ત જેમ 'બાળલગ્ન' અને 'સતી' થવાના પ્રતિબંધક કાયદાઓ પસાર થયા ત્યારે પણ ધર્મશાસ્ત્રોના નામે એ સમાજ હીતની શોષક રૂઢીઓના બચાવ કરનારા પણ બહાર આવેલા

(વધુ માટે જુઓ પૃ. ૫૫)

(૩)



# સા ગ ર જી.......પૈ સા.......રા ખે.......છે?

શાસ્ત્રોના મનમાનતા અર્થો કરી ઉત્સૂત્રભાષિતનું પાપ કરનાર શ્રી સાગરાનંદજી કેટલાય વર્ષોથી લાયક નાલાયકની તપાસ કર્યા વિના પૈસા આપીને જે આવ્યો તેને મુંડી નાખે છે. એમ ઘણા વખતથી લોકોની ફરીઆદ હતી, છતાં બીજાઓની સહીઓથી છાપાઓમાં લેખો લખી સતા થવાનો ખોટો દેખાવ કરનારની સાચી મનોદશા નીચેના કાગળો વાંચવાથી સમજાશે કે સાગરજી પૈસાની સગવડે બેકારોને મુંડી નાખવામાં કેટલા પાવરધા છે.

## સાગરજી બેકારોને રૂપીઆ મોકલી મુંડી નાખવાની કારવાઈ કરે છે તેનો નમુનો–

(૧)

શાંત દાંત મહંત ત્યાગી વૈરાગી સોભાગી પરોપકારી પરમાર્થ અર્થે જ સદ્બોધ આપી તારનાર અનેક પામરોને જ્ઞાનામૃત પાઇ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરાવનાર કૃપાસાગર પરમ સદ્ગુરૂ આચાર્યના છત્રીશ ગુણેયુક્ત શ્રીમદ્ આચાર્યશ્રી આણંદસાગરજી આચાર્ય મહારાજ શ્રી શ્રી શ્રીની પવિત્ર સેવામાં–પાલીતાણાથી લી૦ દાસાનુદાસ ચરણરજ સેવક નંદલાલ માણેકચંદની વિનયપૂર્વક ૧૦૦૮ વાર વંદણા અવધારશોજી. **આપે રૂ. ૧૫ તારથી મોકલ્યા તે મને મહુવા પહોંચ્યા છે.** મહુવા લગભગ વિસ દીવસ રહેલ. અને ત્યાં **તલકવિજયજી મહારાજને ખબર પડવાથી મને ઘણી હેરાનગતી થઇ એટલે મારી પાસેથી વીસી ખર્ચ કપડાં અપાવેલ તે ખર્ચ આપના આવેલ રૂપીઆમાંથી વસુલ કરી લીધું. બાકી ભાડા જેટલા રૂ. ૪ ચાર રહ્યા તે ખરચી પાલીતાણાભેગો થયો છુ–** બાકી ત્યાંની ઈત્યર હકીકત આપ પાસે કહીશ–મોતીવિજયજી મહારાજને પણ ત્યાંના શ્રાવક પાસેથી સાધન કરી અપાવવા ના કહેલી–તેથી અહીં આવ્યો. અહીં આપના શિષ્ય જયસાગરજી પાસે છું તે અહીંથી ગાડી ભાડાનું સાધન કરી દેશે તેવું કહે છે. તો આપ પાસે ચોક્કસ કાલે નીકળી પરમ દિવસ આવીશ. વિલંબ થવાનું કારણ નહિ ધારેલ સંકટ આવી પડ્યું તેથીજ. સેવક આપના દર્શનની પરમાકાંક્ષા રાખી પરોક્ષે પણ આપની પવિત્ર મુદ્રાનું ધ્યાન ધરે છે. ચોક્કસ અને **આજકાલમાં જ આવું છું. મુહૂર્ત જોવરાવી રાખશોજી.**

વાર–શનીવાર. તા૦ ૨૮-૬-૧૯

## સાગરજીના શિષ્ય મતિસાગર પણ ગુરૂના પગલે ચાલે છે તેનો નમુનો–

(૨)

દેવગુરૂ ભક્તીકારક સુશ્રાવક શા. હરસુખભાઇ ભાઇચંદ. **તમારે માટે અમોએ ગોઠવણ બધી બરોબર કરી દીધેલી** છે. અને તમારી મેથની પેઠે રાહ જોવાય છે. તમારે માટે તમારા ઉપર ગામ માતરમાં ચાર કાગળ મોકલ્યા છે. અને એક માણસ મોકલ્યું હતું તેથી ખબર આવી કે ચાર દિવસથી ગામ ગયેલા છે પણ ક્યાંથી તમારો જવાબ આવ્યો નહીં પણ આજ રોજે તમારો પત્ર આવ્યો છે વાંચીને ખીના જાણી છે આ કાગળ વાંચીને તમારે તરત અહીં આવવું **તમારૂં કામ કરી દીધા પછી આગળ વિચાર કરીશું તે વાતમાં તમારે પડવા જેવું નથી** માટે તમો આ કાગળ વાંચીને અહીં તરત આવજો. **એક જણ તમારૂં કામ કરે કે છે એવું મેળવી દીધેલું છે. માટે તમો આ અવસર કદી ભુલશો નહી** પછીથી તમોને ઘણો પસ્તાવો થશે અને અમો પછીથી તમારા કામમાં ઉભા રહેવાના નથી. આ તમોને નક્કી જણાવવામાં આવે છે માટે તમો સમજણ હો તો તાકીદથી આવીને તમારૂં કામ તમો કરીને જગતનું સફળપણું કરો એવું તમને ટુંકામાં જણાવવામાં આવે છે. **ત્યાંની જાળમાં તમો ફસાસો નહીં પાછળથી તમને પસ્તાવો થશે માટે આંખો મીંચીને કુવામાં પડશો નહીં** તે જાણીને આ કાગળ વાંચીને કોઇને પુછયા વિનાજ તમારે અહીં આવવું. ભુલશો નહી.

લા: મતિસાગર. તા૦ ૯-૧-૧૮

આ કાગળને વાંચીને નાશ કરી દેજો.

## સાગરજીના એક વખતના વહાલા સેક્રેટરી આનંદવિજયના શિષ્ય કમળવિજયજીનો કાગળ, જેમાં પણ રૂપીઆને મુંડવાની જ કાર્યવાહી.

(૩)

સ્થાના } શ્રી જિનાય નમ: તા૦ ૨૫-
આમોદ } ૭-૧૯

શાન્ત–દાન્ત–મહાન્ત–ત્યાગી–વૈરાગી ઔદાર્ય ગાંભિર્ય–ક્ષમ અનેક ગુણે કરી અલંકૃત શ્રીયુત મુનિરાજ શ્રી આનંદવિજયજી.

અત્રેથી–મુનિ–કમળવિજયની વંદના ૧૦૦૮ સ્વીકારશોજી–આપ અને દેવગુરૂના પસાયથી સુખસાતા વર્તે છે–આપની તરફના સુખસાતાના કાગળો લખવા મહેરબાની કરશો–લખું છું કે. તમોને ફુરસદ નથી–પન થોડી ફુરસદ લઇ કાગળ લખશો. બીજને દીવસે સુરત ઉતારગાંમ આવેલ. પણ આડાના દીવસ કમ હોવાથી આપ સાહેબોને મળવા આવ્યો નથી–તે માફી માંગું છું કુમુદવિજયજી તથા વિજયસાગરજી સુરત ખાતે પાછા આવ્યા હશે. તેને હાલ દસ વરસ સુધી પંન્યાસ પદવિ લેવી નથી–પણ પુજ્ય મહારાજ–સર્વ જીવના કૃપાલુ આચાર્યજી મહારાજ બહુ આગ્રહ કરે છે–પણ લેવા વીચાર નથી–કઠોરમાં વાત થઇ હતી–અમરવિજયજી ક્યાં છે **–વાલજીને માટે રૂ. ૨૫) મોકલાવ્યા** છે–કાંતિમુનિજી સુખશાંતે છે–મારા કાગળો આપ પાસે ત્રન ચાર આવેલા છે. તે ટપાલ મરફતે મોકલી આપશો–મારા પર કૃપા છે તે જાણી લેવું–જે સૂત્રની નકલોનો ધ્યાન રાખશો–મહારાજજીને–તથા પંન્યાસજી મહારાજને વંદના ૧૦૦૮ કેશોજી.

મારા નામથાક કૃપાલુને અનુવંદના કેશો.

દા: કમળવિજય.

# સાગરજીની સકલશાસ્ત્ર પારંગતા કે ઉત્સૂત્ર પરૂપણા?

## સાગરજી સત્ય સ્વીકારશે કે ઉત્સૂત્રભાષી કહેવરાવશે?

—ગતાંકથી ચાલુ—

સત્ય હકીકત તો એ છે કે પરીક્ષા કરવા માટે પોતાની પાસે રાખેલા તે ઉમેદવારને તેની યોગ્યતા જોઈને સામાયિકાદિ સૂત્રો ભણાવવા એમ સ્પષ્ટ લખ્યું છે. એટલે ૬ માસની પરીક્ષા સંબંધે જે ઉલ્લેખ છે તે સત્રના રૂપે પણ નથી કે નથી વડી દીક્ષા માટે, પરંતુ દીક્ષા માટે જ છે. અને તે વિશેષ રીતે સાબિત કરવા 'પંચવસ્તુ' માં શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજીએ જે લખ્યું છે તે વિચારી લઈએ. જુઓ પંચવસ્તુ, પત્ર ૨૦ ગાથા ૧૧૬ થી ૧૨૪.

**धम्मकहा अक्खित्ते पव्वज्जा अभिमुहंति पुच्छिज्जा ।**
**को ? कत्थ ? तुमं सुंदर ! पव्वयसि य किं निमित्तंति ? ॥११६॥**

—ધર્મોપદેશ વડે અથવા દીક્ષિતોના અનુષ્ઠાન વડે પ્રસન્ન થઈને પ્રવજ્યા લેવાને તૈયાર થયેલને પૂછવું કે—હે દીર્ઘાયુષી! તું કોણ છે? અને તું ક્યાંનો છે? તું શા માટે દીક્ષા લે છે? ૧૧૬.

**कुलपुत्तो नगराए असुहभवक्खय निमित्तमेवेह ।**
**पव्वामि अहं भंते ! इइ इ गेज्झो भयण सेसेसु ॥११७॥**

—દીક્ષા લેનાર ઉત્તર આપે—હે ભગવંત! હું નગરા નગરીવાસી કુલપુત્ર અર્થાત્ અમુકનો દીકરો અશુભ સંસારના ક્ષય માટે જ દીક્ષા લઉં છું; આમ દીક્ષા લેનાર ઉત્તર આપે તો જ લેવો. જો આ રીતનો સ્પષ્ટ ઉત્તર ન આપે અર્થાત્ કુલવાન ન હોય, દીક્ષા લેવાનું કારણ પણ વાસ્તવિક ન હોય તો સૂત્ર પ્રમાણે વિચારીને ભજના સમજવી, રાખવા લાયક હોય તો રાખવો. નહિ તો છોડી દેવો.

**साहिज्जा दुरणुचरं काउरिसाणं सुसाहुचरियंति ।**
**आरंभनियत्ताण य इह परभविए सुहविवागे ॥११८॥**

—ઉપર જણાવ્યા પ્રમાણે ઉત્તર આપ્યા પછી દીક્ષા લેનારને સામાન્ય માણસોથી ન પાળી શકાય એવી સાધુઓની ચર્યા જણાવે અને સાથે આરંભને પરિગ્રહથી નિવૃત્ત થયેલાને આલોક અને પરલોક સંબંધી શુભવિપાક—કર્મફળો પણ દેખાડે.

**जह चेव उ मोक्खफला आणा आराहिआ जिणिंदाणं ।**
**संसार दुक्खफलया तह चेव विराहिआ होइ ॥११९॥**

—સાથે સાથે એ પણ જણાવે કે—જેમ જિનેશ્વરોની આરાધેલી આજ્ઞા મોક્ષદાતા છે તેમ જ જો તેની વિરાધના કરવામાં આવે તો તે દુઃખફળને—સંસારફળને દેનાર છે. અર્થાત્ જો દીક્ષા લીધા પછી તેમાં જરાપણ ખોડખાંપણ લગાડીશ તો તું સંસારમાં ભમીશ એમ જણાવે. ૧૧૯

**जह वाहिओ अ किरियं पवज्जिउं कम्मवाहि खय हेउ ।**
**पच्छा अपत्थ सेवी अहियं कम्मं समज्जिणइ ॥१२१॥**

—તેજ રીતે ભાવક્રિયા એટલે ચારિત્રને કર્મવ્યાધિના ક્ષય માટે સ્વીકારીને અપથ્યસેવી એટલે ઉલટું વર્તન કરનાર વધારે કર્મોને ઉપાર્જન કરે છે.

**अब्भुवगयंपि स तं पुणो परिक्खिज्ज पवयणविहिए ।**
**छम्मासं जाऽऽसज्जा य पत्तं अहाए अप्पबहुं ॥१२२॥**

—ઉપર કહ્યું તેમ કહેણમાં કહ્યુ સાધુક્રિયા કહ્યા પછી દીક્ષા લેનાર તે માટે તૈયાર થાય કે—'આ ક્રિયાઓ મને કબુલ છે.' **એમ સ્વીકારે તો પણ તેને પ્રવચનોક્ત વિધિ પ્રમાણે તે દીક્ષા લેનારની છમહિના સુધી પરીક્ષા કરે.** યોગ્ય કે અયોગ્ય શિષ્યાદિને આશ્રીને ઓછી વધતી પણ મર્યાદા એટલે પરીક્ષાનો કાળ જાણવો. ૧૨૨

**सोभणदिणंमि विहिणा दिज्जा आलावगेण सुविसुद्धं ।**
**सामाइआइसुत्तं पत्तं नाऊण जं जोग्गं ॥१२३॥**

પરીક્ષા કર્યાબાદ યોગ્ય જાણ્યા પછી સારા મુહુર્તવાળા દિવસે વિધિથી સુવિશુદ્ધ રીતે સામાયિકાદિ સૂત્ર આપે—ભણાવે 'આદિ' શબ્દથી પ્રતિક્રમણ સૂત્રાદિ જાણવું.

**तत्तो अ जहा विहवं पूअं स करिज्ज वीयरागाणं ।**
**साहूण य वत्थाइपूअं च विहिं गुरू कुणइ ॥१२४॥**

**ततश्च तदुच्चारकाले 'यथा विभवं' यो यस्य विभवः विभवानुरूपमित्यर्थः, पूजां 'स' प्रविव्रजिषुः कुर्यात् वीतरागाणां जिनानां माल्यादिना साधूनां वस्त्रादिना**

પછી પોતાની સંપત્તિ અનુસાર તીર્થંકરોની પૂજા કરે, સાધુઓની ભક્તિ કરે અને તે પછી ગુરૂ આ પ્રમાણે (આગળ આવતો વિધિ કરે) ૧૨૪

ટીકાર્થ—તે દીક્ષા લેનાર વીતરાગ ભગવાનની માલ્ય—ફુલની માળા આદિથી અને સાધુઓની વસ્ત્રાદિથી પૂજા કરે.

પંચવસ્તુઓની ઉપરોક્ત ગાથાઓથી તો સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે છમાસની પરીક્ષા જેમ સાગરજી કહે છે તેમ દીક્ષાની યોગ્યતા માટેની નથી, એમ નહિ. પરંતુ દીક્ષાની યોગ્યતા માટે જ છે અને તે દીક્ષાના ઉમેદવાર સંસારી ગૃહસ્થની પરીક્ષા માટે જ છે. કારણકે સાધુપણામાં સાધુથી જિનેશ્વરદેવની ફુલની માળા આદિથી દ્રવ્યવડે પૂજા ભક્તિ કરવી એ મૂળથી જ વિરૂદ્ધ હોઇ સૌ કોઇ સમજી શકે તેમ છે. જો વડીદીક્ષા માટેનો પરીક્ષાનો કાળ સ્વીકારી લઇએ તો પંચવસ્તુના કથન મુજબ નાની દીક્ષા લીધેલ સાધુએ વડીદીક્ષા લેતા પહેલાં વીતરાગદેવની તથા સાધુઓની દ્રવ્યપૂજા એટલે જિનેશ્વરદેવની ફુલની માળા આદિથી દ્રવ્યપૂજા અને સાધુઓની વસ્ત્રાદિથી પૂજા કરવાનું કથન પણ સાથે સાથે સ્વીકારી લેવું પડશે. એટલે સઘળું કથન નાની દીક્ષાની પરીક્ષા માટે જ છે એ સિદ્ધ થાય છે.

સાગરજીથી પંચવસ્તુ તથા ધર્મબિન્દુ અજ્ઞાત હશે અગર એમણે નહિ જોયું હોય એમ કહેવું એ મૂર્ખતા જ છે. સાગરજી પોતે પંચવસ્તુ અને ધર્મબિંદુના નામ નિર્દેશદ્વારાજ ઉત્તર આપે છે. એટલે તેઓએ સઘળુ ગ્રંથો જોયા નથી એમ કહી શકાય જ નહિ. ત્યારે સાગરજી સકલશાસ્ત્ર પારંગત હોવાનો દાવો કરી વગર સમજે જ કહી નાંખ્યું છે એમ પણ ન કહી શકાય. સાગરજી આ ઉત્તર પોતાની શિષ્ય મોહની વૃત્તિને પોષવા ખાતર જે પ્રવૃત્તિ આદરી રહ્યા છે. તે પ્રવૃત્તિને શાસ્ત્રના નામ માત્રથી પુરવાર કરવાનો મિથ્યા પ્રયત્ન સેવીને ઇરાદાપૂર્વક ઉત્સૂત્ર પ્રરૂપણા કરી છે એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. કારણકે ઉત્સૂત્રો સંબંધમાં સાગરજી 'સિદ્ધચક્ર'ના 'સાગર સમાધાન'માંના

# જર્મનીથી પત્ર.

શાન્તિનિકેતનનો બી. એ. નો અભ્યાસ કરી જર્મનીમાં "જૈનીઝમ" નો અભ્યાસ કરવા ગયેલા ભાઈ શાન્તિલાલનો પત્ર.

—તંત્રી.

બોન. (જર્મની)

તા૦ ૧૫-૧૧-૩૨.

પ્રિય ભાઈ........

કહેવા પ્રમાણે આજે પ્રવાસ લખવાની શરૂઆત કરૂં છું. તે માટે ધન્યવાદની આશા નહિ તો ઉત્તેજનની આશા માણસ સ્હેજે રાખે.

હિન્દુસ્થાનમાં ઘણી જગ્યાએ પ્રવાસ કર્યાં, અને કદાચ તે પ્રવાસ દરમ્યાન અનેક નવા સ્ફુરણો પણ થયા હશે. આજ સુધી કોઈ દિવસ તેની નોંધ રાખવાની ઈચ્છા થઇ નથી, હા, એ ખરૂં કે કોઇએ તેની નોંધ રાખવાને ઉત્સાહ પૂર્યો ન્હોતો.

જ્યારે જર્મની આવવાનું થયું ત્યારે અનેક મિત્રોએ પ્રવાસ લખવાનું કહેલું. કેટલાકે કયાં પ્રવાસ લખીને મોકલવો તેના માટે માસિક-સાપ્તાહિકાદિની પણ સગવડ કરી આપી. પરદેશના પ્રવાસે હું કાંઇ આજે નવો નથી જતો! અથવા તો પરદેશ સફરમાંથી હું જ સુંદરતમ તરવ તારવી શકવાનો છું તેમ પણ નથી! તો પછી એવું કયું કારણ હોઇ શકે કે જેના લીધે મિત્રો તથા અન્યજનો મારી પાસેથી લખાણની આશા રાખે. અને મને પણ લખવાની ઇચ્છા થાય.

મને તેનું એક જ કારણ લાગે છે. લખાણની નૂતનતા જેટલી તેમાં આકર્ષક છે તેના કરતાં લખાણ લખનારની નિકટતા વધારે બળવાન છે. અને લખનારને પોતે અમુક વ્યક્તિઓ માટે લખે છે. તેનો આત્મસંતોષ હોય છે. સંબંધીઓને અને પરિચિતજનોને નિકટની વ્યક્તિઓના લખાણમાં સ્વાભાવિક વિકાસ હોય છે.

હિન્દુસ્થાનનો પ્રવાસ લખવાનું નહિ કહેવાનું કારણ તેની અતિ પરિચિતતા છે. "ઓહો! કલકત્તાજને! મદ્રાસજને! એ તો બધા આપણા બેઠા!" આ જાતના નીચા મહત્વને લીધે આપણે આપણા દેશની નોંધ રાખવાનું ઉચિત નથી ધારતા. જ્યાં સુધી માણસ દરિયો પાર ન કરે ત્યાં સુધીનું બધું સર્વ ઠેકાણે સામાન્યમાં લેખાય છે. અને તે સ્વાભાવિક છે. દરેક દેશમાં એવી માન્યતા છે. તે માન્યતાને ખરાબ માનવાને કંઇ કારણ નથી.

આટલું પ્રાસ્તાવિક-ગમે તે કારણ હોય, પણ પ્રવાસ લખું છું તે હકીકત જ છે-માત્ર લખું છું. તેટલું જ નહિ પણ કોઇ પ્રેરણાના આનંદમાં લખું છું, તે પછી ગમે ત્યાંથી ઉદ્દગમતી હોય.

બંદર ઉપર તમને બધાને મૂકીને જ્યારે સ્ટીમર રવાના થઇ ત્યારે તમારા બધાના વિરહે તરત જ વધારે જોર કર્યું. તે વખતે એક માત્ર પ્રવૃત્તિમાં મન લીન હતું-"હું તમારાથી જુદો પડું છું" આ વેદના વિચિત્ર છે, અનેક જાતની વિચારસરણીનું ઉદ્દગમસ્થાન તે બની જાય છે. 'હવે કયારે મળાશે?' 'મળાશે કે નહિ?' 'મળાશે તો કેટલાને મળાશે?' 'કેવી રીતે?' આવી કેટલીયે વિચિત્ર કલ્પનાઓ ગુંગળાવી નાંખે છે. કેટલીક વાર તો એવો કંટાળો આવે કે પથારીમાં હાથ પગાળી પરાણે તેમને દૂર કરવાનો વ્યર્થ પ્રયત્નો કરું.

આવું માત્ર બે દિવસ, ત્રીજે દિવસે સ્ટીમરના સાથીઓમાં મન લાગવા માંડયું. જયાં બહાર જઇ બેસવાની ઇચ્છા થઈ. કેટલાકની સાથે વાતો કરી રમ્યો. ઓળખાણો કરી. કંઇક કરવાની સૂઝ પડી. ત્રીજે દિવસે સાંજના અમારા વર્ગમાં સિનેમા હતો (Second Economy વર્ગમાં હમેશ સિનેમા નથી હોતો) જો કે બહુ જ રમુજ આવે તેવું તેમાં કંઇ જ

(વધુ માટે જુઓ પૃ૪ ૫૫)

## સાગરજીએ સગીરને મુંડી નસાડયો.

**સાદડી ( મારવાડ ) પાસે વાલી ગામના રહીશ મેઘાજી કેનાજીના દીકરા ગોપીલાલ, જેની ઉમ્મર વર્ષ ૧૫ ની છે, જેઓ ઘાટકોપર ઉપધાનમાં હતા. તેમણે માગસર સુદ ૭ મે થાણા અને કુરલાની વચમાં રાતના ટાઇમે નામચીન સાગરજીએ આ બાળકને મુંડી એક શિષ્ય સાથે નસાડી મૂકયો, બાળકના વાલીઓને ખબર પડતાં બાળકનો મોટો ભાઇ અમીચંદ બે ત્રણ ભાઇઓ સાથે ઘાટકોપર જઇ સાગરજીને ઘણું કહ્યું, અરે! ન કહેવાનું કીધુ છતાં આ નામચીન ધાડપાડુ સાંભળી રહી એજ જવાબ દેતા-'એના ખબર આવશે એટલે તમને ખબર આપીશ" આ પ્રમાણે સેંકડો વેણો સાંભળવા છતાં સમતા રાખીને આ નામચીન ધાડપાડુ સાધુએ ઉડાઉ જવાબ આપી વાલીઓને હાલ તો વિદાય કર્યા છે.**

પ્રશ્ન ૬૩ નો ઉત્તર આપતાં કહે છે કે-'અનુપયોગથી, સહસાત્કારથી સ્હેજે શાસ્ત્રવિરૂદ્ધ બોલાઇ જાય પણ તે કથનની અસત્યતા સમજાઈ જાય કે તુરત ક્ષમા માગે, તે કથન પ્રચાર ન પામે તેના માટે બનતું કરે. અગર તે કથન સામે મોરચા ન માંડે તે ઉત્સૂત્ર કથક કહેવાય. અને શાસ્ત્રવિરૂદ્ધ બોલેલ કથનને જગતમાં પ્રવૃત્તિ રૂપે દાખલ કરાવવા બનતો પ્રયાસ કરે. તેની ( ઉત્સૂત્ર કથન ) આડે આવનારા સત્ય પ્રરૂપકો, સત્ય પ્રરૂપણા અને સત્ય પ્રરૂપણાના સાધન પ્રસંગોને જમીનદોસ્ત કરવા અનેકવિધ કાર્યવાહી ચાલુ રાખે તે ઉત્સૂત્ર પ્રરૂપક અને તેવા ઉત્સૂત્ર પ્રરૂપકને ઉત્સૂત્ર ભાષી તરીકે બનતી ઉતાવળે જાહેર કરવો અને ત્યાગ કરાવવા માટે સર્વશક્તિ વાપરવી જોઇએ.

સાગરજી સત્ય સમજી સ્વીકારીલે એમ ઇચ્છીએ, પરંતુ **'એ દિન કહાંસે કે મિઆંકે પાઉંમે જુતિઆ'** સાગરજીએ કોઇ પણ દિવસ સત્ય સ્વીકાર્યાનું સાંભળ્યું નથી છતાં સ્વીકારીલે એમ ઇચ્છીશું. સાગરજી સત્યન જ સ્વીકારે તો સાગરજીના પોતાના શબ્દો અનુસાર સાગરજી ઉત્સૂત્ર પ્રરૂપક ઠરે છે. અને તેઓના પોતાના જ શબ્દોમાં તેવા ઉત્સૂત્ર પ્રરૂપકને બનતી ઉતાવળે જાહેર કરવો જોઇએ, તો આથી સાગરજીના ધર્મપ્રેમી (?) શાસન પ્રેમી(?) ભકતોને વિનતિ કરૂં છું કે આ શબ્દોનો ઉપયોગ સાગરજીએ બનેલાઓ માટે છે કે તેવી પ્રવૃત્તિ કરનાર માત્રને માટે છે. અને જો દરેકને માટે હોય તો **સાગરજીને પણ ઉત્સૂત્રભાષી જાહેર કરવા તેમના ભક્ત તો તૈયાર થાય.** એજ અભ્યર્થના.

# લોકસાહિત્ય અને જૈનો.

લેખકઃ— નિશાકાન્ત.

સાહિત્ય અર્થાત્ પ્રજાજીવનની ભૂતકાળની સંસ્કૃતિનું રેખાદર્શન કરાવનાર શાસ્ત્ર. પરંતુ આ શાસ્ત્રમાં વ્યાકરણ આદિનો દોષ ન હોઇ શકે. પ્રજાજીવનનાં મોંઘા મૂલા આદર્શોને પ્રશસ્તિ પર સાચવી યુગ પછી યુગને ભૂતકાળનું પ્રજાજીવન ઉદ્બોધનાર શાસ્ત્ર તેજ સાહિત્ય. પરંતુ આજે તો એવા સાહિત્યની વાત છે કે જેના લખનારાઓએ કદી કલમની કમર પણ પકડી નથી, એવા લોક-સાહિત્યનો વિષય અત્રે ચર્ચવામાં આવશે.

ગૌરવશાળી ગુજરાતના સાહિત્ય ભંડારમાં જૈન પ્રજાએ ભૂતકાળમાં ઓછો ફાળો આપ્યો નથી. ભારતના ઇતિહાસમાં કે અધ્યાત્મમાં, વિજ્ઞાનમાં કે જ્યોતિષમાં, ગણિતમાં કે લેવા કોઈ પણ પ્રકારના વિષયમાં જૈન પ્રજાનો ફાળો નથી તે તો ન જ કહી શકાય.

જો કે કેટલીક વ્યક્તિઓએ જૈન સાહિત્યનો પ્રસ્તાવ કરી જૈન સાહિત્યના ઇતિહાસમાં અકથ્ય ફાળો આપ્યો છે. પરંતુ તેમનો ફાળો, તેમની ક્લિષ્ટ ભાષાના પ્રભાવે સામાન્ય લોકસમૂહમાં જોઇતી પ્રિયતા પામી શક્યો નથી. કહેવાનું તાત્પર્ય એ કે પ્રજાનું સાચું હૃદય ઉક્ત સાહિત્યકારો પારખી શક્યા નથી. આનું પરિણામ એ આવ્યું કે સામાન્ય પ્રજાનો જોઇતો ચાહ પ્રસ્તુત સાહિત્યકારો સંપ્રાપ્ત કરી શક્યા નથી. આ તેમની સાહિત્યની જડબાંતોડ ભાષાને આભારી છે.

આવા સાહિત્યકારોએ ભૂલવું જોઇતું નથી કે શ્લેષાર્થી ભાષાને રાજનગરના ઋષિએ સાબરમતીના ખળખળ કરતાં નીરમાં ક્યારનીયે વોસરાવી દીધી છે. એ વોસરાવ્યા પછી તો સાહિત્યમાં નવયુગ બેઠો છે અને તેનો સાક્ષાત્કાર નડીઆદમાં નાગરિકો સમક્ષ અને બારડોલીના બહાદુર ખેડુતો સમક્ષ ભુલાભાઈ અને વલ્લભભાઈએ કર્યો છે.

ભારતને આંગણે પ્રજા આજે એવું સાહિત્ય વાંચ્છી રહી છે કે જે સાહિત્ય આમ અને ઉદ્દામ વચ્ચે એકતાનો તાર સાંધી ભારતનો પ્રજાવાદ અભેદ્ય રહી શકે. પરંતુ આ સાથે ભાષાનું વિશિષ્ટત્વ, ભાષાનું ગૌરવ, ભાષામાધુર્યનું ખંડન ન થાય એ સાહિત્યકારને હૃદયે જ વસવું જોઇએ.

આધુનિક સાહિત્યમાં વપરાતી ઉચ્ચ ભાષા શિષ્ટ સમાજમાં વપરાય છે, આથી પ્રસ્તુત ભાષામાં લોકજીવનના શા શણગારો? શા રસો? શી મૌલિકતા? કે શું વૈવિધ્ય? શું ભર્યું છે તે સામાન્ય પ્રજાની વિચાર શક્તિથી વંચિત રહે છે. આથી તે સાહિત્ય કોઇ પણ પ્રકારની અસર નીપજાવી શકતું નથી. સાહિત્ય એવું હોવું જોઇએ કે જેનો એક એક સૂર કુંજે કુંજે, વને વને, ઘરે ઘરે ટહુકવો જોઇએ, કહેવા દો કે એ ટહુકતા સૂરને ઝીલવા પ્રજાવાદ સશક્ત હોવો જોઇએ. શિષ્ટ-સમાજના ઘરોની દિવાલો ભેદી જે સાહિત્ય ગરીબોના નેસડા સુધી જઇ શકતું હોય અને જેનો ભાવ એ નેસડાનો અભણ આદમી પણ સમજી શકતો હોય તે જ સાચું સાહિત્ય છે.

આવું સાહિત્ય વધુ વિકાસ પામી શકે તે માટે આપણે તે સાહિત્યની જનની લોક સાહિત્યને પોષણ આપવું જોઇએ. લોક સાહિત્યકારોએ કદી પાટીઓ અને કલમ પણ પકડ્યાં નથી, પણ જે મુખેથી સર્યું તે મુખપરંપરા ચાલ્યું આવ્યું. પરંતુ ઇસ્લામયુગના ભારત પછી સાહિત્યમાં બે ભેદ પડ્યા. વિશિષ્ટ અને લોક. આનું પરિણામ લોકસાહિત્ય પૂરતા પ્રમાણમાં વિકાસ પામી શક્યું નહિ, તેનું કારણ આપણી પ્રજા પરાજિત થતાં ભાષા પણ પરાજિત થવાનું માની શકાય. એક પરાયી ભાષાને ભારતને આંગણે પ્રાધાન્ય મળવાથી ઉગતી, ખીલતી અને આનંદની ઊર્મિ ઉરાડતી ગરવી ગુજરાતની ગૌરવી ગુજરાતી ભાષાનું યૌવન અકાળે કરમાયું. આનું પરિણામ લોકસાહિત્યકારો ઘટ્યા અને જે સાહિત્યકારો હતા તેમણે તે સમયની ગોઝારી સત્તાનતા ભય અને ત્રાસથી ઐક્યતાના તારને સાંધવાનો અવકાશ ન હતો. આથી અભેદ્ય ગુજરાતની પ્રજા અને ભાષામાં ભેદ પડ્યા. વિશિષ્ટ અને લોકસાહિત્ય. આ ઉક્ત સાહિત્યકારોના ધન લોભને પણ આભારી છે. તેમ જ શ્રીમંતની લોલુપતાને આભારી છે. પૈસાની પ્રતિષ્ઠા પર પૂળો મૂકવાને બદલે એ સાહિત્યકારો મહાલતી-ઝૂલતી લક્ષ્મીના ગુલામો બની એ સાહિત્યનો ફેલાવો કરવાને બદલે સાહિત્ય શિષ્ટભાષામાં પરંતુ ક્લિષ્ટાર્થી રચી વેચવા માંડ્યું. લક્ષ્મીનંદનોએ કીર્તિ ખાતર ખરીદવા માંડ્યું, અત્રે જણાવવું જોઇએ કે લક્ષ્મીનંદનોનો ઈરાદો કંઇ સાહિત્યકારોને મદદ કરવાનો ન હતો. પરંતુ કીર્તિની પાછળ ઘેલા બનેલા શ્રીમંતો પોતાનું અમરત્વ ઇચ્છતા હતા. આ ઘેલછાને પરિણામે ગૌરવી ગુજરાતનું સાહિત્ય વિકાસ પામી ન શક્યું. અને આથી ભાષામાં બે ભેદ પડ્યા. શ્લેષાર્થી ભાષાને સ્થાન મળવાથી લોકભાષા વિસારે પડી. "ચીલે ચીલે ચાલવા"ના સૂત્રાનુસાર અદ્યાપિ પર્યંત તે ભાષાજ અસ્તિત્વ ભોગવે છે જો કે ઇસ્લામયુગના ભારત પછી પેશ્વાયુગ, આંગ્લયુગ અને ગાંધીયુગનું ભારત થયું. તો પણ ભાષા યુગમાં પરિવર્તન ન થયું તે તો અફસોસજનક જ કહી શકાય. આધુનિક સાહિત્યકારોની સંકુચિત મનોદશાનું આ પરિણામ હોય તો તેમાં શંકા ઉપસ્થિત ન થાય તે માનવા યોગ્ય છે.

લોકસાહિત્યકારના અભાવે લોકસાહિત્ય પ્રત્યે પ્રજાની પ્રિયતા વધવાને બદલે ઘટે છે. આથી શું પરિણામ ઉપસ્થિત થાય છે? એક લોક ભાષાના કવિ કે સાહિત્યકારને આપણે ન્યાય આપી શકતા નથી. આપણી નૈસર્ગિકવૃત્તિના વિકાસના અભાવે કરી આપણે પ્રસ્તુત કવિ કે સાહિત્યકારને ન્યાય આપતા નથી એટલું જ નહિ પરંતુ ભાષાનો પણ ઉચ્છેદ કરી નાખીએ છીએ. આથી આપણે ભાષા પ્રત્યેનું આપણું મમત્વ ગુમાવી બેસીએ છીએ.

"Lady of the Lake" નામની કાવ્ય પુસ્તિકા, "Sir W. Scott" ના "મારી જન્મભૂમિ" નામના કાવ્યમાં જેમ સ્વદેશપ્રેમ વિહોણા માનવીને ટકોર મારી છે તેમ જ મારી ભાષાનું મમત્વ ગુમાવવા વિષે પણ હોઇ શકે. ભાષાનું મમત્વ જે માનવીને નથી તે પણ જીવતું અને જાગતું મૃતદેહ એમ ન માનવાને કોઇએ પણ ભૂલ ન કરવી જોઇએ.

આપણી પ્રાણ જેવી લોકભાષાને કોઇ એક ચિકિત્સક મળતાં નવચૈતન્ય આવવાથી આજે એ પૂર્વના લોકજીવનનાં

મોંઘામૂલા આદર્શો ગરવી ગુજરાતને ગામડે-ગામડે, શહેરે-શહેરે, બજારે-બજારે, પોળે-પોળે પુનઃ ઉદ્‌ઘોષી ઉઠ્યા છે. એ ઉદ્‌ઘોષણાનું રણશિંગું ફુંકનાર લોક સાહિત્યનો કવિ-સમ્રાટ્ '**મેઘાણી**' છે. કાઠિયાવાડના કાઠીઓને ડોલાવનાર, નિર્જીવનમાં પ્રાણ પૂરનાર કવિ મેઘાણીએ આજે એ લોકસાહિત્યને સજીવન કર્યું છે. તેમણે લોકસાહિત્યમાં "રઢીયાળી રાત" ના ચાર ભાગનું પ્રકાશન કરી લોકસાહિત્યમાં અકલ્પ્યગુણ ઉમેરાડ્યો છે. ચોથા ભાગમાં તેમણે કેટલીક જૈન સજ્ઝાયોને પણ સ્થાન આપ્યું છે. આ વિષય જેટલો હર્ષનો છે તેટલો જ હર્ષ-શોકના તત્ત્વોમાં પરસ્પરાવલંબી છે.

-અપૂર્ણ.

**જર્મનીથી પત્ર.** પૃ. ૫૩ થી.

નહોતું. તેમ છતાં વખત પસાર કરવા માટે કંઇ ખરાબ નહિ! તને એમ લાગશે કે-શું સિનેમા સિવાય વખત પસાર જ નહિ થતો હોય? જરૂર, બીજા ઘણાં સાધનોથી સમય વીતાવી શકાય છે. જેના નામો ગણાવવા એ અહિં અપ્રસ્તુત લેખાય. પણ અમે તો Second Economy-એટલે કે આ લાઇનના છેલ્લા વર્ગના માનનીય મુસાફરો, અને તેથી અમારૂં સ્થાન સ્ટીમરના તળીયે; આથી સમુદ્રની અસર વધારે થતી. એક તો સાગર તોફાની. અને તેમાં અમારા વર્ગનું કારણ વધારો કર્યું, ચોપડી હાથમાં લીધી કે ખલાસ. કેબીનમાં જઇ સુઇ રહે જ છૂટકો; અને તે વખતે સ્થિતિ બહુ શોચનીય થયેલી. તોફાન દરમ્યાન શરૂઆતમાં અમારા વર્ગની સ્થિતિ દર્શનીય થઇ રહેલી. કોઇ Smoking room માં ટેબલ ઉપર ઉંધું માથું નાખીને પડ્યું હોય તો કોઇ જરા દૂર મનાઈ છતાં ન છૂટકે વમન કર્યું હોય તો વળી કોઈ Smoking room ની બહાર આરામ ખુરશી પર જાણે છ માસની માંદગીથી મુખ લેવાઇ ગયું હોય તેવી હાલતમાં લથબથ થઇને પડ્યું હોય. કેબીનમાં પણ ઉલટી અને ઉપકાનું બહુ પૂછવું. મારી ઓરડીમાં લગભગ બધા જ સાથીઓ બૂમો પાડતા હતા. એક કહે- "I wish those who were ennying my boyage were in my s oes just now, to see, how terribly I suffer" (મને એમ થાય છે કે જે લોકો મારી અદેખાઇ કરતા હતા તે લોકો અત્યારે આ બધું જોવા મારી સગવડીમાં આવીને બેસે) બધાના શબ્દો મૂકવાને અહિં જગ્યા નથી અને મારી સ્મરણશક્તિ પણ તેવી તીવ્ર નથી. લગભગ બધા આવાજ ભાવનું કંઇક કંઇક લવ્યા કરતા હતા. મારી સ્થિતિ સારી હતી. પરંતુ તેથી પંડિતજીના કહેવા પ્રમાણે સ્ટીમરમાં ભગવતીસૂત્ર વાંચી જવા જેવી તો નહિ જ. આવી હાલતમાં અમારા ત્રણેક દિવસો પસાર થયા.

જે પરોઢીએ એડન આવવાનું હતું તે આખી રાત દરિયો તદ્દન શાંત હતો. બધાને જરા શ્વાસ ખાવાનો અને તાજા થવાનો સમય મળ્યો હતો. કેબીનમાં ગરમી હોવાને કારણે ઘણા ખરા મુસાફરો ડેક ઉપર પોતાની ડેકચેર ઉપર લાંબા થઇને પડ્યા હતા. એડન બહુ વહેલું પો ફાટતાં પહેલાં આવવાનું હતું. અને સ્ટીમર ત્યાં બહુ થોડો વખત જ થોભવાની હતી. કદાચ એડન જોયા વિના રહી જવાય તે ભયે મારી આંખમાં મુદ્દલ ઉંઘ નહોતી. લગભગ ત્રણેક વાગ્યે દૂરથી ખડક સાખની દીવાદાંડીઓ દેખાવા માંડી. એડનનું બંદર કઈ પ્રકારનું હશે તેનો ખાસ ખ્યાલ ન હોવાને લીધે મેં ધાર્યું તેજ એડન છે. આ ગફલતમાં "એડન આવ્યું, એડન આવ્યું" બૂમ પાડી. મેં મુસાફરી દરમ્યાન થયેલા એકાદ બે સાથીઓને ઉઠાડ્યા. તેમાંના એકને એડનનો બહુ અનુભવ હોવાથી, પરોઢીઆની ઉંઘનું આવું નિરર્થક ભંગાણ અસહ્ય થઇ પડ્યું. પ્રાતઃસ્મરિત વાંચન મારો ગુન્હો હોવાથી વિના ઉચ્ચારે વધાવી લીધું.

એડન આવ્યું તેટલામાં ડેકના કઠેડા પાસે મુસાફરો ઉભરાઇ આવ્યા. દૂરથી પાઇલટ હોડી સ્ટીમરને ખેંચવા વ્હીસલ મારતી મારતી અમારી તરફ આવવા માંડી, તેની પાછળ નાના મછવાઓની એક હાર હતી. તેમાં આરબો વસ્તુઓ લઇને વેચવા આવેલા, સ્ટીમર પાસે આવી થંભ્યા અંગ્રેજીમાં "સર સીગરેટ, સર ચોકોલેટ" વિગેરે વસ્તુઓના વેચાણની માગણી કરવા માંડ્યા. આ વેચનારા આરબો એ વિચિત્ર જાત છે: બહુ જ અપ્રમાણિક, લફંગાડી અને અસભ્ય. એમની વિચિત્ર અંગ્રેજી-હિન્દી-ઉર્દુ બોલી, એમની રકઝક અને એમનો વેષ કેટલીકવાર ઘણાપાત્ર લાગે. કેટલાક લોકોએ સસ્તી દાણ-કર વિનાની સીગરેટાદિ વસ્તુઓ ખરીદી. સાડા સાતે અમે એડન છોડ્યું.

નાસ્તો કરીને જ્યારે ડેક ઉપર આવ્યો ત્યારે સૂર્ય જરા ઉપર આવ્યો હતો. બધું સ્પષ્ટ જણાતું હતું. મુસાફરો રાતના આરામ પછી ઘણા તર થયેલા જણાતા હતા. ડેક ઉપર કોઇ ચોપડી, તો કોઇ કંઇ રમત, તો કોઇ સાગરનું સૃષ્ટિ સૌંદર્ય નિહાળવામાં લીન હતા. એડન છોડ્યા પછી અવારનવાર ખડકની હારો બન્ને બાજુ જણાયા કરતી. દરિયો તદ્દન શાંત હતો. તેથી ઉભાના આછા રંગમાં ખડકોની વચ્ચે કોઇ સરોવરની ઝાંખી કરાવતો. મુસાફરો શમશીતોષ્ણ વાતાવરણમાં મ્હાલતા હતા. આજના માટે આટલું બસ!

લી૦ તમારો-

**શાંતિ.**

**ના. ગાયકવાડ સરકારને-** પૃ. ૫૦ થી.

અને ઘણીય ઉહાપોહ થયા છતાં પ્રજાહિતને દૃષ્ટિ સમક્ષ રાખીને જેમ એ કાયદાઓ પસાર થયેલા છે. તેજ પ્રમાણે પોકળ ઉહાપોહ કે કલ્પિત દલીલો કરતાં પ્રજા હિતનેજ દૃષ્ટિ સમક્ષ રાખી આપ 'નિબંધ' ને 'કાયદા' ના રૂપમાં ફેરવવા મહેરબાની કરશો એવી આશા છે.

ઉપર સૂચિત અમારી શ્રીમતી કોન્ફરન્સે પણ એ નિબંધને વધાવ્યો છે અને આજે સમાજનો મોટો ભાગ પણ એ નિબંધને વધાવી રહે છે. કારણકે સમાજનું સુકાન રૂઢીચૂસ્ત અને એક જ ગરડમાં ચાલવાને ટેવાઇ ગયેલા અંધશ્રદ્ધાળુ આગેવાનોના હાથમાં હોવાથી કંઇ પણ બનવું અશક્ય છે. આજે શિથિલ બની ગયેલી જ્ઞાતિસંસ્થા અને સડી ગયેલી સમાજ વ્યવસ્થાનો લાભ લઈ એ થઇ બેઠેલા આગેવાનો સગીર દીક્ષા સંબંધમાં કંઈ પણ અસરકારક પગલું ભરી શકે એ 'આકાશ કુસુમવત્' જ છે. એટલે હવે રાજ્યસત્તા જ આ પ્રશ્નને હાથમાં લે અને સગીર સંન્યાસ-દીક્ષા પ્રતિબંધક કાયદો ઘડી અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ ઉપર અંકુશ મૂકે એ જ અનિવાર્ય સ્થિતિ છે. અમને શ્રદ્ધા છે, કે આપ નામદાર ઉપરની હકીકત લક્ષમાં લઇ 'નિબંધ' ને 'કાયદા'નું રૂપ આપી જૈન જનતા ઉપર ઉપકાર કરશો જ. અસ્તુ!

## એક પોરવાલ કન્યાકી કુરબાની.

पोरवाल जाति व ओसवाल जाति दोनुं जाति है. इसमें पोरवाल जातिकी वस्ती सिरोही, जोरा, मगरा व गोडवाड व सतावीसा, अढतालीसा, सीलावटी व सोराड आदि प्रान्तोंमें ज्यादा है. धनमें अन्धी है, हिंमतमें कमजोर हैं, शाह. मुलचंद जेताजी (उमर वर्ष ५० मु. अगवरी वरपडा) व शाह. गुलाबचंद जेताजी (कन्याके पिता. रहेनवाले गुंदवा. कन्याकी उम्मर वर्ष १२) दोनोंको मैंने कार्ड लिखाथा कि बेजोड विवाहकी बात कहां तक सही व सच्चा है? परंतु अभी तक कोई उत्तर नहि आया, पोरवालजाति व ओसवालजाति जसी दु:खसे दु:खी है जिससे और जातियां दु:खी है, लडकीयां गरीबोंको नहि मिलती, धनाढयोंकी लडकियां रुपयोंमें बेचकर विधवाका परिवार दिन दुना रात चौगना बढा रहा है. दुनिया काफी जग उठी है. माता पिता यह मान बैठे थे कि लडकी. उनकी एक मात्र पुंजी है. चाहे दान दे, दीक्षा दे, बेचे, जातिसे संबंध नहि, समाजके बंधन कडे व कठीण है. बालिका छोटी उम्मर व शर्मके खातिर अपने खुनी व कसाई माता पिता के प्रति कुच्छ बोल नहि सकती. इन्होंने अपनी पुत्रियोंका रोजगार खोल दिया. हजारो रुपये इन लडकियोंके गिनवाने लगते, हजारो वर्षां जातिके कारण पोरवाल पोरवालमें परणे तब जातिमें रहे. ओसवाल ओसवाल जातिमें परणे तब जातिमें रहे. खुन-हड्डी-मांस माथे-हाथ-लिलाडपर न पोरवालके छपका रहता हैं, न ओसवालही लिखा है, न महुवर लगा रहता है. यह जातिका भेद संसारिक कर्मके लिये हुवा वही गृहस्थधर्मको मटियामेट करनेवाला हो गया है. आज पोरवाल अपनी कन्याको दूसरी जातिमें बेचे तो कभी इतनी उंची रकम नहि मिलेगी. यानी लडका व लडकीका संबंध जातिसे है. जातिके सरीक होनेसे ही यह विवाह कहा जाता है.

यदि पोरवाल भाई इसमें सरीक न हो तो यह विवाह नहि कहा जायगा, पंच न्यातिके लिये बुलाये जाते है, पंचोंके मारफत सगाइ होती है, पंच पापी व पाखंडी व चिटोकडे हो गये. उनका अपने लडडुओंसे मतलब रह गया, वर वधुकी आयुसे कोई प्रयोजन नहि है, यदि पिता अपनी पुत्रीपर कुछ अन्याय अत्याचार करता है तो राज जुम्मेवार है. ठाकुरसाहिब विजयसिहजी अगवरी व गुंदवाके मांड्राजन ठाकुरसाहिब देवीसिहजीको निवेदन है कि वे इस मामलाकी जांच-पडताल करके इस पोरवाल बालिकाकी रक्षा करे या कुरबानी रोके.

मैं अजमेरमें इतना दूर हूं कि मैं जान नहि सकता कि यह सच या झुठ है. पोरवाल एक-एक गांवसे ठाकुरसाहिबके नामसे प्रार्थनापत्र जाना चाहिये. ठाकुरसाहिबही ईस कामका बीडा उठाले तो आगे बढनेकी जरूरत नहि रहे. ठाकुरसाहिब अच्छे विद्वान् व विचारशील है. उनके ठिकानेमें यह जुल्म नहि होना चाहिए.

मारवाड-गोडवाड आदि प्रदेशोंके समाज सेवा मंडल व नवयुवकोंको कमर कसके ईस विवाहपर तीरजोरोंसे ताज देना चाहिए, और यदि ईस विवाहको रोक दिया तो आगेके लिये एसे खुनी व समाजके खातरनाक विवाहोंको कालापानी हो जायगा.

जोधपुरस्टेटमेंके महकमोंमें अरजी वगेरा करके कन्याके पिताको व कन्याकी जमानत करा देना चाहिए, जिसे लडकीको हटा न सके, यदि छुपके विवाह कर डाले तो उसे विवाह करार नहि देना चाहिए. महा कृष्ण ६ (मारवाडी तीथी) के रोज सैंकडो नवयुवकोको वहां पहुंच कर इस बालिकाकी उद्धार करके एक नौजवानके साथ धूमधामसे ठाकुरसाहिबकी अध्यक्षता व छत्रछायामें विवाह करा देना चाहिए, परन्तु इसकी सफलता विचारशील, जातिप्रेमी, उत्साही मारवाडके ओसवाल व पोरवाल की हिंमत व हीकमत पर है.

युवको! सभा करके निश्चितरूपसे घोषणा कर डालोकि यह विवाह नहि होने देगा, मैंने नोटिस जोधपुरके अफसरोंके पास भेज दिये है. यदि लडकी व वरका फोटु कोइ भेज दे तो मेरा काम बहुतही सरल हो जायगा.

शाह. केशरीमल भंडारी. अजमेर.

वार्षिक मेला — श्री सच्चीपार्श्वनाथ तीर्थ मुः सच्ची, प्रगणा जालोरमें प्रतिवर्षके अनुसार मीति पोष कृष्ण १० (हिन्दि, गुजराती मागशर वदी १०) ता. २२-१२-३२ को भरा जायगा, जिसमें गुडाबालोतरा निवासी शा. हजारीमलजी खेतमल. कस्तुरजी और हरजीके समभाई केवडाजीकी तर्फसे भाता दी दिया जायगा. औरभी सज्जनोकी तर्फसे श्रीफल आदिकी प्रभावना दिया जायगा. पंचकल्याणी पूजा, आंगीरचना आदि धामधूमसे होगा, इस शुभ अवसरपर श्री उमेदपुरजैनबालाश्रमके विद्यार्थीगण आंगी व अपना ड्रामा, लेक्चर आदि करेगा. प्रार्थना है कि संघ मित्रमंडल सहित अवश्य पधारें. आनेवाले सज्जनोंको जालोरकी पंचतीर्थीकी यात्राका अलभ्य लाभ मिलेगा. एरणपुरा स्टेशनसे और जालोर (J. R.) स्टेशनसे मोटर, बेलगाडी और उंट आदि वाहन मिलते है.

## વિદ્વાનોને ખુશ ખબર.

### (ન્યાયનો અપૂર્વ ગ્રંથ)

જેની ઘણા સમયથી રાહ જોવાઈ રહી હતી અને જે કલકત્તા, મુંબઈ અને બીજી અનેક યુનિવર્સિટીના ગ્રેજ્યુએટના કોર્સમાં ન્યાય પ્રથમામાં, અને એજ્યુકેશન બોર્ડમાં દાખલ થયેલ છે, તે ન્યાયનો અદ્વિતીય ગ્રંથ "प्रमाणनयतत्त्वालोक" (પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર) કે જેને ન્યાયશાસ્ત્રના ધુરંધર વિદ્વાન્ વાદિદેવસૂરિએ બનાવેલ છે. તે સરલ અને સુંદર ભાવબોધિની નામની તદ્દન નવી અપ્રસિદ્ધ ટીકા સાથે થોડા સમયમાં બહાર પડશે. આ ગ્રંથને ન્યાય-કાવ્યતીર્થ, તર્કાલંકાર મુનિરાજશ્રી હિમાંશુવિજયજીએ એડીટ કરેલ છે અને જેમાં ફુટનોટ, પાઠાંતર, અનુક્રમણિકા આદિ આપી પ્રસ્તાવનામાં ગ્રંથ, ગ્રંથકાર અને જૈન ન્યાયના વિષયમાં સારો પ્રકાશ પાડ્યો છે. આટલી સુંદર કાગળમાં, ક્રાઉન સોળપેજી સાઈઝમાં લગભગ સવાબસો પૃષ્ઠના દળદાર ગ્રંથની કિંમત માત્ર રૂ. ૦-૧૪-૦ રાખવાના છે. પોસ્ટેજ અલગ.

મળવાનું ઠેકાણું:—

| | |
|---|---|
| મેસર્સ એ. એમ. એન્ડ કું. મુ. પાલીતાણા (કાઠીઆવાડ) | શ્રી વિજયધર્મ સૂરિ ગ્રંથમાળા છોટા સરાફા ઉજ્જૈન (માળવા) |

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3. and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

ધાર્મિક ક્રિયાઓમાં થતા અત્યાચારો.

Reg No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| છુટક નકલ ૧ આનો<br>વાર્ષિક રૂા. ૨-૮-૦ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.<br>તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૮ મો.<br>શનીવાર તા. ૧૭-૧૨-૧૯૩૨. |
|---|---|---|

## સાધુતા! શું ત્હારી આ દશા?

સાધુતા! "સાધુતા!" આ શું ત્હારી દશા? પતનના છેલ્લે પગથીએ બેસી મરણના છેલ્લા શ્વાસ લેતાં પણ તારાં બાળકો સામે જરી નજર તો કર! તારા ચારિત્ર બળ પર અનેક સલ્તનતો ઝુકી ઉઠતી અનેક રાજા મહારાજાઓ તારા પાયોનું ચરણામૃત મેળવી ધન્ય મનાતા. તારી શીતળતા અને અમૃત ઝરતાં વચનોપર અનેક ભક્તો ગાંડા થઇ જતાં. તારૂં તેજસ્વિ મુખારવિંદ જોઇ જનતા અંજાઇ જતી. સારીયે જૈન આલમ નહિ, પણ પૃથ્વિતળ તારીપાછળ ઘેલી થઇ ફરતી. પરંતુ ઓ સાધુતા! અત્યારે એ ક્યાં વિસાર્યું? અત્યારે તેમાંનું નામ નિશાન નથી તેનું કંઇ કારણ? આજે તને તારાં બાળકો હજારો ફીટકાર આપે છે! તિરસ્કારનો વરસાદ વરસાવે છે! અને આજે ઘણી પુત્રવિહોણી માતાઓ તારા નિંદકર્મોને સંભારી રોદણાં રોઇ રહી છે. ઘણી પતિવ્રતા સ્ત્રીઓ પોતાના ધણીના લેતા બળિદાને તને અંતઃકરણથી શ્રાપ આપે છે! અરે! ઓ! અત્યાચારની હદ ઓળંગી જતી સાધુતા! તપાસ કર! મ તાઓ ઝુરે છે! ભાઇ-ભાંડુ ઝુરે છે! પતિ રોદણાં રૂવે છે! અને સગાં સ્નેહિ ધિક્કાર વરસાવે છે! ઝાં નથી સમજાતું. ઓ! સાધુતા! કે શાથી આવો રાક્ષસી ભાવ તારામાં પ્રગટયો?

"શું" તું પતિતા તો નથી થઇને? કોઇની મોહપમાં, પૈસાની લાલચમાં અને માનાપમાનની ચકડીમાં ફસાણી તો નથી ને? જગત આજે માને છે કે-તને કેફ ચઢયો છે. મદ ચઢયો છે. લક્ષ્મિનંદનો તને ભરમાવી રહ્યા છે લાલચ આપતા થયા છે. તને તેની સહેમાં તાણી તારૂં અધઃપતન કરાવવા માગે છે. પરંતુ આ તો તને ન શોભે? પતિતા થયે નહિ પાલવે? લક્ષ્મિનંદનોની ગોદમાં ભરાઇ બેસવાનું ચાલુ રાખી ફીટકાર, ધિક્કાર અને શ્રાપો વ્હોરી લેવા કેમ ગમે? અત્યારે તો તારે દરેકને સમભાવે જોવાના છે. તારા બાળકો ઝુરે છે તેને અટકાવવાના છે. તારા માનનીય પુત્રો તારી લડાયક નીતિથી અંદર અંદર લડી નબળાં પડતાં બચાવી ઉન્નત બનાવવાનાં છે. પૂર્વની શિતળતા, મધુરતા અને તેજસ્વિતા પાછી મેળવવાની છે. અનેક પતિવ્રતા સ્ત્રીઓના અને માતાઓના આશિર્વાદ મેળવવાના છે. ઘણા દિવસો સુધી નિંદકર્મો ચાલુ રાખ્યાં; ઘણા ફીટકાર, ધિક્કાર અને શ્રાપો વ્હોર્યાં. પરંતુ મરણને છેલ્લે ટાણે પણ તારૂં જીવન ધન્ય મનાવ! અને જગતને બતાવી આપ કે મારા જેવી ગાળેલી પતિતાવસ્થા, કરેલા નિંદ્ય અત્યાચારોના રસ્તે કોઈ જાય દોરાશો નહિ. સાધુતા! "સાધુતા!" હવે વધુ કહેતો નથી. આટલા જ શબ્દો તારા માટે પૂરતા છે.

—શ્રી૦ ભોગીલાલ પેથાપુરી.

### મગનકુમાર જૈનીને આવ્હાન.

મુંબઇ તા. ૧૨-૧૨-૩૨

વીરશાસનના તા. ૯ ડીસેમ્બર ૩૨ ના અંકમાં "યુવક સંઘની કાવત્રાબાજીનો નાદર નમુનો" એ મથાળા નીચે તમારી સહીથી એક લેખ પ્રગટ થયેલો છે. તેના ખુલાસામાં તમારા કાગળોમાંથી બ્લોક કરાવીને જનતા આગળ રજુ કરવાના વિચારમાં જ હતા ત્યાં તા. ૧૨-૧૨-૩૨ ના રોજ તમારા તરફથી અને તમારા હાથે લખાયેલી નોટીસ મળી, તે નોટીસના અને તમે અમારા ઉપર જે કાગળો લખ્યા છે તેના અક્ષરો જોતાં આપ નામકાર જ(!)લખનાર છો એમ દીવા જેવું દેખાય છે. એટલે આપને હર્ષભેર આવ્હાન કરીયે છીયે કે-આપે નોટીસમાં જણાવ્યું છે તેમ, જેમ બને તેમ તાત્કાલિક કાયદેસર પગલાં ભરો જેથી અમારી પાસે તમારા હાથના લખેલાં જેટલાં કાગળો છે તે કોર્ટમાં રજુ કરવાની તક મળે અને તમારા જેવા બનાઉકળોની પોલ ખુલ્લી પડે. માટે મહેરબાની કરીને તાત્કાલિક કાયદેસર પગલાં ભરો.

પ્રબુદ્ધ જૈન કાર્યાલય.
૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ,
મુંબઇ ૩.

લી૦
ચન્દ્રકાન્ત વી. સુતરીયા.
તંત્રી "પ્રબુદ્ધ જૈન".

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૭-૧૨-૩૨.


## ધાર્મિક ક્રિયાઓમાં થતા અત્યાચારો.

ધાર્મિક ક્રિયાઓ આત્મશુદ્ધિ માટેનું સાધન ગણાય છે. ભૂતકાળમાં ક્રિયાઓમાં આપણો સમાજ ખૂબ માનતો પણ કાળના વહેવા સાથે એ પ્રથાઓમાં પરિવર્તન કરાવવાની જરૂર જણાઈ અને સમાજમાં તે માટે પ્રચંડ વાતાવરણ ઉભાં થવાં લાગ્યાં. જુનવાણીમાં માનતા રૂઢીચૂસ્તો અને હેમને ભંભેરનારા સાધુઓ આ બાબત માટે ખૂબ ઉશ્કેરાયા. અને ખુલ્લી રીતે આ પ્રચંડ પ્રવાહના સામે માથું ઉંચકયું. ધમાલો થઇ. લોહી રેડાયાં, છતાં હેની અસર સાધુઓ ઉપર જોઇએ તેવી ન થઇ. હવે ફરીઓ ઉપધાની નોબત આવીને ઉભી રહી છે. શિહોરમાં એક બનાવ હમણાં જ બની ગયો છે કે જે સાંભળી સમસ્ત સમાજ ચોંકી ઉઠયો છે. શિહોરમાં ઉપધાનની માળ માટે ઘી બોલવા જતાં આપસમાં છરી ઉડી અને એક બાળકને છરી લાગવાથી આ ફાની દુનિઆનો ત્યાગ કરી સમાજની રૂઢીચૂસ્તતા ઉપર શાપ વરસાવતો અદ્રશ્ય થયો છે. આવા એક કુમળા બાળકના ભોગથી અહિંસામાં માનતી જૈન સમાજ ઉપર એક ઘોર કલંક લાગ્યું છે. આવા કૃત્યો માટે ભદંભદો જવાબદાર છે. મોહનસૂરિને પાલીતાણા પહોંચવું પડયું છે. અને ત્યાં પણ ખૂબ ગમગીની પ્રસરી રહી છે. એટલે ધાર્મિક ક્રિયાઓમાં જે આત્મશુદ્ધિ થવી જોઇએ હેને બદલે તેનાથી વધારે કર્મબંધન થતું હોય તો બહેતર છે કે એવી ક્રિયા મોકુફ રાખવી જોઇએ. એ માટે અમારા એક મિત્ર ઉપર એક જાણીતા વિદ્વાન સાધુનો પત્ર આવ્યો છે. તેમાં લખે છે કે-“આજે શિહોરના સમાચાર વાંચીને દુઃખ થાય છે, જૈન સમાજ કયાં જાય છે ? અને આજે એની શી દશા થઇ રહી છે ? ખરે જ જૈન સંઘ ઉપર થોડા જ સમયમાં એવી અનિવાર્ય ફરજ આવીને ઉભી રહેશે કે ઉપધાન કરાવવાં તદ્દન બંધ કરવાં પડશે. આજે આપણી પ્રત્યેક ધર્મકરણીઓ નિર્જીવ થતી જાય છે. અને મોટે **ભાગે એના ઓઠાં નીચે અંધાધુંધી, અનાચારો અને અત્યાચારો જ વધતા જાય છે, સાધુજીવીઓનાં સાધુજીવનની રક્ષા માટે ઉપધાનવહનની પ્રથા તો સત્વર બંધ થવી આવશ્યક** છે. જેમ શ્રી હીરવિજયસૂરિજીના વખતમાં અમુક જ ઉપધાન વહન કરાવે એવું બંધારણ કરવું પડયું હતું. તેમ અત્યારના સમયમાં અમુક મુદતને માટે ઉપધાન કરવા-કરાવવાની પ્રથા સદંતર નાબૂદ કરવી જોઇએ. હું તો પહેલેથી જ માનતો અને કહેતો આવ્યો છું કે ઉપધાન આદિ આજે નિરર્થક અને નિષ્ફળ થઇ ગયાં છે” ઉપરોકત મુનિશ્રીના આ શબ્દો ખરેખર વિચારણીય છે, આજના ઉપધાનમાં કેટલાયે રૂઢીચૂસ્તો રોગથી પીડાય છે. **સુરતમાં એક જુવાન છોકરાની ગોળી ચઢી જવાથી તેનું મૃત્યુ નિપજ્યું છે, ઘાટકોપરના ઉપધાનમાં એક માણસ ગાંડો બની ગયો છે કે જેને ડોકટરે ક્લોસંગ કરવાની સલાહ આપી છે;** એક બીજા છોકરાને ભગાડી મૂંડી નાંખવામાં આવેલ છે, તે માટે પણ ખૂબ કોલાહલ થઇ રહેલ છે. આમ જે ક્રિયાઓ આપણને આધ્યાત્મિક બાબતોમાં પ્રગતિ કરવા માટે કારણભૂત હતી **તેજ ક્રિયાઓ તેના કરાવનારની નાલાયકતાને લીધે અધઃપતનના આધારભૂત થઇ રહી છે.** અને હેનું કારણ આપણી માત્ર નિર્જીવ પ્રવૃત્તિ છે. ઉપધાન માટે અમે અમારા **‘રૂઢીની ગુલામી’**ના નામે નીકળેલા અગ્રલેખોમાં જણાવી ગયા છીએ. એટલે તે સંબંધી વિશેષ કરવા માંગતા નથી.

ઉપધાનની ક્રિયામાં જેમ બને તેમ શ્રાવક વધારવા માટે સાધુઓ રૂઢીચૂસ્તોને ખૂબ ઉશ્કેરે છે; અને જેટલી બને તેટલી વધારેમાં વધારે રકમ એકત્ર કરી હેનો સ્વચ્છંદતાથી પોતાની અંગત બાબતોમાં ઉપયોગ કરાવે છે. આમ આવી ક્રિયાઓમાં હેમને જોઇએ તેટલી રકમ મળી શકવાથી તેઓ ઉછૃંખલ અને નિર્લજ્જ બન્યા. પરમાત્મા મહાવીરના નામે, ઉત્સવોના નામે સમાજને ભરમાવવા લાગ્યા. સંઘસત્તાને ઠોકરે ઉડાવી પોતાને માને એટલાને સંઘ, બાકીનાને હડકાનો માળખો મળ્યો. પોતાના પ્રપંચનો શરૂ કર્યા. સગીર બાળકોને વેચાતા લઇ મૂંડવા માંડયા, અને કુદરતથી વિરૂદ્ધ કુકર્મો પણ હેમનાં જાહેર થવા લાગ્યાં. **કોન્ફરન્સ અને યુવક સંઘ સ્હામે જેટલું થુંક ઉડાડાય તેટલું ઉડાડયું, પરંતુ અસત્ય અને પાપાચાર કયાં સુધી નભે ?** આજે એ પડળના પડદા ખુલવા માંડયા છે. **વઢવાણમાં શ્રી રામવિજયજી કેદીના બન્યા છે. ગુપચૂપ પાલીતાણા ભેગું થવું પડયું** છે. આમ આવી ક્રિયાઓથી સાધુઓનું તેમજ હેની સાથે સાથે સમાજનું પણ કેટલું પતન થાય છે, એ હવે અજાણ્યું નથી. **પાપના ફળો તો દરેકને ભોગવવાં જ પડે છે.**

**દવાખાનાનો લાભ લીધો**-મુંબઇ પાયધુની જૈન દવાખાનાનો નવેમ્બર માસમાં ૫૬૬ પુરૂષ દરદીઓ, ૪૨૯ સ્ત્રી દરદીઓ અને ૫૧૨ બાળક દરદીઓ મળી કુલ્લે ૧૫૦૭ દરદીઓએ લાભ લીધો હતો. દરરોજની સરેરાશ દરદીની હાજરી ૫૦ ની થઇ હતી.

**ઉપધાનમાંથી ઉઠાવગીરી**-સાદરી ( મારવાડ ) પાસેના વાલી ગામના સ્હીશ ગોપીલાલ નામના એક ૧૫ વર્ષની ઉમરનો છોકરો ઘાટકોપર ઉપધાનમાં પેઠેલ તેને રાતોરાત આજુની આજુબાજુના પ્રદેશમાં લઇ જઇ સાધુજીએ મુંડી નાખી છુપાવી દીધેલ છે. તેનો બાપ તપાસ કરે છે જ્યાં પત્તો લાગતો નથી. સમાજમાં આવા નામચીન ધાડપાડુઓ સગીર બાળકોના અપહરણો કરે છે છતાં આંખ આડા કાન કેમ થાય છે ? પારકા છોકરાને જતિ કરવાનો ધંધો લઇ બેઠેલાઓને જ્યારે પોતાના પગ ઉપર કુહાડો પડે અર્થાત્ તેમના છોકરાને તેમના માનીતા ગુરૂ ઉઠાવી જાય ત્યારે જ ખબર પડે કે પારકાના છોકરાને કેમ જતિ કરાય છે ? સમાજના અગ્રેસરો ! આવી ગુંડાશાહીને કયાં સુધી નિભાવશો ?

# અસ્પૃશ્યો અને જૈન સંસ્કૃતિ.

હજારો વર્ષ પહેલાં પણ ચંડાળો અને અંત્યજો તરફ અત્યાર જેટલી જ કદાચ તેથીએ વધારે અને ઘણી વધારે ઘૃણા તેમ જ તુચ્છ દૃષ્ટિ હતી. જૂના તે વખતના બ્રાહ્મણસૂત્રો વાંચવાથી અંત્યજો તરફની એ લાગણીનો ખ્યાલ આવે. ભગવાન મહાવીરે પોતાના જીવનથી એ વસ્તુનો વિરોધ કર્યો. અંત્યજો અને અસ્પૃશ્યોને સાધુ સંઘમાં દાખલ કર્યાં. બ્રાહ્મણ અને બીજા વૈદિક ઉચ્ચવર્ણમાં ક્ષોભ પ્રગટ્યો. પણ ભગવાને જરાયે પરવા ન કરી.

અસ્પૃશ્યોને ગુરૂપદ આપવું એનો અર્થ એ છે કે તેને બધી જ જાતની શક્તિ કેળવવા માટે સ્વતંત્રતા આપવી. તે વખતના જૈન રાજાઓ અને બીજા ગૃહસ્થો પણ એ અસ્પૃશ્ય જૈન ગુરૂઓને અડકવામાં પણ માન સમજતા. તેમને પગે પડતાં અને એક બ્રાહ્મણ જૈન ગુરૂ જેટલો જ તેમનો આદર કરતા.

ઉત્તરાધ્યનમાં ચિત્ત-સંભૂતિ અને હરિકેશીબળના બે પ્રસંગોએ ભગવાનની હિલચાલના દાખલા છે. આ બે ઘટનાઓ ક્યે કાળે બની તે નક્કી નથી પણ તે ભગવાનના સમયમાં અથવા પછી તુરત બની હોવી જોઇએ. ચિત્ત અને સંભૂતિ બન્ને ચંડાળ બાળકો છે. જ્યારે બ્રાહ્મણોના અને બીજા વૈદિક લોકોના તિરસ્કારથી દુઃખી થઇ આત્મઘાત કરવા તેઓ તૈયાર થાય છે ત્યારે ભગવાનની સાચી દીક્ષા જ તેમને બચાવી લે છે. આ વર્ણ તિરસ્કાર સામેનો પહેલો દાખલો. હરિકેશી ચંડાળ છે. તેને બધા વૈદિક લોકો તરછોડે છે અને ધિક્કાર વરસાવે છે ત્યારે જૈન દીક્ષા એ ચંડાળ પુત્રમાં માત્ર તેજ નહિ પણ અસાધારણ તેજ દાખલ કરે છે.

આ સિવાય પણ કેટલા વિરલ દાખલા છે. મુખ્ય મુદ્દો એ છે કે જૈન સંસ્કૃતિ એટલે જન્મ વર્ણભેદમાં નહિ પણ ગુણકર્મમાં માનનારી સંસ્કૃતિ, અલબત્ત, બૌદ્ધ સંસ્કૃતિ પણ તેવી જ છે. પણ દુઃખની વાત તો એ છે કે ભગવાન મહાવીરનો ઝંડો લઇ ફરનાર જૈન સાધુઓ એ સંસ્કૃતિ સાચવી ન શક્યા.

નવમા સૈકા સુધીના જે દિગંબર વિદ્વાનોએ બ્રાહ્મણોની જન્મસિદ્ધ ઉચ્ચતા અને અંત્યજોની જન્મસિદ્ધ નીચતા સામે પ્રબલ યુદ્ધ શાસ્ત્રોમાં કર્યું હતું અને પશ્ચિમ તેમ જ ઉત્તર હિન્દુસ્થાનના શ્વેતાંબર આચાર્યોએ જે વસ્તુ છેવટ સુધી શાસ્ત્રોમાં તત્વદૃષ્ટિએ સ્થાપી છે તે જ બાબતમાં બધા જ જૈનો-ત્રણે ફિરકાના જૈનો-બ્રાહ્મણોથી હારી ગયા છે. બ્રાહ્મણોએ જે કહ્યું, જે કર્યું અને જે લખ્યું તેમાં જૈનો પાછા ગુલામ થયા. એક વાર જૈન દીક્ષાથી અંત્યજો પવિત્ર થતા અને એની આભડછેટ ભાગી જતી. આજે એ અંત્યજો અને એની આભડછેટ જૈન દીક્ષાને અપવિત્ર બનાવે છે. શું આ જૈનોની હાર નથી સૂચવતી? કે પહેલાં જૈન દીક્ષામાં પવિત્રતાનો અગ્નિ હતો જેથી આભડછેટ ભાગી જતી અને આજે કહેવાતી આભડછેટમાં એવો ભેજ છે કે તેની સામે આજની જૈન દીક્ષા કાંઇ પણ કરવાને અસમર્થ છે! સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો આજની દીક્ષામાં જો ખરે જ કાંઇ સત્વ હોય તો તે આભડછેટથી ભ્રષ્ટ ન થાય પણ ઉલટી આભડછેટને ધોઇ નાખે.

હસવા જેવી વાત તો એ છે કે ખુદ ભગવાન પાસે અસ્પૃશ્યો જાય અને પવિત્ર થાય પણ તેમની મૂર્તિ પાસે જઇ ન શકે અથવા તેમના ધર્મસ્થાનોમાં જઇ ન શકે. જો જૈનમૂર્તિ કહેવાય છે તેમ જિન સમાન જ હોય તો જેમ જિન-તીર્થંકર પાસે અંત્યજો જતા તેમ તેમની મૂર્તિ પાસે પણ જવા જોઇએ અને જઇને પવિત્ર થઇ શકે. એટલે કાં તો જિનમૂર્તિ જિન સરખી એ વાત ખોટી-કહેવા માત્ર છે એમ ગણવું જોઇએ અને કાં તો એ વાત સાચી ઠેરવવા ખાતર તેમ જ જૈન સાધુઓ બ્રાહ્મણોથી નથી હાર્યા એ બતાવવા ખાતર અંત્યજોને જૈન સંઘમાં લેવા જોઇએ અને ઓછામાં ઓછું જો તેઓ ઇચ્છે તો જૈન મંદિરમાં અને બીજા કોઇ ધર્મસ્થાનમાં તેમને જવાની, આવવાની છૂટ મળવી જોઇએ.

આ તો ધર્મદૃષ્ટિએ વાત થઇ પણ સમાજ અને રાજકીય દૃષ્ટિએ પણ જૈનો આ વસ્તુ ન વિચારે તો તેઓની નિર્માલ્યતા અને વિચારહીનતા ભવિષ્યની તેમની પ્રજા સમજશે. અને જ્યારે બ્રાહ્મણ ધર્મીલોકો અસ્પૃશ્યતા દૂર કરશે ત્યારે જ જૈનો તેમનું અનુકરણ કરશે તો તેમાં તેમની પોતાની સંસ્કૃતિ-વિશેષતા નહિ હોય.

અત્યારે આ પ્રશ્ન માત્ર સહાનુભૂતિ પૂરતો નથી. દરેક ગૃહસ્થે કે સંસ્થાના સંચાલકે ઓછામાં ઓછું એક અંત્યજ બાળક કે એક બાળિકાને પોતાને ત્યાં સમભાવ પૂર્વક રાખી જૈન સંસ્કૃતિનો નિર્ભય પરિચય આપવો જોઇએ.

—પં. સુખલાલજી.

---

**ભાવનગરમાં મુનિ સપ્તાહ**—ચાતુર્માસ પૂર્ણ થયે ઉજ્જૈનથી મુનિરાજશ્રી વિદ્યાવિજયજી આદિ મુનિ મંડળને આગ્રહભરી વિનંતિ થતાં ભાંથી વિહાર કરી ભાવનગર (માળવા) પધાર્યા, ત્યાં સુંદર સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમ રાજ્યના અધિકારી વર્ગે, તેમ જ ગૃહસ્થોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. મુનિરાજે મંગળાચરણ કર્યા બાદ કેટ માસ્તરે ગોઠવાયેલ 'મુનિ સપ્તાહ'નો કાર્યક્રમ વાંચી સંભળાવ્યો હતો. અને દરેકને વ્યાખ્યાનોમાં પધારવા વિનંતિ કરી હતી.

**યુવક સંઘને આંગણે ચાતુર્માસ બદલવું**—વડોદરામાં બિરાજતા મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજનું ચાતુર્માસ શ્રી વડોદરા જૈન યુવક સંઘના આંગણે બદલવામાં આવ્યું હતું. મહારાજશ્રી તથા શ્રી સંઘના પુનિત પગલાં પોતાને આંગણે થવાથી વડોદરા યુવક સંઘ પોતાને કૃતકૃત્ય માને છે તથા હર્ષ-આનંદ પ્રદર્શિત કરે છે.

**સોસાયટીના પાપો**—અમદાવાદની ધી યંગમેન્સ જૈન સોસાયટીના પાપો ધીમજે મહીને પ્રકાશી નીકળ્યા છે આથી તેના સંખ્યાબંધ સભ્યો રાજીનામા આપી છૂટા થનાર છે એવી જોરશોર વાતો સંભળાય છે.

# આ માં સાચું કોણ?

લેખક-
કેશવલાલ મંગળચંદ શાહ.

પોતાને જ ભગવંત મહાવીરદેવની વાણીના સાચા ઉપદેષ્ટા કહેવરાવવાનો દાવો કરનારા અને પોતે જ ભગવંત મહાવીર દેવના શાસનના સાચા પ્રતિનિધિ હોવાનો પણ દાવો કરનારા, પોતાને કહેવાતા શાસનપક્ષના મહારથી આચાર્યો કહેવડાવનાર સાગરાનંદસૂરિ અને અને વિજયદાનસૂરિ પોતાની પ્રવૃત્તિઓના કેવળ બચાવાર્થે જ પરસ્પર વિરૂદ્ધ વિધાન કરે ત્યારે સ્હેજે પ્રશ્ન ઉદ્દભવે કે-**આમાં સાચું કોણ?**

વિજયદાનસૂરિ, વીરશાસન પત્ર, પુસ્તક ૮, અંક ૧૫, પેજ ૨૮૮ ઉપર જ્યારે કહે છે કે-ચોમાસામાં દીક્ષા નહિ આપવાનું કહ્યું છે. તેમાં હેતુ એ જણાવે છે કે-આ 'હુંડા અવસર્પિણી' અને તેમાં પણ 'પાંચમો આરો' એટલે પડતો કાળ હોવાથી ધર્મપરાઙ્મુખ, બહુલકર્મી અને વિઘ્નસંતોષી જીવો ઘણા થશે અને તેથી સોળવર્ષથી મોટી ઉમરનાને દીક્ષા આપવા બહારગામ જવું પડે અગર આપવા માટે નસાડવો પડે તો ચોમાસામાં જઇ શકાય નહિ. એ કારણ હોવું જોઇએ વગેરે કહી પોતાની શિષ્યલોભની પ્રવૃત્તિનો બચાવ કરતા ચોમાસામાં દીક્ષા નહિ આપવાનું જે વિધાન ભગવંતે કરેલું છે તે આજ કારણથી કર્યું હશે" એમ કહી પુરવાર કરે છે કે-"ચોમાસામાં દીક્ષા અપાય નહિ" ત્યારે સાગરાનંદસૂરિ પોતાને એક શિષ્યની વૃદ્ધિ થતી હોવાથી ચોમાસામાં પણ દીક્ષા આપી પોતાની શિષ્ય લોભની વૃત્તિને સંતોષી તેનો બચાવ કરવા માટે તા. ૧૫-૧૦-૩૨ ના 'સિદ્ધચક્ર' નામના પોતાના વાજિંત્ર પાક્ષિકમાંના 'સાગર સમાધાન'ના પ્રશ્ન ૧૫ના ઉત્તરમાં કહે છે કે-ચોમાસામાં દીક્ષા આપવાનું વિધાન નિશિથચૂર્ણિમાં છે.

સાગરાનંદસૂરિ એક તો આગમોદ્ધારક છે ને સાથે સાથે સકલશાસ્ત્રપારંગત હોવાનો પણ દાવો કરે છે એટલે ચોમાસામાં દીક્ષા આપવાનું વિધાન નિશિથચૂર્ણિમાં હોવાનું કહે છે તે ખોટું તો નહિજ હોય. પરંતુ વિધાનને બદલે પ્રાસંગિક અપવાદિક આધાર હશે એમાં શંકા નથી જ. અપવાદિક કથનોનો ઉપયોગ કરવામાં સાગરજીની સકલશાસ્ત્રપારંગતતા કે આગમોદ્ધારકતા આડે નથી આવતી એટલે આમાં પણ સત્ય શું છે એ તો જ્યારે વિજયદાનસૂરિ જાહેર કરે ત્યારે જ સમજાય કે સાગરજીએ જણાવેલો આધાર અપવાદિક છે કે વિધાનનો. એ વસ્તુ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી તો કહેવું જ રહ્યું કે-**આમાં સાચું કોણ?**

જ્યારે વિજયદાનસૂરિ 'વીરશાસન' પુ. ૮, અંક ૧૭, પેજ ૩૫૨ ઉપર કહે છે કે-"**તીર્થંકર ભગવંતે કર્યું હોય તે કરવાનું નથી. પરંતુ શ્રી જિનેશ્વરદેવોએ કહેલી આજ્ઞા મુજબ જ કરવાનું છે**" ત્યારે તા૦ ૨૭-૧૧-૩૨ ના 'સિદ્ધચક્ર' પાક્ષિકના સાગર સમાધાન પૃષ્ઠ ૯૨ ઉપર પ્રશ્ન ૧૨૮ માં પૂછાવે છે કે-"**જે કેટલાક કહે છે કે જેટલું તીર્થંકરોએ કહ્યું તેટલું કરવાનું, પણ તીર્થંકરોએ કર્યું એ કરવાનું નહિ એ શાસ્ત્રદ્રષ્ટિએ સાચું છે?**" સમાધાનમાં ઉત્તર આપતા સાગરજી કહે છે કે-જે તીર્થંકરોએ કરવા માટે કહ્યું એ કરવા લાયક છે, એ કબુલ છે; પણ તીર્થંકરોએ કર્યું એ કરવા લાયક નહિ એમ કહેનારાઓએ ખરેખર શાસ્ત્રને વાંચ્યા નથી! અથવા વાંચ્યા હશે તો તેનો સાર પામ્યા નથી! કારણ કે આવી રીતે કહેનારાઓને પૂછીએ કે તીર્થંકરોએ સવસ્ત્રધર્મ પ્રરૂપવા માટે વસ્ત્ર રાખ્યું તો તમે તે રાખો છો કે કેમ? તીર્થંકરોએ સપાત્રધર્મ પ્રરૂપવા માટે પહેલે પારણે પાત્રમાં આહાર કર્યો હતો તો તમે પણ પાત્રમાં આહાર કરો છો કે કેમ? તીર્થંકરો બારે પ્રકારની તપશ્ચર્યામાં ને સાધુની ચર્યામાં તત્પર રહ્યા તો તમે પણ તેમાં તત્પર રહો કે કેમ? પણ એ સાધારણ બોધ માત્રથી ફાવે તેમ બોલી નાખનારાઓએ એ તીર્થંકરોએ કર્યું તે ન કરવાનું કહેવા દિશા ફેરવવી જ રહે છે!

સાગરજીના ઉત્તર ઉપરથી સ્હેજે સમજી શકાય છે કે સાગરજીએ જે જાતની ભાષા વાપરી છે તે સાધુને સંબોધીને જ વાપરી છે અને સાધુઓમાં તો વિજયદાનસૂરિએ જ તે જાતનું વિધાન કરેલું છે એટલે સાગરજી ગર્ભિત રીતે તો એજ કહેવા માંગે છે કે-વિજયદાનસૂરિએ ચોમાસામાં દીક્ષા ન અપાય તેવું પ્રતિપાદન કર્યું છે તે ભૂલભરેલું છે, માટે જ આ જાતનો આક્ષેપ પોતાની ચોમાસાની દીક્ષા શાસ્ત્રોક્ત ઠરાવવા અંગે વિજયદાનસૂરિ પ્રત્યે કર્યો છે એમ સ્પષ્ટ જોઇ શકાય છે. સાગરજીની દ્રષ્ટિએ વિજયદાનસૂરિએ ખરેખર શાસ્ત્રને વાંચ્યા જ નથી અને કદાચ વાંચ્યા હશે તો તેના ભાવને પામ્યા નથી એટલે આ ઉપરથી એ પણ ફલિત થાય છે કે સાગરજી એ રીતે એમ કહે છે કે-હું જે કાંઇ કહું છું તેજ શાસ્ત્રોક્ત છે. આથી તો વિજયદાનસૂરિને શાસ્ત્રોનું જ્ઞાન નથી. અને કદાચ હોય તો તેના ભાવને તો તેઓ જાણતા જ નથી. એટલે સાગરજીના કહેવા મુજબ સાગરજી કહે તેજ સત્ય સમજવું. પરંતુ નમ્રભાવે વિજયદાનસૂરિને હું વિનંતિ કરીને પૂછું છું કે-શું આપે કહેલું કથન વાસ્તવિક રીતે શાસ્ત્રોક્ત નથી? અને જો શાસ્ત્રોક્ત ન હોય તો આપ આપશ્રીની આ ભૂલ જોયા પછી સુધારવા તૈયાર છો કે કેમ? અને જો સુધારવા તૈયાર નહિ થાઓ તો સાગરજીના કથન મુજબ આપશ્રી ઉત્સૂત્રભાષી ઠરો છો અને તેથી આપશ્રીને ઉત્સૂત્રભાષી ઠરાવવા એટલે જાહેર કરવાની સાગરજી સિદ્ધચક્ર તા૦ ૧૫-૧૦-૩૨ ના અંક ૧ માં પ્રશ્ન ૧૩ ના પ્રત્યુત્તરમાં જણાવે છે. એટલે આપ માટે બે જ રસ્તા છે કે-કાં તો આપ આપશ્રીનું કથન સાબિત કરી આપો અથવા સાગરજીની માન્યતા અને કથન મુજબ આપ ઉત્સૂત્રભાષી ઠરો, અગર સાગરજીને ઉત્સૂત્રભાષી ઠરાવો, જ્યાં સુધી આનો નિર્ણય ન થાય, એટલે આપશ્રી આપની પુષ્ટિમાં પ્રકાશ ન પાડો ત્યાં સુધી સમાજને તો એજ ભ્રમમાં રહે જ જૂઠો કે-**આમાં સાચું કોણ?**

અને સાથે સાથે એ પણ શંકા રહેવાની કે આચાર્યો પણ પોતાની પુષ્ટિમાં વદા વદા શાસ્ત્રના નામે કથન કરવા માટે જ શ્રાવકને ઇરાદાપૂર્વક અજ્ઞાન રાખવા શ્રાવકોથી આગમો ન વંચાય તેવી જાતનું વિધાન કરે છે. તો આ જાતની શંકા વધુ પુષ્ટ બને તે ઇચ્છવા યોગ્ય તો નથી જ. તો વિજયદાનસૂરિ આ સંબંધે યોગ્યસ્પષ્ટિકરણ જરૂર કરશે તેવી આશા છે.

# ભેદી પત્રો!

નંબર ચારના કાગળમાં સાધ્વી હેતશ્રીએ એક છોકરીને નાથુભાઇના કબજે સોંપી છે, તેવી જ રીતે પાટણની વસંતી નામની બાઇને નાથુભાઇને સોંપી પ્રાણની પેઠે સાચવવાની ભલામણ કરે છે. સાથે લખાણ ઉપરથી એમ સમજાય છે કે તેમાં નસાડીને સંતાડવાનો પેતરો જણાય છે, સાધુ છોકરા સંતાડે ને સાધ્વી છોકરીઓ ન સંતાડે તો પછી ચેલીઓ ક્યાંથી વધે? કાગળના પાછલા ભાગમાં નાગરી લીપીમાં લખાણ છે એટલું નાગરીલીપીમાં મૂકયું છે.

નંબર પાંચના કાગળમાં મોતીવિજયજી એક યુવાન ગૃહસ્થને આમરણજીનો શિષ્ય બનાવવા જે ચાલબાજી ચલાવે છે તેનું દશ્ય છે.

## ચેતવણી.

ભેદી પત્રોના મથાળા નીચે જે કાગળો બહાર પડે છે, અને હવે પછી બહાર પડશે તે દરેકની અસલ નકલો અમારી પાસે છે. એટલે જરૂર જણાયે સમાજ આગળ અસલ પત્રો રજુ કરીશું. એની સૌ ખાત્રી રાખે.

## (૪)

મુ. સુરત. બેહન કમળા. સુરતથી સા. સાધ્વી હેતસરીના ધર્મલાભ વાંચજો. બાદ આજ રોજ સાકરબાઇ જોડે વસંતીને મોકલી છે તેને સંભાળી લેજો. ઉપકારનું કામ છે એને બાઇને કોઇ પણ ઠેકાણે એકલી જવા દેશો નહી ને પાટણથી— સીરસરી પાસે આવેલી હતી ને તેહને ત્યાં પુરતો આસરમ નહી મળવાથી હમારે સાથે આવેલી હોવાથી તમોને સોંપી છે. એજ ૧૯૭૪ ના આસો વદ-૧૨ વાર મંગળ હમારા સંઘાડાના સાધુ તથા સાધવી કોઇ પણ જાણતું નથી માટે આ વાત કોઇને પણ કરવાની નથી જેવી રીતે ચાંદ નારણજીને રાખી છે તેવી રીતે સાચવીને રાખજો એજ.

**श्रावक नाथुभाई**

**भाई कमला धर्मलाभ वाचजो वसंतीने सारी पेठ समारा प्राणनो पेठ जाणजो शीलाभाव राखजो साकेरनी साथे कागळ मोकलजो.**

## (૫)

સ્વસ્તશ્રી-સુરત બંદર મધે શ્રી શાંન્ત દાંન્ત મહંત અને શ્રી: છત્રીસગુણે કરી-સોભાયમાન શ્રી. વાંચના આચાર્ય સુરી શ્રી. આણંદસાગરજી મહારાજ સાહેબ આદી ચાંણું જે ઠેકાણે જોગ શ્રી મઉવા-બંદરેથી લી૦ મોતીવિજયની વંદના અનુ વંદના આપ સુરજી સાહેબ કુરસદની વેળાએ કબુલ કરસોજી બીજુ હું આપના પુન્ય પ્રતાપથી સુખસાતામાં છું આપને મે બે કાગળ લખ્યા છે તેનો જવાબ તુરત કરજો. નહી તો આ આ લેકો તીલકવીજય મહરાજના ભાઈ દીપ કરવા સુરત તથા મુંબઇ ગએલા છે તેમને સહેજ નંદલાલને દીક્ષા આપવા માટે તેડાવ્યા છે તે આપશે કે તુરત દીક્ષા આપી દેયે માટે આ કાગળ વાંચી આપની પાસે એ નંદલાલને આવવાની પાકી મરજી છે અને મારાથી એ નંદલાલ તીલકવિજયના ભાઇને ત્યાં આમ છે એટલે મારાથી આપનો માણસ તેડવા આવ્યા વગર મોકલાય એમ નથી માટે તુરત તેડાવી લેવા તાર કરજો અઠ્ઠાવાકોઇ બેઠુ નહી તો હું આપની પાસે આપવી દીક્ષા લેવડાવત માટે તુરત તેડાવજો. સંસકરત તથા પ્રતીક્રમણ પાંચ તથા પકરણ ત્યાઃ કમગ્રંથ ૪ કર્યા છે તથા અંગરેજી પાંચ ચોપડી સુધી ભણેલો છે. માણસ સહેજ માણસ છે. ને કોઇ પ્રકારનો વેહેમ લેવા જેવું નથી ને ઉમર આસરે-૨૪ વરસની છે-અને એની મરજી ખાસ આપની પાસે દીક્ષા લેવાની મરજી છે એજ મીતી ૧૯૭૫ ના -જેઠ વદી-૧૦ દ. મોતીવિજયની વંદના આપ ફુરસદની વખતે કબુલ કરસોજી આ કાગળ તાકીદથી પોંચે તુરત—

સમાજમાં પાખંડીઓ જે છુપી રમતો રમી સાધુતાનું લીલામ કરી રહ્યા છે. તેને સમગ્ર ભેદી પત્રો રહતે રહતે બહાર મુકશું ત્યારે સમાજ ચોંકી ઉઠશે એમ માનીએ છીએ, છતાં જ્યાં સુધી આવા પત્રો બહાર નહિ પડે ત્યાં સુધી સાધુ સંસ્થાની ને શ્રાવક વર્ગની આંખ નહિ ઉઘડે એટલે તેમની આંખ ઉઘાડી સાધુ સંસ્થામાં પેઠેલો સડો નાબુદ કરવાના શુભ આશયથી આ પત્રો રજુ કરીયે છીએ અને કરીશું.

**જૈનો માટે સસ્તા ભાડાની ચાલી**—શ્રી અમીચંદજી પનાલાલજીના પુત્ર બાબુ દોલતચંદજી અને જિનાબચંદજી, એ બંને ભાઇઓ લાખોની મિલ્કત માટે કોર્ટે ચડેલા, એના વહીવટ માટે રિસિવર નિમાયા. લાખો રૂપીઆની સમ્પત્તમાંથી દોઢલાખ રૂપીઆ ખર્ચી જૈન ભાઇઓ માટે સસ્તા ભાડાની ચાલી બાંધવાની એક સ્કીમ રિસિવર મારફતે નક્કી થઇ છે અને એટલો-કોર્ટની મંજુરી માટે થોડા દિવસમાં રજુ થઇ બધાણી મેળવી તેનો અમલ તુરત થશે. જૈનો માટે આવી સસ્તાભાડાની ચાલીની મુંબઇ જેવા શહેરમાં ખામી છે. તે ખામી દુર થવાની શરૂઆત છે.

**આમણવાડામાં ચૈત્રી ઓળી**—મરૂભૂમિમાં બામણવાડા એ તીર્થસ્થાનની પવિત્ર ભૂમિ છે. ત્યાં આગામી ચૈત્રની ઓળી કરાવવા માટે શ્રી પોરવાડ જૈન મિત્રમંડળ તરફથી નક્કી કરવામાં આવ્યું છે અને તેના માટે આમંત્રણ પત્રિકાઓ બહાર પાડી સંઘને ઓળી કરવા માટે આગ્રહભરી વિનંતિ કરી છે. માટે દરેક બંધુઓને જવા ભલામણ છે.

# જૈન જગત.

## અમદાવાદના અવનવા.

(૧) દીક્ષા છોડી પાછા સંસારી બનેલા રા. મગનકુમાર જેમણે 'વીર શાસન' સામે વડોદરાના વીર ક્ષેત્રથી મોરચા માંડ્યા હતા. તેમણે થોડા જ દિવસ બાદ અમદાવાદ આવી પાઘડી કેમ ફેરવી તોળી છે? તેનું ભેદી કારણ સમજાતું નથી. (૨) સોસાયટીખાતેનું જંગી ફંડ તળીયા ઝાટક થવા આવ્યું છે. (૩) ઓર્ડિનન્સ અનુસાર પકડાયેલા શ્રી કાળીદાસ જસકરણ ઝવેરીએ અવિનયભંગની ચળવળમાં કોઈપણ પ્રકારનો ભાગ ન લેવાની કબુલાત આપવાથી તેમને છોડી મુકવામાં આવ્યા છે. (૪) શ્રી શાંતિલાલ ભાઈચંદ શાહની મ્યુનિસિપલ સેક્રેટરી તરીકે પ્રોબેશન પર નિમણુંક થઈ છે. (૫) આંતર રાષ્ટ્રિય મજુર પરિષદના બીન સરકારી પ્રતિનિધિ તરીકે શેઠ અંબાલાલ સારાભાઈએ જે ઉમેદવારી નોંધાવી છે તેને કેટલાક વધુ વેપારી મંડળોનો ટેકો મળ્યો છે. (૬) દાનવીર શેઠ ચુનીલાલ કાલુજીની આર્થિક સહાયથી જામજોધપુરમાં એક બોર્ડિંગ સ્થાપિત થઈ છે. (૭) ગવર્નરના સ્વાગતનો વિરોધ કરવા માટે જે ભાઈ બ્હેનોની ધરપકડ થઈ હતી તેને છોડી મુકવામાં આવેલ છે. (૮) વીરમગામના ૩૪ મા સરમુખત્યાર શ્રી ગુલાબચંદ તલકચંદની ધરપકડ થઈ છે. (૯) પોપટલાલ નામના એક ગૃહસ્થ પોતાની ૧૩-૧૪ વર્ષની પુત્રીને એક વૃદ્ધ ગૃહસ્થ સાથે પરણાવવા તત્પર થતાં મામલો કોર્ટે ચડ્યો છે અને તેમની સામે મનાઈ હુકમ નીકળ્યો છે. (૧૦) વીશા શ્રીમાળી દવાખાનાનો ગયા માસમાં ૮૭૫૦ દરદીઓએ લાભ લીધો હતો. (૧૧) બીન કાયદેસર પત્રિકા રાખવા માટે શ્રી કાંતિલાલ હેમચંદ શાહને ૧ માસની સખ્ત કેદની સજા થઈ છે. (૧૨) વીરચંદ દીપચંદ લાયબ્રેરીઓના ટ્રસ્ટીઓ પોતાની લાયબ્રેરીનો વહીવટ સુધારવાને પ્રેરિત થયા હોય એમ લાગે છે. (૧૩) મોહનસૂરિના અધ્યક્ષપદે સિહોરમાં થયેલા ઉપધાનમાં બનેલા હિંસાકાંડ પછી મેળનીવાળા ધાર્મિક પ્રસંગોમાં પોતાના બાળકો ઉપર કોઈ હુમલો ન કરી જાય તે માટે કેટલાક ભાઈ-બ્હેનોએ ખાસ સાવચેતી રાખવા માંડી છે. (૧૪) મારુ દીક્ષિતોને ફરી દીક્ષા આપવા 'રામપાર્ટી' અને 'સાગરપાર્ટી' અમદાવાદમાં તેમ જ અન્ય સ્થળોએ ભારે પ્રયાસ કરી રહેલ છે, પણ એમાં બન્ને પાર્ટીઓ અત્યાર સુધીમાં છેક નિષ્ફળ નિવડેલ છે એવી વાત વિશ્વસનીય રીતે જાહેર થઈ છે. (૧૫) રામ સૈન્યના નાયક ભોગીલાલ જુહારદાસ, જેમની પુત્રીએ દીક્ષા લીધેલ છે, તેમણે પોતાની પુત્રીને નડતી કેટલીક અગવડોના સંબંધમાં ગઈ ચતુર્દશીને દિને વ્યાખ્યાન બાદ એક સાધ્વીજી આગળ ફરીઆદ કરતાં સાધ્વીજીએ તો મૌન જ સેવ્યું હતું. જેથી ભોગીલાલભાઈને પોતાના માનીતા સાધુઓની સેવા કરવા કરતાં કોઈ અન્ય સેવા પોતાને તેમ જ સમાજને લાભદાયી હોવાનો પ્રત્યક્ષ અનુભવ પ્રાપ્ત થયો હતો. (૧૬) માકુભાઈ શેઠે આધુનિક વિચારોને માન આપી સિદ્ધગિરિનો સંઘ કાઢવાનું માંડી વાળ્યું છે એમ કહેવાય છે. આ વાતમાં શું સત્ય છે તે વિષે તેમણે વિગતવાર ખુલાસો જાહેર પાડવાની અત્યંત આવશ્ય છે. (૧૭) સ્થિતિચુસ્ત પક્ષ ના૦ ગાયકવાડને માનપત્ર આપ્યા છતાં સગીર દીક્ષાનો કાયદો શીરપાવ રૂપે મળશે જ, એવી લગભગ ખાત્રી હોવાથી જ એ પક્ષે માનપત્ર આપવાનું માંડી વાળ્યું હોય એવું અનુમાન થઈ શકે છે. (૧૭) હાલ જે રહીખડી દીક્ષાઓ અપાય છે તેને લગતી ખબરો સ્થિતિચુસ્ત પત્રોને મળતી જ નથી કે સ્થિતિચુસ્ત પત્રો દીક્ષાની પોલ કદી ખુલ્લી જાય તે માટે દીક્ષાની ખબરો છાપતાં નથી, એ એક અણુકેલ કોયડો થઈ પડ્યો છે. (૧૮) એક બાજુ દીક્ષાના વિરોધીઓ દીક્ષા પ્રકરણને અંગે અનેક જાળો બિછાવે છે એમ કહી રૂઢીચુસ્ત વાણીઓ ચેતવણી આપી રહ્યા છે. બીજી બાજુ કોઈ પણ ભોગે દીક્ષાઓ આપવાની રૂઢીચુસ્ત વર્ગે વિવિધ પ્રકારની જાળો બિછાવવા માંડી છે, રૂઢીચુસ્તોનું વર્તન પરસ્પર કેવું અસંબંધ અને અત્યંત વિચિત્ર હોય છે તેનું આ પણ એક સૂચક ચિન્હ છે. (૧૯) સ્થિતિચુસ્ત પક્ષ પરવારી ગયો નથી એવું દુનિયાને દેખાડવા લેખિનીદ્વારા સ્થિતિચુસ્ત વર્ગ તરફથી જે પ્રયાસો થાય છે તે સર્વથા નિષ્ફળ નિવડશે એમ જણાય છે. છેલ્લા બે માસમાં સ્થિતિચુસ્તપક્ષ કોઈ પણ પ્રકારનું મહત્વનું કાર્ય કરી શક્યો નથી, એ તો ઠીક છે, પણ કુદરતના કલ્પનાતીત કારમાં કોપનો ભોગ થયેલા ધર્મથી પર એ પ્રજાને લાખોનો આર્થિક ભોગ આપી સંયુક્તપણે અને તે પણ વિરોધ વિના સ્વયમેવ (Automatically) ભયંકરમાં ભયંકર લતા પ્રહારો અને ઝઘડો નિશદિન ખાવાં પડશે એનો ખ્યાલ આ છેલ્લી ઘડીએ પણ નહિ આવે તો જગતને એ પક્ષ માટે નૈસર્ગિક રીતે દયા ચિંતવવા સિવાય બીજું કશુયે રહ્યું નથી એમ સામાન્યતઃ મનાય છે. (૨૦) એક જ વ્યક્તિથી લખાયેલી પણ જુદા જુદા તખલ્લુસોથી જુદા પત્રોમાં જાહેર પડતી લેખમાળાઓ બંધ પડશે એમ સ્પષ્ટ લાગે છે. એ લેખમાળાઓ દલીલ શૂન્ય હોવાથી સત્યની એરણ ઉપર ટીપાતાં તેમાંના મુદ્દાઓના ફુરચે ફુરચા ઉડી ગયા છે. હજારોનું પાણી કરવા છતાં ઇતર સમાજોમાં હાંસી થઈ છે અને પહેલાના 'ધર્મીઓ' હવે '**ઘોર અધર્મીઓ**' તરીકે જગજાહેર રીતે મનાવા લાગ્યા છે. હવે એ **લેખમાળા**નું સ્થાન કોણ લે છે તે જોવાનું રહે છે.

**દીક્ષાના અગ્નિકુંડમાં બલિદાન**—સુરતમાં ચાતુર્માસ રહેલા ભક્તિવિજયજી (સમીવાળા)એ રમણના રહીશ શાહ જેમચંદ દયાચંદની વિધવા બાઈ શિવાસને લલચાવી સુરત બોલાવેલી અને તે જેને ત્યાં ઉતરેલ તેને ત્યાંથી બાજરુ જવાના બહાને બોલાવી ચુપચુપ વડાચૌટાના ઉપાશ્રયે લઈ જઈ, સંઘના કોઈ પણ સમુદાય વિના, બાઈના સગાંવ્હાલાંથી છાની રીતે બંધ બારણે મુંડી નાખી ચેલી તરીકે કપડાં પહેરાવ્યા. તે બાઈના તેનાથી વિખુટા પડેલાં બે ન્હાનાં બાળકો પત્થરને પણ પીગળાવે તેવું કલ્પાંત કરતાં અને બારણા બાપડાઓ બેસી રહ્યા. છતાં આ દીક્ષાયેલા સાધુના હૃદયમાં લેશ માત્ર પણ દયા ન આવી. આ રીતે દીક્ષાની વેદી પર કુમળાં બે બાળકો નિરાધાર બન્યા. જેમના ગુરૂ જગત્ ઉપર અનંત ઉપકાર કરી; જૈનધર્મનો પ્રચાર કરી વિશ્વવંદ્ય બન્યા. તેઓના શિષ્ય તરીકે તે મહાત્માની હૈયાતિમાં જ સ્વેચ્છાચારે વર્તી ગુરૂ આજ્ઞા બહાર ફરી ગુરૂ આજ્ઞાનો ભંગ કર્યો છે, તો તે પોતાનું કે બીજાનું શું ઉકાળવાના હતા? આ મહાત્માથી (!) છોકરાંઓ કરતાં વિધવા કે કે સધવા બૈરાંઓની મુંડન ક્રિયામાં નામચીન અને પાવરધા

# સાગરજીને ખુલ્લો પત્ર.

પાટણ તા. ૧૭-૧૧-૧૯૩૨.

**શ્રીમાન સાગરાનંદસૂરિ !**

મુંબાઈ.

આપ પાસેથી બે બાબતોનો સંતોષકારક ખુલાસો મેળવવાની અનિવાર્ય ઇચ્છાએ આ પત્ર લખું છું, તો આશા છે કે યોગ્ય પ્રત્યુત્તર આપશો. આપ તરફથી પ્રત્યુત્તર નહિ મળે તો યોગ્ય રાહ જોઇ આ પત્ર દરેકપ્રાન્ત જાહેર પેપરોમાં પ્રગટ કરવો પડશે, તો તે જવાબદારી તમારે શીર રહેશે.

મુનિ રામવિજયના શિષ્ય કુસુમવિજય વરવાણુમાંથી સાધુત્વ છોડી આવ્યા તે અંગે ઉપસ્થિત થયેલા મેટ્રોપોલીટન કોર્ટના ખટલા અંગે હું કુસુમવિજય તે હાલના કાંતિલાલની માતુશ્રી સાથે અમદાવાદ ગએલો અને કારતક શુદ ત્રયોદશીના દિવસે રાત્રે એક મિત્રને ત્યાં સુવા માટે ગએલો. અને શુદ ચતુર્દશીના દિવસે સવારમાં તે મિત્રને ત્યાં પુંજીયો હજુ કેમ નથી આવ્યો પૂછતાં તેના પ્રત્યુત્તરમાં 'પ્રતિક્રમણ કરે છે' તે સાંભળી ઘરકામ કરનાર છોકરો પુંજીયો અને તે પ્રતિક્રમણ કરે, એ આશ્ચર્યકારક લાગવાથી જીજ્ઞાસાવૃત્તિએ પુંજીઆનો આખોએ ઇતિહાસ સાંભળતાં આપ પ્રત્યે થોડું ઘણું પણ જે માન હતું તે નષ્ટ થયું.

પુંજીઆને લવારની પોળના ઉપાશ્રયવાળા મોતિવિજયજીએ દીક્ષા આપી હતી. આપની નજરમાં તે આવ્યો, આપે એક દિવસ માટે પાછો પુંજીઓ બનાવી બીજે જ દિવસે પાછા તેના તેજ સાધુના કપડાં પહેરાવ્યા અને પુષ્પસાગર એ નામ રાખ્યું.

દીક્ષા લીધેલ એટલે સાધુ થયેલને પતિત બનાવી સંસારી બનાવવાનું મહત્ પુણ્યકાર્ય (!) આપે કર્યું તે શાસ્ત્રોક્ત છે એમ આપ કહેવાને તૈયાર છો ખરા ?

એક સાધુને સંસારી બનાવી બીજે જ દિવસે પોતાનો શિષ્ય બનાવવો એમાં શિષ્ય મોહ નથી એમ કહેવાની આપ હિંમત કરો છો ખરા ?

પ્રતિક્રમણ કરી તમારા પુષ્પસાગર ઘર કામ કરવા આવ્યા, તેઓને જ પૂછીને કેટલીક વાતો સાંભળીને આપ પ્રત્યે માન તો રહ્યું જ નહોતું, પરંતુ તિરસ્કાર ઉત્પન્ન થયો અને સાથે

સાથે અને ૧૯૨૦ ની સાલમાં બનેલા પાલીતાણાના બનાવની પ્રતીતિ પ્રબળ થઇ, રહી ગઇ શંકા પણ નષ્ટ થઇ.

તમારા એ પુષ્પસાગરે દીક્ષા કેમ છોડવી પડી તેનું વર્ણન કરતાં રામવિજયના સુબોધવિજય તે હાલનો તમારો નામે ગુણસાગર. પરંતુ કૃતિમાં સંસારીપણામાં હતો તેવો જ દુર્ગુણસાગરના કૃત્યોએ અને તે પ્રત્યેનો તમારો પક્ષપાત સાંભળી અમે તો આભા જ બની ગયા. પુષ્પસાગર ઉપર બબ્બે વખત તમારા દુર્ગુણસાગર ચડી બેસી માર મારે અને તેની ફરીઆદ સરખી પણ આપ નહિ સાંભળતા ઉપરથી ફરીઆદ કરનારને જ ધમકાવો અને દુર્ગુણસાગરને જ આધિન થવાની ધમકી આપો. અને તમારા દુર્ગુણસાગર ખુન કરવાની ધમકી આપે અને આ બધું આપ સહી રહો, એટલું જ નહિ પરંતુ થવા દો, એથી માનવાને કારણ રહે છે કે એક વખતના ડામીજ અને પતિત આણંદવિજયજી સાથેનો તમારો જે જાતનો સંબંધ હતો તે જ સંબંધ આજે દુર્ગુણસાગર સાથેનો છે અને તેથી જ દુર્ગુણસાગર (ગુણસાગર)ને મનમાની રીતે વર્તવા દો છો. એ જાતનું વર્ણન પણ મલિન રીતે તમારા પુષ્પસાગર પાસેથી સાંભળીને મને આપ પ્રત્યે તિરસ્કાર થઇ આ પત્ર લખવા પ્રેર્યો છે. કારણ આજે તમે આગમોધ્ધારક, આચાર્યદેવેશ, વગેરે પદોથી વિભૂષિત થઇ એક મહાન ધર્મગુરૂ હોવાનો દાવો કરી નિર્મળ એવી સાધુ સંસ્થાને કલંકિત બનાવી રહ્યા છો. એટલું જ નહિ પરંતુ સાચા સાધુ કહેવરાવી બીજા સાચા અને વિશુદ્ધ સાધુ અને આચાર્યોને મનમાનતી રીતે વગોવીને કેવળ પોતાને જ સાચા સાધુ મનાવરાવવા અથાગ પરિશ્રમ સેવી સમાજમાં કલેશાગ્નિ સળગાવી રહ્યા છો, એટલે જ આ પત્રદ્વારા હું એ પૂછવા ઇચ્છું છું કે તમારા પુષ્પસાગર તરફથી જે આ જાતની વાત મને કહેવામાં આવી છે તે બને કે અસત્ય હોવાનું માનવાને કંઇ પણ કારણ નથી. કારણ કે પાલીતાણા સંબંધમાં આપના સાધુઓ સાથેના અવાચ્ય કૃત્યના જે હેવાલો તમારા તે વખતના અનુચર જેવા ખાસ ભક્ત બાબુભાઇના કહેવાથી, સમાજના બીજા પ્રતિષ્ઠિત ગૃહસ્થોના પત્રો ઉપરથી (કે જે પત્રો આજે મારા તાબામાં છે) તમારો આણંદવિજયજી તથા બીજા સાધુઓ સાથેનો લગભગ સંવત્ ૧૯૬૨-૬૩ ની સાલનો આરોગ્ય વ્યવહાર ખુલ્લો પડે છે, તેથી આજનો પણ દુર્ગુણસાગર સાથેનો તેમજ બીજા સાધુઓ સાથેનો તમારો વહેવાર કલુષિત હોય એમ માનવાને જરાયે શંકાને સ્થાન રહેતું નથી.

આથી મુદ્દાનો પ્રશ્ન એક જ છે કે આપ ગુણસાગર કે જે સાધુસંસ્થાને કલંકિત કરી રહેલ છે અને આપ તેને પોષી રહ્યા છો તેના કારણો જણાવશો.

સાધુ સંસ્થાની નિર્મળતા ખાતર આપ સત્ય વસ્તુ બહાર પાડી જો દોષ હોય તો તત્સંબંધી યોગ્ય પ્રાયશ્ચિત લેવા કે આપવા પ્રબંધ કરવા તૈયાર છો કે કેમ ?

આ પત્રનો જવાબ નવેમ્બરની આખર તારીખ સુધી આવે તેટલી મુદત રાખું છું, ડીસેમ્બરની પહેલી તારીખ પછી આ કાગળને પ્રગટ કરવા હું મુખત્યાર રહીશ એ શરતે કે આપનો પ્રત્યુત્તર નહિ આવે તોજ.

ઠેકાણું–

ગોળપીઠા, દરરવાળા બીલ્ડીંગ, નં. ૧૧ રૂમ નં. ૯૧, મુંબઇ–૪.

લી૦
સાચા સાધુઓનો ચરણકિંકર,
કેશવલાલ મંગળચંદ શાહ.

છે. પણ શાક હરી કે-મુંડાશે ને વીરમગામમાં મુંડવા જતાં કેટલી વીસે સો થઇ હતી ? આવી પ્રવૃત્તિ છોડી દઈ ગુરૂના પગલે ચાલી જીવન સુધારો ! હવેના યુવાનો આ પ્રવૃત્તિ સહન નહિ કરી શકે. આપણે પેટામાં ધૂળ નાંખવા વખત ન આવે, સમજ્યાને ?

**ચંદ્રપ્રભુજીના દેરાસરમાં ઝવેરાતની આંગી**–મુંબાઇ સેન્ડહર્સ્ટ રોડ પર આવેલ શ્રી ચંદ્રપ્રભુજીના દેરાસરમાં માગશર શુદિ ૫ ના રોજ લાખો રૂપીઆનું ઝવેરાત આપી આંગી રચાવવામાં આવી હતી. તેની ચોકી માટે ત્રણ બંધુકધારીઓને રોકવામાં આવ્યા હતા. આ દશ્ય નિરંજન નિરાકારના મહાદેવાલયના બદલે કોઇ દરબાર, હજારોની કચેરી જેવું રજુ કર્યું હતું. હવે તો ફઈબાસ્તો સમજે અને અરિહંતને લોક કલ્યાણના સાચા સ્વરૂપમાં જ પૂજે.

# બઢતે હુએ ઝગડોંકો રોકનેકી જરૂરત.

लेखक-संघसेवक हेतमुनिजी.

प्रायः अंतिम पचीश सालसे जैनधर्ममें जैसी प्रवृत्तियाँ हो रही है, इससे जैनसमाज अच्छी तरहसें वाकिफ है, यह तो स्पष्टही है कि दिन प्रतिदिन ईर्षा, द्वेष और मत्सर बुद्धिको पा रहे हैं और जिसधर्मकी प्रभावना करनेके लिये हम कटिबद्ध हुए हैं और उसी धर्मकी अवनति हमारेही हाथोंसे हो रही है यह क्या सख्त अफसोसकी बात नहि है ?

मैं श्री संघसें, उसमेंभी जैनधर्मके आचार्योंको, उपाध्याय महाराजाओंको, पंन्यासपद धारकोंको तथा गणिपद भूषित मुनियोंको तथा सामान्य साधुओंको भी विनंति करुंगा कि आपही जैनधर्मके सच्चे उद्धारक हो और आप लोगोंकोहा ईसमें हिस्सा न लेना चाहिए। वर्त्तमानके दीक्षा प्रकरणसे समाजमें कितना बखेडा हो रहा है और उतनेमेंही एक विषयका निपटारा न करते हुए प्रतिदिन नये बखेडे समाजमें पैदा कर दिये जाते हैं जिससे भद्रप्राणीयोंकी श्रद्धाको बडी हानि पहूँचती है।

मैं स्पष्टतासे कहूँगा कि ऐसे झगडोंसे जैनधर्मके तत्त्वज्ञानको, जैनधर्मपालकजीवोंको कुछभी लाभ नहि होता किन्तु जैनधर्मकी जगतमें हँसी और अवहेलना होती है तथा उसकी प्रमाणिकता पर कुठाराघात होता है.

मैं तो अपने जैनधर्मके शुभचिंतकोंको अर्ज करता हूँ जैसे हो सके वैसे जल्दिही इन झगडोंका निपटारा करदे अगर भावी कालमें भी ऐसी स्थिति रही तो जैन धर्मीयोंको और उसमें भी साधुसंस्थाको बहुत सहन करना पडेगा।

जिनके पास श्री महावीर प्रभुके उपदेश रत्नोंका खजाना भरा पडा है, जिनके पास अहिंसाका अमोघ शस्त्र है, जिनके पास अद्वितीय ज्ञानका स्रोत बह रहा है वैसे अगर कायरोंके तरह आपस आपसमें लडने बेठे बहतो सख्त लज्जाकी बात है, उनका तो अब समयकी प्रतीक्षा न करते हुवे जल्दि ही समाधान कर लेना चाहिए. समाधानमेंही, संपमेंही सबकी सुख और शान्ति है.

मुझे फिर अफसोस और रंजके साथ कहना पडता है कि वर्तमानमें जैन धर्मके कितनेक अखबारोंमें ऐसे लेख आते है जो कि जैनधर्मको हानि पहूँचानेवाले है। उनको व लेख कतई न छापने चाहिए।

दूसरी ओरसें दिगम्बरलोग तीर्थोंके विषयमें नाहक तुफान करते है और स्थानकवासीभी आगमादि पदार्थोंको न मानते हुए अपनी डफली ही गाना गाते है. तो इस समयमें आपसमें न झगडते हुए अगर ऐक्य कर लीया जाय तोही कल्याण है वरन अवनति ही है.

और यदि सबसे प्रथम साधुलोग भी अपना ऐक्य कर लेतो भी अच्छा है. पीछे श्रावक वर्ग अपने आप रास्ते पर आजायँगा. दुनियामें कहावत है कि 'रावणका राज्य बनिया न होनेसे गया' अगर यह कहावत वर्तमानमें विपरितार्थको चरितार्थ कर रहा है, बनियोंका राज्यशासन उन्हीके हाथोंसे नष्ट हो रहा है, सज्जनो ! हा ! इति खेद ! पंचमकाल अवश्य है मगर उसका सबसे ज्यादा प्रभाव हमारे परही गिरा नजर आता है.

अन्तमें जैनशासनके मुनिवर्योंको जो कि जैन धर्मके सच्चे उपदेशक, सुधार अथवा समयधर्मवाले है उनकोही समझ जाना चाहिए, जिससे शासनमेंसे क्लेश-विषवाद नष्ट हो जाय तथा परधर्ममें जाते हुए जीव स्वधर्ममें जीवन्त रहे और जैनधर्मके उदार सिद्धान्तोंकी तथा उदार विचारोंकी तथा उदार आचारोंकी छाप जगत्पर अमर हो जाय। इति ओ३म् शान्तिः

श्री कोरटाजीतीर्थमें जीवहिंसा-यह तीर्थ २५०० वर्ष पूर्वका पूराणा है और शिवगंज (मारवाड) से ४ मलके फासलेपर है, हाल यह तीर्थ पीडितावस्थामें पड रहा है. यहां जैनोंकी बस्ती मात्र २५ घरकी है, बहुतसी बस्ती राजपूतोंकी है. यह गाममें मुख्य गांवके ठाकोर है, इस मंदिरके समिपवर्ति यहांके ठाकुरकी कुलदेवीका स्थान होनेसें प्रतिवर्ष दशहरोके तहेवारमें सैंकडो जीवोंकी कत्ल होती है मगर अफसोसकी बात यह है कि चार मलके फासलेपर शिवगंजमें ६०० ओशवाल-पोरवाल भाईयोंका घर होने परभी हिंसा बन्द नहि करा सकते ? मैं दीलगीरीके साथ कहना पडता है कि आडंबरी उत्सवोंकी पीछे लाखो रुपये खरचते हैं किन्तु चारमील नजीकके एक पूराणा तीर्थमें होती हिंसा बन्द नहि करा सकते ? यह बहुत शरम जनक है. यह हिंसा बन्द करवानेके लिये ग्राम्यजनों मिलकर यहांका ठाकुरसें विनंति करों, यदि न माने तो सत्याग्रह करों. और मैं बम्बई जीवदया मंडली और अहमदाबाद जीवदया मंडलसें प्रार्थना करता हूं कि अपनी साथ देकर हरवर्ष होती सैंकडोकी संख्यामें हिंसा बन्द करावे और महत्पुण्योपार्जन करें.

—मी. भोगीलाल पेथापुरी.

# વિદ્વાનોને ખુશ ખબર.

## ( ન્યાયનો અપૂર્વ ગ્રંથ )

જેની ઘણા સમયથી રાહ જોવાઇ રહી હતી અને જે કલકત્તા, મુંબઇ અને બીજી અનેક યુનિવર્સિટીના એજ્યુકેશના કોર્સમાં 'ન્યાય પ્રથમામાં, અને એજ્યુકેશન બોર્ડમાં દાખલ થયેલ છે, તે ન્યાયનો અદ્વિતીય ગ્રંથ "प्रमाणनयतत्त्वालोक" (પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર) કે જેને ન્યાયશાસ્ત્રના ધુરંધર વિદ્વાન વાદિદેવસૂરિએ બનાવેલ છે. તે સરલ અને સુંદર ભાષાબોધિની નામની તદ્દન નવી અપ્રસિદ્ધ ટીકા સાથે થોડા સમયમાં બહાર પડશે. આ ગ્રંથને ન્યાય-કાવ્યતીર્થ, તર્કાલંકાર મુનિરાજશ્રી હિમાંશુવિજયજીએ એડીટ કરેલ છે અને જેમાં નોટ, પાઠાંતર, અનુક્રમણિકા આદિ આપી પ્રસ્તાવનામાં ગ્રંથ, ગ્રંથકાર અને જૈન ન્યાયના વિષયમાં સારો પ્રકાશ પાડ્યો છે. આટલીશ રતલી સુંદર કાગળમાં, ફાઇન ગ્લેઝપેપર સાઇઝમાં લગભગ સવાબસો પૃષ્ઠના દળદાર ગ્રંથની કિંમત માત્ર રૂા. ૦-૧૪-૦ ચૌદઆના છે. પોસ્ટેજ અલગ.

મળવાનું ઠેકાણું:—

મેસર્સ એ. એમ. એન્ડ કું. મુ. પાલીતાણા. (કાઠિઆવાડ) | શ્રીવિજયધર્મસૂરિ ગ્રંથમાળા છોટા સરાફા ઉજ્જૈન (માળવા)

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by ·hivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Saugh. at 26-30, Dhanji Street Bombay, 3.

પતન કે ઉત્થાન?

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો<br>વાર્ષિક રૂ. ૨-૮-૦ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર.<br>તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૯ મો.<br>શનીવાર તા. ૨૪-૧૨-૧૯૩૨. |

## અસ્પૃશ્યતા અને હારજીત.

અસ્પૃશ્યતાનું ઝેરી ઝાડ ઓછામાં ઓછું ત્રણ હજાર વર્ષ જેટલું તો જુનું છે જ. સૌથી પહેલાં તેનો ઉગ્રસામનો કરનાર ઐતિહાસિક બે મહાન પુરૂષ જાણીતા છે. એક ભગવાન મહાવીર અને બીજા ભગવાન બુધ્ધ. એમનું જીવન અંતઃશુધ્ધિ ઉપર ઘડાએલું હોવાથી એમનો અસ્પૃશ્યતા સામેનો વિરોધ ધર્મપ્રદેશમાં દેખાયો. પરિણામે ચિત્ત અને સંભૂતિ નામના બે અસ્પૃશ્ય બાળકો જેઓ સામાજિક તિરસ્કારથી આત્મહત્યા કરવા તૈયાર થએલા. તેઓ અને હરિકેશી વિગેરે (અંત્યજો) ચંડાળ પણ જૈન મુનિ સંઘમાં દાખલ થયા. બૌધ્ધ ભિક્ષુ સંઘમાં પણ અસ્પૃશ્ય ત્યાગીઓના પગમાં રાજાઓ અને મોટા મોટા શ્રીમાનો જ નહિ પણ જૈન અને બૌધ્ધબ્રાહ્મણો પણ પડવા લાગ્યા. એટલે ધર્મની જાગૃતિ સમાજમાં દાખલ થઇ. એક બાજુ વૈદિક બ્રાહ્મણોનો પ્રચંડ રોષ અને બીજી બાજુ જૈન બૌધ્ધભિક્ષુઓનો ત્યાગ. એ બે વચ્ચે જાદવાસ્થળી શરૂ થઇ. પરિણામે આગળ જતાં બ્રાહ્મણ ધર્મની ગીતામાં અસ્પૃશ્યોને પણ અપનાવવામાં આવ્યા. એટલા પૂરતી જૈન અને બૌધ્ધ ત્યાગ તેમજ વિચારની જીત.

પણ જૈન અને બૌધ્ધ સંઘમાં સંખ્યાબંધ બ્રાહ્મણો દાખલ થયા હતા. તેઓ પોતાનું જન્મસિધ્ધ જાતિ અભિમાન છોડી ન શક્યા. તેઓ વિચાર અને પ્રભાવમાં મહાન હોવાથી બીજા લોકો તેમને વશ થયા એટલે શાસ્ત્રીય વિચારમાં જૈન પરંપર હંમેશાં અસ્પૃશ્યતાનો એક સરખો વિરોધ કરતી આવી છતાં સંઘ બહારના અને અંદરના બ્રાહ્મણોના મિથ્યા જાતિ-અભિમાનને ગૃહસ્થ અને ત્યાગી બધાજ જનો વશ થયા અને પરિણામે ધર્મ તેમજ સમાજ બંને પ્રદેશમાં અસ્પૃશ્યતા પરત્વે જૈનો વ્યવહારમાં હાર્યા, બૌધ્ધસંઘ જૈન જેટલો નિર્બળ ન હતો તેથી તે હિન્દુસ્તાનની અંદર અને બહાર અસ્પૃશ્યતાની બાબતમાં પોતાના મૂળ ધ્યેયથી દૂર ન ગયો એટલે એ બાબતમાં છેવટે માત્ર જૈનો હાર્યા જ.

રામાનુજે, કબીરે, નાનકે, ચૈતન્યે, તુકારામે અને બીજા સંતોએ ધર્મની દૃષ્ટિએ અસ્પૃશ્યોને અપનાવવા પોતાથી બનતું કર્યું પણ પાછા તેમના જ શિષ્યો આજુબાજુ ફેલાઇ રહેલા જન્મસિધ્ધ ઉચ્ચનીચના ખ્યાલથી હાર્યા, છેવટે સ્વામી દયાનંદ (જન્મથી બ્રાહ્મણ) આવ્યા. તેમણે ધર્મ સમાજ અને રાષ્ટ્ર એ બધી દૃષ્ટિએ અસ્પૃશ્યતાને પાપરૂપ અને તેને ધોઇ કાઢવા સંગીન પ્રયત્નો શરૂ કરાવ્યા. એ પ્રયત્નો તે પહેલાંના કોઇ પણ પ્રયત્ન કરતાં વધારેમાં વધારે સફળ થયા. છતાં અત્યાર સુધીમાં એ પ્રયત્ન માત્ર એક સમાજ તરફથી ચાલતો અને બીજા સમાજો કાંતો વિરોધ કરતા અને કાંતો તટસ્થ રહેતા.

છેવટે મહાત્માજીનું તપ આવ્યું. એને લીધે બધાજ સમાજોમાં અસ્પૃશ્યતા પરત્વે જાગૃતિ થઇ. આ જાગૃતિ વિશ્વવ્યાપી છે. અને તે મોટામાં મોટી જીત છે. આ જીતમાં ફુલાવાને અવકાશ નથી પણ કર્તવ્યનો સવાલ છે. જેઓ અસ્પૃશ્યતા નિવારવાના કામમાં પાછા પડશે તેઓ ધર્મ ચુકશે જ પણ સ્વમાન કદી સાચવી નહિ શકે. ત્યારે હવે આજે શું કર્તવ્ય છે એ ટુંકમાં જોઇ લઇએ—

(૧) અંત્યજોને પોતાને ત્યાં બીજા ઉચ્ચભાઇઓની પેઠે રાખવા.

(૨) જાતે અગર બીજા મારફત કે સ્કોલરશીપ આપીને તેમને ભણાવવા.

(૩) તેમની વચ્ચે જઇને દવા, રંજન, સભ્યતા આદિ માટે કામ કરવું અને તેઓની ખાનપાન શુધ્ધિ માટે પ્રયત્ન કરાવવો.

(૪) તેઓને હિન્દુધર્મના કથા વાર્તાદ્વારા અને બીજી રીતે સ્પષ્ટ ખ્યાલ આપવો તેમજ તેમના વહેમો દૂર કરવા.

—પં૦ સુખલાલજી.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૨૪-૧૨-૩૨.


## પતન કે ઉત્થાન?

અનંતકાળથી સૃષ્ટિમાં પરિવર્તન થયા જ કરે છે. ઉત્થાન અને પતન, રાત અને દિવસ, તડકો અને છાંયો, એ કુદરતના સનાતન નિયમો છે. ઘૂઘવતા મહાસાગરમાં જ્યારે ભરતી આવે છે ત્યારે સમુદ્રની મર્યાદિત જમીન બધી નીરથી પરિવેષ્ટિત થઇ જાય છે. પણ જ્યારે ઓટ આવે છે ત્યારે એ નીર દૂરનાં દૂર ચાલ્યાં જાય છે. તેને સ્થળે રેતીનાં મેદાન નજરે પડે છે. ભૂતકાળમાં ભારતના અનેક ભાગ્ય વિધાતાઓએ પોતાનું ઉત્થાન અને પતન અનુભવ્યું છે. તેમ વર્તમાનકાળ પણ તે નિયમથી બચ્યો નથી. કોણ જાણતું હતું કે રશિયાના ધર્મગુરૂઓ કે જેની એક વખત સમગ્ર યુરોપમાં હાક બોલતી હતી. તેઓને પહેરેલ લુગડે દેશપાર થવું પડશે. પોતાની મેળવેલી અબજોની મીલ્કત એક જ કાયદાથી લુંટાઇ જશે. કોણ ધારતું હતું કે જર્મનના મહા બળવાન કૈસરને તાજનો ત્યાગ કરી એકાંતવાસ સેવવો પડશે. કોણ સમજતું હતું કે અફઘાનીસ્થાનના બીજા અમાનુલ્લાને પોતાના કુટુંબને દુશ્મનના પંજામાં મૂકી અચાનક નાશભાગ કરવી પડશે. ઇરાનના શાહને અત્તરની દુકાન પર પોતાની આજીવિકા ચલાવવી પડશે. અને તુર્કીના ખલિફાને બીજાને આશરે જવું પડશે: આ તો બધો આપણી સામે અરેબીયન નાઇટ્સની માફક પરિવર્તન થતો વર્તમાનકાળનો ઇતિહાસ છે. જૈન સમાજે પણ અનેક ચડતી પડતીના અનુભવો કર્યા છે. એ પણ એક સમય હતો કે લોર્ડ કર્ઝન જેવા નામીચા વાઇસરોયને એક વખત કહેવું પડયું હતું કે હિન્દનો એક તૃતીયાંશ વેપાર જૈનોના હાથમાં છે. દશથી બાર લાખ જેટલી મુઠીભર જૈન આલમ દરેક બાબતમાં મોખરે હતી, આજે એ જાહોજલાલી સ્વપ્નવત્ બની છે. હીરા અને માણેકનો ઝગઝગાટ ઝાંખો પડયો છે. એટલું જ નહિ પણ આપસ આપસમાં એવો કલેશ, કુસંપ અને ઇર્ષાગ્નિનું વાતાવરણ ફેલાયું છે કે જગતમાં બીજા કોઇ પણ સમાજમાં એ શોધ્યું નહિ જડે. આમ આજે જૈન સમાજ પણ ઉન્નતિના ગગનચુંબિત શિખર ઉપરથી ગબડી જઇ અધઃપતનની ઉંડી ખાઇ તરફ એકદમ ધસી રહ્યો છે. છતી આંખે જોઇએ છીએ, છતાં તેને અટકાવવાની કોઇનીયે તાકાત ચાલતી નથી. એ એક આશ્ચર્ય છે. સમાજના આ પતનનાં અનેક કારણો છે, તે પૈકી સાધુઓની સ્વચ્છંદતા પણ કારણભૂત છે. જૈન સમાજની અંધશ્રદ્ધા અને પૂજ્ય બુદ્ધિનો એમણે દુરૂપયોગ કર્યો છે. જ્યાં ત્યાગવૃત્તિ, આત્મશ્રદ્ધા અને ઉત્સાહનાં બીજ વાવવાં જોઇએ ત્યાં હેમણે પોતાની સત્તાને ટકાવી રાખવા, પોતાના સ્થાનને મજબૂત બનાવવા અને આપખુદીના અખાડા જમાવવાને ખાતર કલેશનાં બી વાવ્યાં છે. આજે તે બીમાંથી વૃક્ષો થયાં છે, અને હેનાં ફળો પણ આવી ચૂક્યાં છે. એ ફળોનો સમાજ આસ્વાદ લઇ રહ્યો છે. નહાનાં નહાનાં સરકલોમાં સમાજ વિભક્ત થઇ ગયેલ છે. હેની શક્તિ અને તેજ હણાઇ ગયાં છે. વ્યાપાર પડી ભાંગ્યા છે, ધાર્મિક તેમ જ સામાજિક ખાતાંઓ ઢચુપચુ થવા લાગ્યાં છે અને મૃત્યુના શ્વાસોશ્વાસ લેતો સમાજ વિકટ સ્થિતિમાં પસાર થઇ રહ્યો છે. આવી પરિસ્થિતિ છતાં હજુ રાહ સુઝતો નથી. એ આપણી કમનશીબી છે. આ સ્થિતિ ક્યાં સુધી નભશે?

જગતભરમાં આજે યુવાનીનાં પૂર વહી રહ્યાં છે. યુવકો જ રાષ્ટ્ર, ધર્મ અને સમાજના સુકાની બની રહ્યા છે. આપણા યુવાનો આજના ડામાડોળ થતા સુકાનને પોતે હસ્તગત નહિ કરે? વૃધ્ધો સમાજના રથરોધા ગાડાનો ભાર વહન કરીને થાકી ગયા છે. છતાં સુકાન છોડવાને તૈયાર નથી. સાધુઓ હેની પીઠ થાબડયા કરે છે. અને પોતાનું ગાડું ગબડાવ્યે જાય છે. શું યુવકોને આ રાહ ઠીક લાગે છે? સાધુઓની આપખુદી અને સ્વચ્છંદતા સાલતી નથી? આ બાબતોનો શા માટે વિચાર કરવામાં ન આવે?

સાધુઓએ પણ સમજવું ઘટે કે તેઓ કંઇ અમરપટ્ટો મેળવી લાવ્યા નથી, શ્રીમંતશાહીની હુંફથી હમે ભલે અત્યારે સ્વચ્છંદપણે વિચરો પણ યાદ રાખજો કે આજે આપણા સમાજમાં જે યતિઓની દશા છે હેનાં કરતાં પણ બહુ બૂરી દશામાં હમે મૂકાઇ જશો, સમયબળ આગળ મોટા મોટા માંધાતાઓનાં મુગટો પણ રગદોળાયા છે તો તમે કઇ ગણતીમાં? આજે સામાજીક ક્રાંતિનો ભીષણ જ્વાળામુખી ભભૂકી રહ્યો છે, તેમાં સાધુશાહીનો નાશ થયે જ છૂટકો છે.

આપણે હવે વ્યવસ્થિત બનવું જોઇએ, અને એક રાહ નક્કી કરી તે રાહ ઉપર સમાજને લઇ જવા માટે કટિબદ્ધ બનવું જોઇશે. તો જ આપણે પૃથ્વિમાં જીવી શકીશું. આપણી નિરર્થક વેડફાઇ જતી શક્તિઓને એકત્ર કરી એક મહાન યુવકશક્તિ સર્જવાની જરૂર છે, કે જે શક્તિ આગળ નમે તેવી સાધુશાહી અને હેને પોતાની અંધશ્રધ્ધા અને પૂજ્યબુદ્ધિ ઝાંખી પડે, આવું બનશે તો જ ઉન્નતિનાં પુનઃ દર્શન કરી શકીશું. નહિ તો અધઃપતન તો નક્કીજ છે.

ભાષણ અને વકતૃત્વનો આ સમય નથી, આજે તો આપણે રચનાત્મક કાર્યક્રમ ઉપાડી લેવો ઘટે છે, ઠરાવોની હારમાળા કરતાં હેને અનુસરતું આચરણ કરવામાં જ આપણી મહત્તા રહેલી છે. જો આપણે રચનાત્મક કાર્યક્રમ હાથ ધરીશું તો આપણામાં અમાપ બળ પ્રકટ થશે. અને એ બળથી સમાજને કોતરી ખાતી રૂઢીઓ, સાધુશાહી અને શ્રીમંતોની એકહથ્થુ સત્તાને હઠાવી શકીશું એટલું જ નહિ, પણ સમાજોન્નતિનાં જે અનેરાં સ્વપ્નાંઓ આપણે સેવીએ છીએ હેની સિદ્ધિની તદ્દન નજીક પહોંચીશું તે વખતે એવી કોઇ દુનિઆમાં શક્તિ અસ્તિત્વમાં નહિ હોય કે જે આપણી ગતિનો અવરોધ કરી શકે. પુરાણા અવશેષોના ખોખામાંથી જ નવસર્જન થાય છે તે ભૂલવું જોઇતું નથી, પતનમાંથી જ ઉત્થાન થાય છે, **કોને ખબર છે કે આજની પડતી સમાજની મહાન ઉન્નતિ ન સૂચવતી હોય?**

# જર્મનીથી પત્ર

બોન (જર્મની.) તા૦ ૩૦-૧૧-૩૨.

પ્રિય ભાઇ!

આજે ફરીથી મુસાફરીનું વર્ણન લખું છું–

એડન ઘણી સારી હાલતમાં છોડયું હતું, સાંજના અમે બધા ડેક ઉપર પોતાની આરામ ખુરસી પર આનંદ કરતા હતા. લગભગ ૭ સાડાઉ ના સુમારે સ્ટીમરનાં ડાબા પડખા તરફથી ઉગતા ચંદ્રની રૂપેરી આભા ધીરે ધીરે અમારા ઉપર પથરાવા લાગી. કઇ દિશામાંથી ચંદ્ર ઉગતો હતો તેનો નિર્ણય કરવાની મેં પરવા નહોતી કરી. એ પુરતું મારૂં અજ્ઞાન સ્વીકારવાને હું તૈયાર છું, ચંદ્રની શોભા વધારે સગવડથી ભોગવવા આરામચેર ઉપરથી ઉઠી, સ્ટીમરના અગ્રભાગમાં ઉઘાડા તૂતકના છેડે મેં મારી બેઠક લીધી, ધીરે ધીરે ચંદ્ર ઉપર ચડવા માંડયો, રાતે આકાશ આબેહૂબ સ્વચ્છ હતું અને તેથી જ્યોત્સ્ના અનુપમ ખીલી ઉઠી હતી, અનંત સાગર ઉપર પથરાતી સુખદ જ્યોતિ અનંત જલધિ અને અનંતાકાશને અનેરી સુંદરતા અર્પતી હતી, પવનની લહેરમાં અને જ્યોત્સ્ના રાત્રીમાં અમારી શ્વેત સ્ટીમર ગૌરવાન્વિત કોઇ વીરની પેઠે વિજય સફરે નિકળી હોય તેમ વેગથી પ્રયાણ કરતી હતી. તૂતકના પ્રાંતે ધ્વજ ચડાવવાનાં લોહ સ્થંભનો આધાર લઇ હું બેઠો બેઠો સુંદરતા માણતો હતો, દિવસના તાપ પછી મીઠી પવનની લહેર અતિપ્રિય લાગતી હતી, ઘડીમાં ઉંચે વ્યોમમાં તારક વૃંદમાં રમતો શશિ અને ઘડીમાં સ્ટીમરના તલમાંથી ઉઠતી શશિબિન્દુથી શ્વેતતર જલકણો તરફ નિહાળતો, કયું સૌંદર્ય વધારે–સાગરનું કે વ્યોમનું, તે એક પ્રશ્ન થઇ પડેલો, અને કલ્પનાઓ પાંખો પ્રસારી ઉડવા માંડેલું. કેટલીય તત્વજ્ઞાનની ભૂમિ ઉપર અને કેટલીય સૌંદર્યની ભૂમિ ઉપર પ્રવાસ કરી મનને જરા વિહ્વલ કર્યું સામેથી આવતી કોઇ સ્ટીમર સામીને પોતાનું અસ્તિત્વ સૂચવતો અમારી સ્ટીમરનો ઘંટનાદ અને વિચાર કૂપમાંથી ઘડી ઘડી બ્હાર ડોકીયાં કરાવતો જનસમુદાય ઓછો નહોતો, છતાંય તેનો ભાગ્યે જ ખ્યાલ રહેતો. ખરેખર જ્યારે કુદરત પોતાની સોળ કળામાં સજી થઇ બ્હાર નીકળે ત્યારે બધા કેમ તલ્લીન ન થાય? મને એમ લાગ્યું કે અત્યાર સુધી ભોગવેલા દુઃખનો બદલો આજ એક રાતમાં–અરે! આજ એક ઘડીમાં જ વળી ગયો. ખરેખર તે સૌંદર્યનું વર્ણન કરવું એ સાગર ઉલેચવાના પ્રયત્ન જેવું છે.

ભોજનનો સમય થયે ભોજનાલયમાંથી ઘંટ વાગ્યો, બધાયે નીચે જવાનો પરાણે પ્રયત્ન કર્યો, પેટને પણ તેનો થોડો ઘણો હિસ્સો આપ્યા વિના છૂટકો નહોતો. આ ઠેકાણે અમારા ખોરાકનું થોડું વર્ણન કરૂં તો અપ્રસ્તુત નહિ ગણાય. શરૂઆતના બે ત્રણ દિવસ ભોજનાલયમાં ટેબલ પાસે જવાનું પણ મન નહોતું થતું, એક જાતનો એવો વહેમ પણ હતો કે કદાચ જોઇએ તેવી નિરામિષાહારની સગવડ નહિ હોય. પણ તે દિવસે ટેબલ ઉપર જઇને ખાત્રી થઇ ગઇ કે સ્ટીમરમાં ખાવાની અડચણ લગભગ નહિ જેવી પડે છે. બ્રેડ, માખણ, જામ, ભાત, શાક (આપણું હિન્દી રીતે તૈયાર કરેલું) દુધ, કેકો, ફળ વિગેરે અનેક વસ્તુઓ આપણી સરભરા માટે તૈયાર હોય છે સ્ટીમરમાં અનુકુળ ખોરાક નહિ મળે તે ભયે ખાવાના ડબ્બા મુંબઇથી ઉંચકવા તે મુર્ખાઇ છે. જો કે મે તો કંઇ ખાસ ખાવાનું સાથે નહિ લીધેલું, પણ કેટલીક મારી અજાયબી વચ્ચે અનેક વસ્તુઓ બ્હાર કાઢતા; મને એ વિચિત્ર લાગ્યું. જ્યારે આપણી અનુકુળતા પ્રમાણે ખોરાક મળી રહેતો હોય છતાં બધું ભરી લાવવું, તે મને વધુ પડતી મોટાઇ લાગે છે.

ખાઇને ફરી હું ઉપર આવ્યો, લગભગ બાર સાડા બાર વાગે મેં તૂતક ઉપર જ સુવાનો સંકલ્પ કર્યો. સૌંદર્યપાન છોડીને સુવું તે જ અરૂચતું હતું તો પછી કેબીનમાં તો કેમ જ જવાય?

પ્રભાત પણ રળીયામણું ઉગી ઉઠ્યું. પૂર્વગગનની પ્રાંતે સોનેરી વર્ણનાં વાદળામાંથી નિકળતા સૂર્યે અમને જગાડયા, વળી પાછી તૂતક ઉપર વસ્તી થઇ ગઇ. જેટલી ચાંદની રઢીયાળી હતી તેટલું સુંદર પ્રભાત નહોતું, છતાં કદરૂ તો નહિ જ, જેમ જેમ દિવસ વધ્યો તેમ તેમ ગરમી વધવા માંડી, જો કે રાતા સમુદ્રમાં ગરમી ઠીક પ્રમાણમાં હતી પણ અસહ્ય તો નહિ જ. રાતા સમુદ્રની ગરમી માટે ઘણી ઘણી વાતો સાંભળેલી પણ તેમાંનું કંઇ લાગ્યું નહિ. જે વખતે રાતા સમુદ્રમાંથી સ્ટીમર પસાર થાય છે ત્યારે કિનારો બેમાંથી એક બાજુએ, અને ઘણી વાર તો બન્ને બાજુએ દેખાયા કરે છે અને રસ્તો પણ તદ્દન સૂનો નહિ. કલાક બે કલાકના અંતરે એકાદ નાવ નજરે પડે, અરબી સમુદ્ર જેવી શૂન્યતા હવે નહોતી રહી.

રાતના બારવાગે સુએઝના નાકે અમે પહોંચ્યા. સામેથી લાંબી દીપાવલિ જણાવા લાગી અમારી સ્ટીમરનો વેગ ધીમો પડયો. આજુબાજુના ખડકોમાંથી ત્રિરંગિત નિશાન સૂચક ઘંટ અને સીસોટી (સીટી) રવ વારે વારે સંભળાવા લાગ્યો. સામે બીજી કેટલીક સ્ટીમરોનો તેમાં રહેલા દીપકોના હલનચલનથી સૂચિત–આવરો જાવરો વિચિત્ર ચિત્રો ખડા કરતો હતો. થોડીવારે પાઇલોટ હોડી આવી પહોંચી. તેની સાથે બીજા કેટલાક મુલાકાતીઓના મળવા પણ આવ્યા. તેમાંના કેટલાક સ્ટીમર ઉપર ચડી આવ્યા. તેમણે તેમની બોટ (Mystic બોલીમાં પહેલા સ્ટીમરના ખારવાઓ સાથે યાંત્રિક કાર્ય પતાવ્યા પછી મુસાફરો સાથે સોદો શરૂ કર્યો.

થોડી વારે સ્ટીમર સુએઝ નહેરમાં જવા ઉપડી, વેગ તદ્દન ધીમો હતો, કલાકના ચાર માઇલ. ચાંદની અજબ ખીલી નિકળી હતી અને તેથી આખી સુએઝ જાગીને જોવાને મન લલચાયું પણ આગલા દિવસોની ચાંદનીમાં જાગવાની બધી શક્તિ ખરચી નાખી હતી, એટલે વધારે વખત આંખ ઉઘાડી રાખવી અશક્ય હતી. થોડાક સુએઝની હદ બતાવતા દીપસ્તંભો જોયા પછી મેં તૂતક ખુરસી પર ઉંઘવાનું શરૂ કર્યું, નાનું મોટું મત–સરોવર; કે જે જોવાની પ્રબળ ઇચ્છા હતી. તે બધું ઉંઘમાં જ પસાર થઇ ગયું. સવાર પડી ત્યારે ઘણા ભાગની સુએઝ વટાવી દીધી હતી, એક બાજુ વાલુકી અને ક્રિશ્ચિયન લોકોની પવિત્ર ભૂમિમાં જતી પેલેસ્ટાઇન રેલ્વે અને બીજી બાજુ કેએરો–મિસર દેશ–રેલ્વે જણાતી હતી. જ્યારે કોઇ સ્ટીમર વચમાં મળતી ત્યારે નાની મોટીને માટે બાજુએ ખસી માર્ગ કરતી, જો કે આ બળીયા બે ભાગવાળો ન્યાય મને ન રૂચ્યો, પણ તે નભાવ્યા વિના છૂટકો નહોતો. આખી દુનિયામાં એ જ ન્યાય ચાલે છે ને? બુદ્ધિબળ કે શરીરબળ જે શક્તિ સ્વાર્થને માટે વાપરવામાં આવે છે. તે શક્તિ બળીયાના બે ભાગવાળો જ ન્યાય અનુસરે છે અને ત્યારે તે હંમેશાં નીચ બને છે. પછી તે શક્તિ ગમે તે હો, ચાહો બુદ્ધિ, ચાહે શરીર, ઠીક પણ, અહિં હું તત્વજ્ઞાન નહિ ડોળું–જેમ જેમ પોર્ટસૈયદ પાસે આવતું ગયું તેમ તેમ બન્ને બાજુ વધારે વધારે મકાનો દેખાવા માંડયા, તેમાંના ઘણા ખરા પેટ્રોલ અને કેરોસીન કંપનીના જણાતા હતા, તેમાંનાં કેટલાક આજુબાજુ સુંદર ઉપવનથી સુશોભિત હતા. બપોરના અગિયાર વાગે અમે પોર્ટસૈયદ પહોંચ્યા.

વિશેષ હવે પછીના પત્રમાં લખીશ. તમારા ખબરના સમાચાર જણાવજો.

લિ૦

શી૦ હરિ, શાંતિ:૦૪

# ભેદી પત્રો.

પાલીતાણામાં બહાર પડેલા પ્રકરણથી સાગરજી સૃષ્ટિવિરૂદ્ધ કર્મ કરે છે એવી માન્યતાને અંગે સમાજના એક અગ્રણીય આગેવાને, સમાજના એક અગ્રગણ્ય આચાર્ય પર લખેલા પત્રો.

(૬)

મુંબઈ તા૦ ૨૪-૧૨-૨૦

પરમ પૂજ્ય અનેક શુભ ગુણાલંકૃત મુનિ મહારાજશ્રી × × × × ના ચરણ કમલમાં.

શ્રી × × ×

મુંબઈથી લી. દાસાનુદાસ × × × × × × ની × × × × ×

પાલીતાણાની હકીકત જે પ્રમાણે સાંભળી છે તે ખેદ કરાવે તેવી છે કેટલીક હકીકત એવી છે કે પત્રમાં લખી પણ શકાય નહિ, સૃષ્ટિક્રમ વિરૂદ્ધ કર્મ કેટલાક લાંબા વખતથી ચાલતું હતું તે બહાર આવ્યું છે કાતી સુદિ ૧૧ સવારે દશથી અગી-આરના વખતમાં આ સંબંધમાં મણિવિજયજી સાથે તકરાર થઇ અને સાગરજી તેમની છાતી ઉપર ચઢી બેસી ગળચી પકડી હતી બને જણે એક બીજાની એમ પેટ ભરીને ખુલ્લી પાડી જે અવાચ્ય છે. સાગરજીના પ્રથમ મશહુર ભાણુભાઈ અમરચંદ સુરતીએ દરેક બનતી હકીકતનું કેટલાક માસથી બારીક અવલો-કન કરી આ કર્મ ચાલે છે તેની ખાતરી કરી લીધી. અને સાગરજી તથા આનંદવિજય બંનેએ એકાંતમાં નહિ સુઇ રહેતાં સાધુ સમુદાય વચ્ચે સુવા આગ્રહ કર્યો પણ સાગરજીએ કહ્યું. **હું આવો અનીશ ચીપીઓ લઇશ. પણ તેને છોડીશ નહિ.** આ શબ્દો બોલ્યા હતા. એકંદરે જે હકીકતો જુદા જુદા માણસોથી મળતી રહી છે તે જોતાં તથા તેઓના મોંઢા-માંથી જે શબ્દો નીકળ્યા છે તે જોતાં શંકાને સ્થાન નથી. ઉપરાંત સાંભળવા મુજબ × × × × × × મારફત × × × × વાળાને પણ કંઇ ભેટ પહોંચી હોય તો તાજુબ નથી. તે પ્રયાસ પણ થયો છે. અંધશ્રદ્ધાળુ ભક્તો ઢાંક પીછોડો કરવાની તજવીજ પુરેપુરી કરી રહ્યા છે. સાગરજી શીહોર આવ્યા છે ભાવનગર જવાની ખટપટ કરી રહ્યા છે- ભાવનગર જાય તો કંઇક નવા જુની થાય તેમ લાગે છે. જ્યાં સુધિ હું જાણું છું ત્યાં સુધિ × × × × મહારાજને આ બાબતનો નિશ્ચય પુરેપુરો થઇ ગયો છે અને તેઓએ પોતાના શિષ્યોને વાચનામાં જતા બંધ કર્યા છે તેઓશ્રીને મજબુત પુરાવાઓથી ખાતરી થઇ છે તેમ મારા જાણવામાં પણ આવ્યું છે ભાણુભાઇ રાતોરાત પાલીતાણાથી નાસી અત્રે ન આવ્યા હોત તો તેઓનો ઘાટ ઘડાઇ જતે-જે હકીકતો એક પછી એક બહાર આવતી રહી છે તે જોતાં સાધુ સમાજમાં ઘણો સડો લાગી ગયો છે અને સાધુ જીવન પ્રત્યે શ્રદ્ધા ઉઠી તેવા પ્રસંગો બનતા રહ્યા છે, માણેકવિજયજીને પાલીતાણાથી દેશપાર કર્યા એટલે તળાજાવાળાઓએ ધામધુમથી સામૈયા સાથે પ્રવેશ કરાવ્યો. સમાજ પણ આવો અંધશ્રદ્ધાળુ છે શાસનપ્રેમીઓએ જાગૃત થઇ વિચાર કરવાની આવશ્યકતા છે × × × × × ને પણ સોળેસોળ આના ખાત્રી થઇ ચુકી છે × × × × × પણ પ્રથમ વિનંતી કરી આવ્યા તે ના કહેવા જવું પડ્યું છે. × × × × × × × × × ભાઇ જેવા અંતેવાસીઓ-ઢાંક પીછોડા કરવા, કરાવવા, અને તેમાં મદદ કરવા પ્રયાસ સેવી રહ્યા છે તે પણ સાંભળવામાં આવે છે.

(૭)

મુંબઇ તા૦ ૨૮-૧૨-૨૦

પરમપૂજ્ય × × × × × ×

મુંબઇથી લી૦ × × × × × ×

મારા છેલ્લા પત્રથી કેટલીક હકીકત આપશ્રીના સમજવામાં આવી હશે. ભાણુભાઈ મારા ત્યાં અત્રે પાલીતાણાથી આવ્યા બાદ બે વખત આવ્યા હતા, અને બબે કલાક સુધિ વિસ્તારથી મુદ્દાસર બધી હકીકત કહી હતી. તેઓ સાગરજીના પ્રથમ મશહુર ગણાતા હતા. પાલીતાણામાં મોટા પાયા ઉપર રસોડું ખોલી ચોમાસું રહ્યા હતા. અને ભાવનગર તથા રતલામની વાચના માટે બન્ને સ્થળે ઘરો પોતે ભાડે રાખ્યાં હતાં-ખાસ ભક્ત હતા તેઓ સુરતના છે અને શાસ્ત્રમાં પણ સારૂ જાણે છે. તેઓને આ અવાચ્ય દુરાચાર સેવાય છે તેની માલુમ કેટલેક માસ થયાં પડી તે ઉપરથી ખાનગી તજવીજ અને પુરાવા મેળવવા શરૂ કર્યા. અને લગભગ પંદર વરસ થયાં આ સડો ચાલુ હતો તેની મુદ્દાસર-સાલ ગામવાર તથા કયા શિષ્ય અથવા સાધુ સાથે આ રીતિ લગભગ સં. ૧૯૬૨-૬૩ થી સાલથી, આ કુકર્મ ચાલુ છે તેની ખાતંરી લાયક વિગતોનું ટીપણુ કર્યું છે જે સાંભળતાં ધિક્કાર અને ખેદ થાય તેવું છે કારતક સુદિ બીજ ત્રીજ લગભગમાં × × × × × અને × × × × × પાલીતાણે ગયેલ તેઓની આગળ છેવટે ભાણુભાઇએ આ વાત બબ્બે કલાક બેસી અથડતી કહી જે વાત મને × × × × એ અત્રે આવતાં જણાવી હતી. × × × × પાલીતાણેથી ભાવનગર જઇ આ વાત × × × × ને કહી × × × × એ કહ્યું કે કેટલાક વખતથી આ વાત મારા સાંભળવામાં આવે છે પણ આવી મુદ્દાસર સાંભળી નહોતી. જે શિષ્યો સાથે આ કર્મ કરાતું તેઓને સમજાવવામાં આવતું કે **આમાં ચોથા વ્રતનો ભંગ થતો નથી. તે તો સ્ત્રી સાથેના સબંધથી જ થાય** છે. આ ઉપરથી ભાણુભાઇએ પાલીતાણામાં બીજા સાધુ પાસે છ છેદસુત્રો પણ તપાસરાવ્યા. ભાણુભાઇએ ખાનગીમાં સાગરજીને જણાવેલ કે જે કંઇ બન્યું હોય તે માટે આપ પ્રાયશ્ચિત લઇ લ્યો અને હું અહિંથી રતલામ સંઘ કાઢી આપને લઇ જઉં અને આનંદ વિજય જે એક ડામીજ તરિકે પ્રથમે બે વખત જાહેર થએલ છે તેમને તમારી પાસેથી દૂર કરો- સાગરજીએ આ એક વાત સ્વિકારી નહિ બાદ સમુદાયના વચ્ચે સુવાનો આગ્રહ કર્યો તે પણ સ્વિકાર્યો નહિ-તેવામાં કાતી સુદિ ૧૦ ના દિવસે-બંનેના પાટ જુદા કર્યા-જ્યાં રાતના આનંદવિજય પાટ બહારથી જોડે લાવ્યાં પાટ હમેશાં રાત્રે અમુક જગ્યાથી અમુક જગ્યાએ ખસે ને નીચે સુઇ રહેલા સાધુઓ તથા ઉપ-ધાનવાળા શ્રાવકો સારી રીતે જાણી શકતા હતા-મણિવિજયજીએ × × × × × × × × ને કહ્યું કે ગઇ રાતે પણ આ રીતે બે પાટો ભેગી થઇ હતી-આ વાત ઉપરથી કાતિ સુદ ૧૧ ના દિવસે જે બન્યું તે મેં આગલા પત્રમાં લખેલ છે સાગરજીનો આખો સમુદાય સડી ગયેલો કહીએ તો ચાલે તેમ છે. કેટલાય સાધુ સાથે આ કર્મ થયું છે. પાલીતાણાની ×

(અનુસંધાન માટે જુઓ પૃષ્ઠ ૬૯ મું.)

# આપણા જાહેર ફંડો અને તેની વ્યવસ્થા.

નાનાલાલ દોશી.

જૈન સમાજની અમાપ દોલત આજે જુદા જુદા પ્રવાહોમાં વહેંચાય છે જ્યાં તેનું કશું સુંદર પરિણામ દ્રષ્ટિગોચર ન થતું હોય તો તેનું કારણ અવ્યવસ્થા છે. અને કેટલીક વેળા એમ પણ બને છે કે જ્યાં તે ધનપ્રવાહનું વ્હેણ વહેવું જોઈએ ત્યાં ન વહતાં બીન જરૂરીઆતવાળાં ખાબોચીયાભરના કાર્યોમાં વહી સુકાઈ જાય છે. આજે આપણી સમક્ષ બે પ્રશ્નો છે. ક્યે ક્યાં પૈસાની જરૂરીઆત છે તે એક પ્રશ્ન. અને તેનું સુંદર પરિણામ લાવવાની કાર્યસિદ્ધિ તે દ્વિતીય પ્રશ્ન, આ બે પ્રશ્નોને દ્રષ્ટિબિન્દુમાંથી બહાર રાખીને જે જે કાર્યો થાય છે તે કોઈ રીતે સમાજ પ્રગતિના વેગને ઉત્તેજન નથી આપતા.

**નક્કર યોજનાની જરૂરીઆત–**

આપણાં દહેરાસરો, ઉપાશ્રયો, જ્ઞાન ભંડારો અને પેઢીઓ વગેરે જાહેર ઉપયોગનાં ખાતાંઓ પાસે વિપુલ ધનભંડારો છે, ગામડે ગામડે મંદિરો છે, જ્યાં ત્યાંના નગરશેઠો આ દ્રવ્યના વ્યવસ્થાપક તરીકે પેઢી દર પેઢીથી કામ કરે છે. જો ક્યાંએક એકહથ્થુ વ્યવસ્થા હોય છે. તો ક્યાંએક સમિતિઓને તે કાર્યની સોંપણી થતી હોય છે. આપણી પાસે એ દરેક ખાતાં પાસે કેટલી મુડી છે અને તેના આવકખર્ચની શું માહિતી છે તેની વિગત નથી. દર વર્ષે આ હિસાબોને જાહેર પ્રકાશન મળતું હોય તો અત્યારની ગેરવ્યવસ્થા થવી અસંભવીત નથી. શ્રી શ્વે. કોન્ફરન્સ આ વિષેનું કાર્ય ઉપાડી તેની જૈનજનતાને જાણ કરતી રહે તો કંઈક રચનાત્મક કાર્ય કર્યું કહેવાશે. અથવા તો સમાજ સમક્ષ આવાં ખાતાંઓની વ્યવસ્થા માટેની અમુક યોજનાઓ રજુ કરે તો પણ તે કાર્ય અમુક અંશે જરૂર ફળદાયી નિવડશે. આજે દેવદ્રવ્યનાં જાહેર ઉપયોગની વાતથી ભડકતી ઘણીએ "મોટી પાઘડીઓ" દંભ સેવી આ જાહેર ફંડોનો શું ઉપયોગ કરે છે તે બીના વિષે લંબાણ લખવાની હવે જરાયે જરૂર નથી રહી.

પરિષદોના અને સ્ટેન્ડિંગ કમીટિઓના લાંબા ખુશામતભર્યાં ભાષણો કરતાં આ ઉપયોગી દિશામાં કંઈક નક્કર કાર્ય થાય તો જૈન સમાજનાં જરૂરી ક્ષેત્રોને સિંચન મળશે, એટલું જ નહિ પરંતુ આજનાં અનેક ગુંચવતાં પ્રશ્નોનો સ્વમેવ ઉકેલ થશે. આજે આંતર નિરીક્ષણની જરૂર છે. **ભપકાદાર ધાર્મિક ઉત્સવોમાં લાખો રૂપિઆ પ્રતિવર્ષે ખરચાય; તેમાં જેટલું જૈન સમાજનું કલ્યાણ આપણા મુનિરાજો અને અનેક ધનિક બંધુઓ માને છે; તે કરતાં હજારગણું કલ્યાણ આપણા સમાજ દેહની ખરી જરૂરીઆતો પોષવામાં છે, તે સમજવાનો વખત હવે બરાબર આવી પુગ્યો છે.** આપણાં વેવલાપણામાંથી છુટી આપણા આંતર કલહો અને મતભેદો ભુલી. હાથોહાથ મિલાવી પૂર્ણ ભ્રાતૃભાવની ભાવનાથી રંગાઈ હવે આપણે આપણા અનેક સડાઓનું નિકંદન કાઢી નૂતનયુગ પલટવા નીકળી પડીએ તો થોડા જ વખતમાં પરિવર્તન લાવી શકીશું. જૈન સમાજના મંદોત્સાહી યુવકો અને શિથિલ મુરબ્બીઓ (!) વીરમીસકીનું ધમધમાટભર્યું જીવન જીવતાં શીખે તો જ તેમનાં અસ્તિત્વની સાર્થકતા કહેવાશે.

**જૈન બેંકની તાત્કાલિક જરૂરીઆત–**

જૈન બેંકની યોજના જેને હમણાં હમણાં કંઈક સમર્થન મળ્યું છે. તે અમલમાં મૂકી અનેક ખાતાંઓના ધન સંગ્રહ માટે તેને કેન્દ્રસ્થાન બનાવવામાં આવે તો તેમાંથી અનેક શુભ કાર્યોની શરૂઆત થવાનો સંભવ છે. જૈન બેંકની યોજના પર આજે અસંત ખંત અને ધગશની જરૂર છે. એને માટે જે માનસ કે જે વાતાવરણ ઉપસ્થિત થયું હોય તેનો તે વખતે લાભ લેવાવો જોઈએ. ઉપરોક્ત ગેરવ્યવસ્થા પરથી કંઈક સંગીન કાર્ય પર આવવા માટે મને જૈન બેંકની યોજના બહુ જ સુંદર લાગે છે. આપણાં મંડળોની નાની નાની સમિતિઓ નીમી આવા પ્રશ્નો પરત્વે કંઈ સાહિત્ય એકઠું કરવામાં આવે તો તે અભ્યાસીને ઘણું ઉપયોગી થઈ પડશે.

---

( ૬૮ મા પૃષ્ઠથી ચાલુ )

× × × × કબાડે × × × × × × × × × × ગયેલ અને × × × × × × ના ત્યાં બેસી × × × વાળાને કંઈ પણ ન આપવા સો રૂપીઆ આસરે મોકલાવ્યા પણ તેણે લીધા નહિ. અને જણાવ્યું કે "ચાર આંક હોય તો વાત કરો" અને પ્રશ્નો ટુંકમાં કાપી દીધું. આ હકીકત મને × × × × × × × × જે × × × × × એ હાલ અત્રે છે તેમણે જણાવી પાછળથી પેટ પુરતું મળી ગયેલું લાગે છે જેથી તેણે કંઈ પણ આપ્યું નથી–હવે સાગરજીએ સીહોર આવી મુકામ કરી અત્રે × × × × × × ને તાર કરાવ્યો ભાવનગરથી × × × × × પણ ગયા હતા અને તેમનું ચાલત તો જરૂર ભાવનગરમાં સામૈયા સાથે પ્રવેશ પણ કરાવતે પણ ત્યાંના યુવક મંડળે ૪૫ સહીથી આ લોકોને નોટીસ આપી અને ભાવનગર જવાનું બંધ થતાં વિહાર કરી વળા આવવાના સમાચાર મળ્યા છે–બાલુભાઈને પણ પોતાની જીંદગીના ખાત્રી લાગી અને રાતો રાત × × × અને × × × સિપાઈઓની મદદથી પાલીતાણા છોડી રાત × × × માં જવામાં કાઢી પરોઢીઆની ગાડીમાં રવાને થઈ અત્રે આવ્યા હતા હું–બાલુભાઈને આજકાલ મળી આપને વિગતે પત્ર લખવા જણાવીશ.

પાલીતાણેથી દેખાવ કરવા આનંદવિજયને જુદો કરેલ તે સાંભળવા મુજબ વળા સાગરજી ભેગો આવી ગયો છે.

× × × ×

ઉપરની હકીકત બહુ વીસ્તારવાળી છે ટુંકમાં ફક્ત મતલબ લખ્યો છે કેટલીક હકીકત તો લખી શકાય તેમ છે જ નહિ–ધર્મબંધુઓને આ હકીકતની જાણ થતાં સખ્ત આઘાત થશે છે તેમના ભક્તો ઢાંકપીછોડો કરવાની તજવીજ પુરેપુરી કરે છે જણાવે છે "મણિવિજયજીને આચાર્ય પદવી જોઈતી હતી તે સાગરજીએ આપી નહિ" અને બાલુભાઈને છોકરો જોઈતો હતો તે આપ્યો નહિ એટલે આ વાત ચલાવી" આવી બનાવટી વાત બચાવ માટે ઉભી કરવામાં આવી છે. મુખ્ય સમાચાર આ રીતે છે,

આ પત્રનો મતલબ ધ્યાનમાં લઈ ઉપયોગ કરાવશોજી.

× × × × × ભાવનગર.

**નોટ–**પત્રોમાં સમાજના અગ્રગણ્ય આગેવાનોના નામો હોવાથી તે સ્થળે આવી × ચોકડીઓ મૂકી છે, પરંતુ જણાશે તો યોગ્ય સમયે તે નામો બહાર મૂકીશું.

# મૌન એકાદશી.

## ("શાહની ડાયરી"માંથી)

સંગ્રાહક:—"ચોકસી"

ધર્મના પવિત્ર પર્વો એ આત્મશુદ્ધિ અર્થે નિર્માએલા અનુપમ દિનો છે, એ વેળા આત્મકલ્યાણકારી ઉપદેશ શ્રવણ કે વાંચન, મનન અને નિદિધ્યાસન જ શોભે. એ સુસમયે પારકા પોપડા ઉખેડનાર કે હોશયુક્ત વાતો કરનાર જરૂર કર્મથી ભારે બને છે.

અલી જડાવ! આવવું છે ને? આજે તો અમદાવાદના ભોળાશેઠ તરફથી પ્રભાવના થવાની છે. મંછા ડોસીએ ઉપાશ્રયે જતાં મોટા સાદે બૂમ પાડી કહ્યું—હા, કાકીજી! આ આવી. જુવોને હું તો તૈયાર જ છું પણ આ બાબુને ફીફીને શણગારતાં વાર તો લાગે જ ને!

ત્યાં તો પડોશમાંથી કમળા પોતાના ધાવણા બાળ સાથે અને ચંચળ પા ડઝન છોકરાંઓ લઈ સાથમાં ભળી. ડોશીમાના અવાજથી રૂખીફઈ જાગી ઉઠયું ને પ્રભાવનાની જાહેરાત એવી રીતે થઇ કે મંગળ રસોઈ કરતાં ઉઠી અને ચંદન નાના હીરાને બૂમ પાડતાં ઉપાશ્રય પ્રતિ ચાલવા લાગી. પ્રભાવનામાં એવું જાદુ ભરેલું છે કે એ કર્ણપટ પર અથડાતાં જ નારીવૃંદના ટોળે ટોળાં, બાળક-બાલિકાના સમૂહ સાથે ઉપાશ્રયમાં ખડકાવા માંડયા. મંછા ડોસીવાળી મંડળી પગથીઆ ચડવા લાગી ત્યારે ઉપાશ્રય તો ઠસોઠસ ભરાયેલો હતો અને કોલાહલ તો એવો મચેલો કે મહારાજ સાહેબનો સાદ મ્હોટો છતાં વ્યાખ્યાનના શબ્દો ભાગ્યે જ આઘે પહોંચતા! આગળ બેઠેલા ભગતોમાંથી 'ગરબડ ન કરો' 'શાંતિ રાખો' 'રડતા છોકરાને બહાર લઇ જાઓ' એવા કેટલાયે આદેશો છતાં પણ નગાર ખાનામાં તુતીના અવાજ માફક નિષ્ફળ નિવડતા. આજે નારી સમૂહમાં એ પરત્વે જરા માત્ર પરવા નહોતી. એ તો નાના કુંડાળામાં ખેંચાઈ વિચિત્ર વાર્તાલાપમાં મશગુલ બની હતી. ઘણા દિવસે મેળાપ થવાથી કોઈ જગાએ ઘર સંબંધી પૂછપરછ થતી, તો બીજે ફલાણી માંદી છે ને પેલાની સાસુ કર્કશા છે એવા મણકા મૂકાતા; વળી ત્રીજે સ્થળે પ્રભાવના શ્રીફળની છે કે પતાસાની એના અનુમાન બંધાતા. જ્યારે ચોથી તરફ ઘડીઆળ સામું ને મહારાજ સામું વારંવાર મીટ મંડાઇ 'સર્વ મંગલ માંગલ્યમ્'ની રાહ જોવાતી હતી. પુરૂષ વર્ગમાં પણ 'જી' 'જી સાહેબ' કરનાર સિવાય કેટલાયની નજર ઘડિઆળ યંત્રના કાંટામાં રમતી. ઘણાને થતું કે આ ઘોંઘાટમાં તે શું સંભળાય! મહારાજજી નકામો કંઠશોષ કરે છે!

પણ ત્યાગ ધર્મમાં લીન અને તદાકાર બનેલા મુનિશ્રી આવી ગીકાર શ્રોતાગણને પરમાર્થ કારણે થોડા અમૃત ટીપા પાયા વગર પાછો જવા દે તો તેમની વિદ્વત્તાને ક્ષતિ પહોંચે એટલે તેઓશ્રીએ પણ હાંકયે જ રાખ્યું. વૈરાગ્યનું સ્વરૂપ એવી છટાથી સમજાવતા કે ઘડીભર લાગતું કે આગળ બેઠેલામાંના કેટલાક અવશ્ય પંચમુષ્ટિ લોચ કરી નાંખશે. ઘણાક તો આજથી હાથ જોડશે કે પોતાના સંતાનના હવેથી વિવાહ નહિ કરે. જરૂર તેઓ તેમને ગુરૂ ચરણે ધરશે. કહે છે કે—ભરથરીનું નાટક જોઈ મુંબઇમાં ભાટીઆના ચાર છોકરા સન્યાસી બની ગયા, તો પછી કે અનેકાન્તિનિના [illegible] જાણકાર આ મહાત્માનું શું પૂછવું.

અરે! પણ આ શું? પર્ષદાના મોટા ભાગને તો જાણે આ બે કલાકના બોધની કંઇ અસર જ ન મળી. મુનિશ્રીએ ખાતાં ખાતાં નહિ બોલવાનો સામાન્ય નિયમ લેવા જ્યાં હાથ જોડવા જણાવ્યું ત્યાં આખા બે જ હાથ જોડાયા! શ્રોતૃગણની આ દશા!

બસ! 'સર્વ મંગળ' શરૂ થયું ને જ્યાં 'જૈનં જયતિ શાસનમ્' થાય છે, ત્યાં તો ઉપાશ્રયના દરવાજા પર ધમાધમ મચી રહી. ગણ્યા ગાંઠ્યાની ધીરજ રહી. મરદ શું કે ઓરત શું, મોટા નાનાનો વિવેક પડી કે બાંધી, કેમ જલદી પ્રભાવના લઇ [illegible] એ ઇરાદે ધમાધમ કરતાં દોડવા લાગ્યા. વાનર સેનાના ઉત્પાતનું તો પૂછવું જ શું? આજના પવિત્ર પર્વને ધ્યાનમાં લઇ ચોપડા વાંચવા તો ગેરહાજર રહેલા પણ બે પગાએ પતરા ખખડાવવામાં મણા ન રાખી અને પેલાઓની ઠીક મદદ આપી. અજાયબી તો એ હતી કે નીતિ-વિવેક અને સભ્યતા સંબંધી લાંબી પહોળી વાતો કરનારા સંખ્યાબંધ મોટેરાઓ જે બાજુ સ્ત્રીઓની સખ્ત ભીડ હતી અને બાળકોના હાથ પગ કચરાતા હતા તે તરફ ધક્કા મારતા આગળ વધવા લાગ્યા. તેમના મુખ પર શરમનો છાંટો નજરે આવતો નહિ! તેમના આગમનથી થોડીક અબળાઓને આડુ ઓઢી પાછું ખસવું પડયું, જ્યારે કેટલીક તો શરમાઈ એક બાજુ ઉભી થઇ રહી.

ઉપાશ્રયના બારણા ઉભય બાજુ હોવાથી સરળતાથી સ્ત્રી પુરૂષો જુદા જઇ શકે તેમ હતું. વળી જે મુખ્ય માર્ગથી મોટા ભાગે પુરૂષો નીકળતાં તે તરફ ભાગ્યે જ કોઇ સ્ત્રી નજરે ચઢતી; છતાં પુરૂષો શા સારૂ ગંજુ ભેગો કરતા હશે? ભાવના ભલેને શુધ્ધ હોય છતાં વ્યવહારથી આવું વર્તન અવશ્ય ઉલટું મનાય.

પ્રભાવના વ્હેંચતાં કેટલાક આપતી વેળા કેવો ભેદભાવ કરે છે, લેનાર બૈરાંઓમાંની કેટલીક એક કરતાં વધુવાર કેવી રીતે લે છે અને સામે આવી માંગનારમાં સમાજની જ બ્હેનો કેવી કેવી વાતો સંભળાવે છે એ આખુયે ચિત્ર એટલું વિરૂપ ને શરમ ઉપજાવે તેવું છે કે જે માટે લેખિની ગતિ ન કરી શકે. વળી પ્રશ્ન થાય છે કે બારોબાર દોષથી ભરેલા ખાંડના પતાસાની તે પ્રભાવના હોય! એ તૈયાર કરતાં કંદોઇને ત્યાં કેવી જીવહિંસા થાય છે, વળી ખાલી થતાં ખોખામાં મંકોડાના કેવાયે ઝુંડ વળ્યા હોય છે અને એમાંના કેટલા અટવાય છે ને ચગદાય છે! ગળપણને લઈ એ પાછળ કીડીઓની કેવી હાર મંડાય છે, એ બધો વિચાર કરતાં જૈન હૃદય એને કેમ નભાવી શકતું હશે? પ્રભાવનાનું આવું વિકૃત સ્વરૂપ ઘડીભર ચલાવી લેવાય જ શી રીતે?

જે પ્રભાવનામાં ભાવના કરતાં વધુ સામર્થ્ય સમાયેલું છે તે શું આ પ્રકારની?

જ્યાં મહારાજશ્રી પાટ ઉપરથી ઉતરી ઉપર સિધાવ્યા ત્યાં પોષાતી ને દેશાવકાશિક વ્રતવાળા નાના મોટા ટોળામાં બેસી ગયા. સમજણુ મંડળમાં તો ધર્મચર્ચા, સ્તવન, સંભારણું અગર તો દીક્ષા પ્રકરણ શરૂ થયું. પણ બીજી બાજુ તો 'પેલાલીના જમાઈને કેમ તાળાં દેવાઈ ગયાં છે?' '[illegible] સાથી ઘડીક ગયો?' 'આવોમાં આવું પરિવર્તન [illegible] કયાંથી ચડી

આવ્યું ?' અગર 'સાધુને આહાર શોધી કરવાથી ધર્મ ઓછો આવે કે કેમ ?' ઇત્યાદિ વિષયો ઉખળવા લાગ્યા. કોઇ સ્થળે તો 'એ તો દીક્ષા વિરોધીઓ જ છે, ધર્મનું સત્યાનાશ વાળવા બેઠા છે, અરે ! મહારાજ કહેતા હતા કે–એવાઓની ધર્મકરણીમાં પણ દંભ ભર્યો હોય છે !' વગેરે પ્રવચન ચાલતાં, તો એકાદ બે વ્યક્તિઓએ બધા તરફ દુર્લક્ષ્ય દાખવી બુલંદ અવાજે 'નિરખ્યો નેમિજિણંદને અરિહંતાજી' લલકારતી, નાની વયના બાળપોષાતી ચરવળા સાથે ઘૂમી રહ્યા હતા. જ્યારે વૃધ્ધોમાંના ઘણાએ તો નિરાંતથી કટાસણાની મર્યાદ વટાવી આગળ વધી દેહલતાને લંબાવી હતી ને કોઇક તો સોડે ચડી પણ સૂઇ ગયા હતા ! આ મૌન એકાદશીના વ્રતધારીઓ ! ચંદ્રકાંતે પણ આજે પૌષધ કર્યો હતો. તેના ઘણા મિત્રોએ છઠ ને કેઇ વ્રત કર્યું હોવાથી તેમ જ રજાનો દિન હોવાથી ઉપાશ્રયમાં સારી સંખ્યામાં દેખા દીધો હતો. જુની ઘરેડનાને આ અછેરાભૂત લાગ્યું. એ ભાગ તરફ સૌની નજર પડતી, કેટલાક તો ધીમેથી આવી નજીકમાં બેસી જઇ શું ચાલી રહ્યું છે તે કાન દઇ સાંભળતાં પણ જેનાં કેવાડે વીતરાગના વચનો પ્રવેશી ચૂક્યા છે એવા ચન્દ્રકાન્તને તેની ચિંતા જ ક્યાં હતી. મધુરવાણીએ તે તો સુણાવી રહ્યો હતો–

" પૌષધને, દેશાવકાશિકને, આપણે બધાએ પોતાને દેશ-વટાસીવું બનાવી દઇ ખાણકના ખેલનાની સ્થિતિએ પહોંચાડી દીધેલ છે. બાકી એનું સાચું સ્વરૂપ તો જુદું છે. સમતા ભાવપૂર્વકનું સામાયિક કહ્યું છે, એ અડતાલીસ મીનિટમાં આત્માની સ્થિતિ એવી વર્તતી હોવી જોઇએ કે માત્ર પોતાની જાતનું જ નહિ પણ સારાયે સ્થાનનું વાતાવરણ શાંત બની જાય. સર્વ જીવો પ્રત્યે સમતા, ઇન્દ્રિયોનાં વિકાર પર કાબુ, મૈત્રી આદિ અથવા તો અનિત્ય વગેરે ભાવનામાં એકતાન અને આર્ત રૌદ્ર ધ્યાન વર્જી ધર્મ–ધ્યાનમાં રમણતા એનું નામ તે સામાયિક, દિશાગમનના સંક્ષેપ સાથે એવા દશ સામાયિક કરવાને વ્રતમાં એકાસન હોય તે દિશાવગાસિક. એ પ્રકારની સ્થિતિમાં લીનતા ધારણ કરી જ્ઞાનપૂર્વકની કરણી સહિત ચાર પહોર કે આઠ પ્રહર સામાયિક યોગમાં વ્યતીત કરવા તેજ પૌષધ અર્થાત્ એક દિવસનું સાધુપણું. જરા વિચારમાં ઉંડા ઉતરતાં સહજ જણાઇ આવશે કે આપણું વર્તન આજે તેવું છે ખરૂં ? વળી મૌન એકાદશી તો મુખ્યતયા મૌનપણામાં જ શોભે. આટઆટલા વર્ષોથી વ્રતમાં જોડાયા. છતાં બીજું વધારે નહિ તો જે ક્રિયા કરી રહ્યા છીએ તેનું રહસ્ય સરખું પણ સમજવા પ્રયત્નશીલ ન બનીએ તો કેવું કહેવાય ? તપને દિને પ્રમાદને હાંકી કાઢવાનો હોય કે સંઘરવાનો ? બાળકોમાં સંસ્કાર પાડવા પણ તે કમને યોગ્યતા પૂર્વક કે ગમે તેમ અથવા તો વસ્તુ સ્વરૂપના જ્ઞાન વગર ? આમ તેમ ચરવળા પકડી ઘુમતા બાળકો શું એક દિનનું સાધુપણું આચરે છે એમ કહી શકાશે કે ? વ્રત પાલનનો ઉદ્દેશ શું ? લોકરંજન કે આત્મોન્નતિ ? આપણે દરેકે આજે આ બધું વિચારવું જોઇએ. એ પર વિમર્શ–પરામર્શ કરવો ઘટે."

ત્યાં તો દેવવંદાવણની હાકલ પડી. સૌ સચેત થવા માંડયા. બેંથી દેવવાંદતાં છતાં ઘણાને આજના દેવસી કલ્યાણક કેવી રીતે ગણાય છે તેની ગમ નહોતી. ક્રિયામાં જ ધર્મ માની લેવાથી જ્ઞાન પ્રત્યે સ્પષ્ટ ઉપેક્ષાભાવ થયેલો દષ્ટિપથમાં આવતો. કેટલાક તો માળા ફેરવતા જાય, તો પછી શેમાં ઉપયોગ માનવો ?

સંધ્યા નજીક આવતાં પડિક્કમણા ભક્તોની સંખ્યા વૃદ્ધિ પામવા લાગી. કટાસણું પાથરવા માટે ખેંચાખેંચી પણ થઇ રહી, કોઇ સ્થળે તો હૈયાતોંસી ને ઉધ્ધતાઇના પ્રદર્શન પણ થયાં. કોઇએ તો જગા રોકવાના પરવાના દેખાડયા ! આરાનશીએ 'કરેમિ ભંતે !'ના ઉચ્ચાર સાથે એ બધું શાંત થયું !

સજ્ઝાય બોલવા સારૂ પ્રથમથી જ ટાંકણી–જ ઉઝળમણી થયેલી એટલે 'સઝાયુ'ષ કે અર્થ વિચારણા'નો અભિલાષ ધરવો એ આકાશપુષ્પ જેમ નિરર્થક હતો. જ્યાં ધનવૃદ્ધિનો જ હેતુ હોય ત્યાં 'વંજણ અત્થ તદુભયે'નો નાદ સાંભળે કોણ ? ગમે તેમ સજ્ઝાય બોલાઇ જતાં અને મુહપત્તિવાળા હાથ ફરી જતાં ! પ્રતિક્રમણ કરતાં કરતાં જેના કેશ કૃષ્ણતા છોડી શ્વેતતાને વર્યા હતા તેવા મુરબ્બીને પણ અર્થ કે હેતુનું જરા સરખું ભાન નહોતું જણાતું, તેઓ તો જે કડકડાટ ચલાવી જાય તે હુંશિયાર ગણાતો.

ઘણી વાર તો પડિક્કમણું ઝટ પુરૂં કેમ થાય એજ આશય જણાતો. 'ઇચ્છામિ ખમાસમણો' આવતાં જાણે જાણે જાણે ઘડાક તુટી પડયા જેટલો ગર્જારવ થતો અને 'મયિ વિશાલ સિરામ' પદ તો વિચિત્ર ઢબમાં લંબાતું. કેમ જાણે અતિશય જોરથી આરડવું એજ ધર્મ ન હોય ! આવા કારણોથી કેટલીક વાર ચન્દ્રકાંત એકાંતમાં પ્રતિક્રમણ કરવાનું પસંદ કરતો. એના મનમાં ઘણી વાર થઇ આવતું કે વર્ષોના વર્ષોથી કરાતી કરણીમાં એની એજ અનભિજ્ઞતાને અવ્યવસ્થા કેમ ચલાવી લેવાતી હશે ! યથાર્થ સમજ વગર સાચું પ્રાયશ્ચિત સંભવી જ કેમ શકે ?

આ સ્થિતિના અભાવે આપણે રોજના પડિક્કમણું કરનારમાંના ઘણામાં વિવેક–સમતાને સ્થાને અવિવેક અને કષાયનું મોકળાપણું ડગલે પગલે જોઇએ છીએ.

જ્ઞાની પુરૂષોએ કહ્યું છે કે–'મેરૂ પર્વત જેટલા ઓઘા મુહપત્તિ કર્યા છતાં ભવ નિસ્તાર ન થયો' તેમાં આજ જ કારણ દેખાય છે. **પહેલું જ્ઞાન અને પછી દયા** અથવા તો **પ્રથમ જ્ઞાન ને પછી કરો કિરિયા** જેવા ટંકશાળી વચનોને અભરાઇ પર ચઢાવવાથી એજ પરિણામ આવેને ? જો કે આજે ચંદ્રકાંતનો ઘણો ખરો સમય તો જિજ્ઞાસુ મિત્રો સહની ધાર્મિક ચર્ચામાં જ વ્યતીત થયો હતો. છતાં મૌન એકાદશીનું સાચું મહત્વ વેગળું જ રહેલું ભાસ્યું. ઉપાશ્રયનું સામાન્ય ચિત્ર વિચારતાં અમને આ પર્વનું જે મહાત્મ્ય શાસ્ત્રકારોએ દર્શાવ્યું છે તે જોતાં તો સ્પષ્ટ લાગે તેમ હતું કે–

**આપ ગયા ને લીસોટા રહ્યા.**

---

( ૭૨ મા પૃષ્ઠથી ચાલુ )

दरवजा दुनियाभरके उंच–नीच सभी मनुष्योंके वास्ते खोलकर उनको कल्याणके रास्ते पर लगादे.

यह सच है कि आपके साधु छात्रोंकोभी दीक्षा देकर अपनी उदारताका परिचय देतेहै. परन्तु धर्मसे अनजान १०–२०–५० लोगोंको साधुबनाकर भिक्षावृत्ति उपर लगा देनेसे क्या होता है? पहेले तो जैनश्रावक बनानेकी जरूरत है और तभी उनमेंसे जैनसाधु हो सकते है.

भाईयो ! आपको तो जैनधर्मके प्रचारका एक महान बीडा उठाना चाहिये और एक भारतवर्षही क्या किन्तु ईसाइयोंकी तरह पृथ्वीके कोने कोनेमें इस धर्मकी घोषणा करनेका प्रयत्न करना चाहिये.

आप धनपात्र है और उदार है. इस वास्ते आप सबकुछ कर सकते है. सिर्फ मनमें आनेकी देर है. पालीताणामें आपने जैनमंदिरों ! एक नगरही बसादिया है. यदि एक जगहपर इतने मंदिर न बनाकर दूर दूर देशोंमें धर्मप्रचारके मंदिर बनाये गये होते तो आज दुनियाभरमें फैलाहुवा होता और आपका गुणगान होता.

अब भी आप मिशनरियोंकी तरह हजारों उपदेशक घूमा सकते है और लाखो करोडो पुस्तक छपाकर बांट सकते है. !

—सूरजभानु वकील.

# જૈનધર્મકી કુંજી કિસકે હાથમેં હૈ?

जो जीवमात्रका कल्याण करनेवाला, नीचसे ऊँच बननेका रस्ता बतानेवाला और आत्मासे परमात्मा होनेका पाठ पढानेवाला है, वही धर्म सबके ग्रहण करने योग्य सच्चा धर्म हो सकता है, और ये सबबातें जैनधर्ममेंही पाई जाती है. इस वास्ते जैनधर्मको ही यह गौरव प्राप्त है कि वह जीवमात्रका सच्चा धर्म कहला सके। संसारके जीव अनादिकालसे संसार-भ्रमण करते हुए नाना प्रकारके दुःख उठा रहे हैं, यहां तककि अनादिकालसे निगोद जैसी महानीच अवस्थामें पडे रहकर अनन्तकाल व्यतीत कर रहे है. और करते रहे हैं। इस महानीच अवस्थासे उत्थान करके यह जीव परमात्मापद प्राप्त कर सकता है और करता रहा है। यही जैनधर्मका मुख्य सिद्धान्त है, नीचको उच्च बनाना और उसे उच्चतम कोटितक पहुंचा देना, यही जैनधर्मका मुख्य काम है. परंतु शोकके साथ कहना पडता है कि आजकल जैनधर्मने ऐसा विकृतरूप धारण करलिया है कि वह नीचको ऊँच बनानेके बदले ऊँच कहलाने वाली जातियोंकी एक मात्र संपत्ति ही बनगया है.

संसारी जीव कषायवश सदा आपसमें लडते रहे हैं और जो विजेता रहेहै वह अपनेको ऊँच और जिनको जीता है या जिनपर काबू पाया है उनको नीच समझकर उनपर अनेक प्रकारके अत्याचार करते रहे है। हब्शियोंमें तो यहाँ तक दस्तूर था कि जिनको लडाईमें जीततेथे, उनको मारकर खाजातेथे और खुशी मनातेथे. बहुतसे मुल्कोंमे उनको बांदी, गुलाम बनाकर ढोरोंकी तरह रखते थे और बेचतेथे. गुलामोंकी बेचनेकी यह प्रथा अब दुनियासे उठगई है. और इसको उठा देनेका श्रेय अमेरिका वालोंको ही प्राप्त हुआ है. इसकेलिए इनको आपसमें महायुद्धतक करना पडा और आखिरकार अंतमें उन्होंने इस घृणित प्रथाको दुनियांसे उठाकर ही छोडा.

यह श्रेय तो उनको जरूर प्राप्त हुवा, और इसके लिये सारी दुनियाँ उनकी आभारी भी रहेगी. परंतु नीच और ऊंचके इस भूतका अमेरिकाके गोरोंके हृदयपर इतना गहरा प्रभाव है, कि वे गुलामोंकी सन्तानोंको, चाहे वे बुद्धिमें, विद्यामें, धनमें और सभ्यतादि सभी बातोंमें चाहे जितने ऊंचे हो गये हों नीच ही गिनते है. और अपने होटलोंमें, किरायेकी मोटरोंमें तथा औरभी बहुतसी जगहोंमें उनको स्थान देने तकको तैयार नहि होते हैं।

मनुष्यका अभिमान उसको आपही अपमानित करदेता है. इसीकारण जिन अमरीका वालोंने इतना श्रेय प्राप्त कियाथा वही अपने इस अभिमानके कारण स्वयं अपमानित हो रहे हैं।

इसी प्रकार जो लोग अपने कुलाभिमानके कारण अपने कोही धर्मका अधिकारी मानकर दूसरोंको नीच मानते और उनको धर्मसे वंचित रखना चाहते है, क्या वे अपनेको और अपने धर्मको अपमानित नहीं करते है?

भाईयो! मैने दिगम्बर सम्प्रदायमें जन्म लिया है और आदिपुराण आदि दिगंबर शास्त्रोंमें पढपढा है कि सर्वमनुष्योंकी एक मनुष्यही जात है, जिसमें भिन्न भिन्न आजीविका और भिन्न भिन्न कर्मोंके करनेसे भिन्न भेद हो गये है. श्री गुणभद्र स्वामीने तो उत्तरपुराणमें इसपर बहस उठाकर इस प्रकारकी दलील भी दे डाली है कि चूंकी गाय और घोडेके मेलसे न गर्भ रह सकता है और न घोडा या बैल पैदा हो सकता है. इसी प्रकार अमरूदके बीजसे अनारकापेड उत्पन्न नहि हो सकता इस वास्ते इनकी जाति तो भिन्न भिन्न जरूर है, परन्तु मनुष्योंमें तो आपसमें यह भेद नहि है, यहां तो ब्राह्मणभी चमारीको गर्भधारण करा सकता है और चमारभी ब्राह्मणीको गर्भवती कर सकता है, घोडे और बैलमें व अमरूद और अनारमें तो साफ साफ ऐसा आकारभेद है कि हरकोई देखते ही बता सकता है, कि यह घोडा है और वह बैल है, यह अमरूद है और यह अनार है, परन्तु ब्राह्मण, क्षत्रिय, वैश्य आदि मनुष्योंकी आकृतिमें ऐसा भेद नहि है. सभीका मनुष्यके समान आकार है, तब जन्मसे जाति-भेद मानना कैसे हो सकता है?

इसी प्रकार अन्यभी अनेक कथन दिगम्बर शास्त्रोंमें मोजूद है. परंतु आज कलके दिगंबरोका यह दावा है कि जो जन्मसे ब्राह्मण, क्षत्रिय या वैश्य हो वही मोक्ष प्राप्त कर सकता है, बहुत ही आश्चर्यजनक मालूम होता है, यही नहि, आजकलतो दिगंबर जैनमुनियोंका वही एक धर्मप्रचार रह गया है कि शूद्रके हाथका और जो विधवाविवाह करते है उनके हाथका जल पीना छोड दोगे तभी तुम धर्म ग्रहण करनेके पात्र बन सकोगे और तभी हम तुम्हारे हाथका आहार ले सकेंगे।

देखिये! जीवमात्रका कल्याण करनेवाला, पतित-पावन यह जैनधर्म कहांसे कहां लेजाकर पटका गया है! कैसी उसकी दुर्दशा की गई है! कहांतो दिगंबर जैनधर्मके परमाचार्य सामन्तभद्रस्वामी यह बताते है कि चांडालकी औलादभी यदि जैनधर्मपर श्रद्धान ले आवे तो देवोंके समान पूजनीय है, और कहां आजकलके हमारे दिगंबर साधु ऐसा भेदभाव फैलाते फिरते है! ऐसी दशामें यदि विचारवानोंको अपने स्वतंत्र विचार और धर्मपर होता हुआ यह अन्याय प्रकट करनेका मोका न मिले तो फिर आपही जान सकते है कि उसका परिणाम क्या होगा?

यद्यपि मैं श्वेताम्बर संप्रदायकी सभी बातें माननेको तैयार नहि हूँ, क्योंकि समयकी हेरफेरसे उनमेंभी अनेक विकृतियां आगई है, तो भी हृदयसे उनका गुणानुवाद गायेसे नहि रह सकता हूं. क्योंकि उनमें और चाहे जो कुछ होगया हो, परंतु दिगंबरोंके समान यह विकार नहि आया है. जिसने जैनधर्मको धर्मकी कोटिसे ही निकालकर नीचे गिरा दिया है. व अबतक खुले शब्दोंमें यह मानते है कि शूद्र, यहांतक कि अस्पर्श्य शूद्र, और स्त्री आदि सभी मनुष्य उसी प्रकार मोक्ष पा सकते है और मोक्ष पानेकी कोशिष कर सकते है. जिस प्रकार कोइ ब्राह्मण, क्षत्रिय या वैश्य, इससे यह कहा जा सकता है कि सच्चे धर्मका जो लक्षण है वह अबतक श्वेतांबरोंमें मौजूद है. और दिगंबरोंने उसको खोदिया है, और यदि कोइ निशान बाकी रहभी गया है तो जीजानसे उसके मिटानेकी कोशिषकी जा रही है. ऐसी हालतमें यदि यह कहा जाय कि इस वक्त धर्मकी कुंजी श्वेतांबरोंकेही हाथमें रह गई है तो कुच्छ बेजान होगा।

भाइयो इस मामलेमें यदि मुझको आपमें ईर्षा उत्पन्न हो तो कोई आश्चर्य नहि, आपको यह मौका प्राप्त है कि धर्मका

(અનુસંધાન માટે જુઓ પૃ. ૭૧ મું)

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

વ્યાખ્યાન કે ઉશ્કેરણી.

Reg. No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો<br>વાર્ષિક રૂા. ૨-૮-૦ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર.<br>તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૧૦ મો.<br>શનીવાર તા. ૩૧-૧૨-૧૯૩૨. |

## સમાજ અને ધર્મ ઉપર ઝઝુમતો ભય.

આજે આપણે આપસ આપસમાં લડીને આપણી શકિત ક્ષીણ કરી રહ્યા છીએ, મતભેદ તો દુનીઆમાં હોય પણ તે પ્રમાણિક હોવા જોઇએ, એ મતભેદની પાછળ કાંઇ અંગત સ્વાર્થ કે ગંદી વૃત્તિ ન જોઇએ. તોજ મતભેદ ઉપયોગી નિવડે છે, આજના મતભેદો એ મતભેદો નથી, પણ સાધુઓએ શાસ્ત્રોને નામે, પ્રભુ મહાવીરના નામે એક જાતની કુટિલ જાળ બીછાવી છે, પોતાની સત્તા કાયમ રહે, પોતાની વૃત્તિઓ પોષાતી રહે, પોતાના સામૈયાં થયાંજ કરે, તે માટે એવા તો આગ્રહી બન્યા છે કે ખૂદ પરમાત્મા મહાવીરદેવ આવીને સહુમજાવે તો પણ અત્યારે સહુમજી શકે તેમ નથી, સંઘ સત્તાને ઠોકરે મારી ત્હેમણે સમાજ અને ધર્મ ઉપર એક જાતની આફતજ ઉભી કરી છે, સમાજ અનેક સરકલોમાં વિભકત થઇ ગયેલ છે, સાધુશાહીએ દીક્ષાને માટે એવા તો ભવાડાઓ કર્યાં છે કે આમ જનતાને ત્હેમાં રસ ઉત્પન્ન થયો છે, અને તે કેવળ જાહેર છાપાઓમાં આવે છે એટલુંજ નહિ પણ હવે નાટય જગતની રંગભૂમિ ઉપર કદાચ અયોગ્ય દીક્ષાના નાટકો ભજવાય તો આપણને જરાપણ આશ્ચર્ય થશે નહિ, પરંતુ આ સ્થિતિ જરા પણ ચાલુ રહે તે ધર્મ અને સમાજ માટે હિતાવહ નથી, આટલી હદ સુધી પહોંચવા માટે અયોગ્ય દીક્ષાનો હિમાયતી શાસન (!) પક્ષ જ જવાબદાર છે, ત્હેણે જો આવી અયોગ્ય દીક્ષાને ટેકો ન આપ્યો હોત, સંઘ સત્તાને ઠોકરે ન ઉડાવી હોત, અને બંધારણ સર કાર્ય કર્યું હોત તો આજે જૈન સમાજની જે દશા છે તે ન હોત, આજે તો ત્હેના પવિત્ર સાધુવેશને સ્ટેજ ઉપર હાંસી પાત્ર બનાવવાને કમર કસવામાં આવે છે, આવતી કાલે તો ત્હેના તીર્થંકરોનો કોઇ હાફ્રુડીઆને પાઠ આપી ત્હેના વિશ્વવ્યાપી સિધ્ધાંન્તોની હાંસી કરાવશે. ત્હેના સાહિત્ય ઉપર, ઇતિહાસ ઉપર અને ધર્મના દરેક અંગ ઉપર પ્રહારો થશે, આ બીના કોઇપણ રીતે ચલાવી શકાય તેમ નથી આટલી હદે સમય બદલાયો હોવા છતાં સાધુઓની આંખ ન ઉઘડે તો ત્હેને શું કહેવા કે × × × × ? તે સમજી શકાતું નથી ત્હેમણે જો સંઘસત્તાને માન આપ્યું હોત તો આજે સ્થળે સ્થળે ા માટે જે કાયદાઓ થઇ રહ્યા છે તે ન થાત. હજુ પણ ચેતે તો સારૂં છે નહિંતર સમાજ અને ધર્મ ઉપર એક જબરજસ્ત આફત આવી રહી છે એ ભાગ્યેજ કહેવાની જરૂર હોય ? આજથી દશવર્ષ પહેલાં સાધુઓનું સમાજમાં જે સ્થાન હતું તે આજે છે ? સંપ હતો તે આજે છે, તે વખતે પણ ચર્ચાઓ ઉઠતી શાસ્ત્રાર્થો થતા, વિચારભેદો ઉપસ્થિત થતા, છતાં સમાજ અવિભકત હતો, આજે તે સ્થિતિ કાં નથી ? ત્હેનાં કારણો શોધવા જવાં પડે તેમ નથી. આપણી સ્હામેજ છે. આજના ઝઘડાઓ કેવળ મતભેદજ નથી પરંતુ ઇર્ષ્યા અને સત્તાના પિપાસુઓનું તાંડવ-નૃત્ય છે, સાધુઓ આજે રણે ચડયા છે, કોની સ્હામે ? સમાજ સામે, અરે જે સમાજ ઉપર તેમનું જીવન છે, જેના જીવન મરણની જોડે તેને નિકટનો સંબંધ છે, ત્હેની સામે રણે ચડયા છે. જો ત્હેમના આંતર રિપુઓ સ્હામે રણે ચડયા હોત તો આપણે ત્હેમને પૂજત પણ આતો સ્વાર્થની લડત છે. સત્તાની મારામારી છે, હવસ અને ગંદી વૃત્તિઓ પોષવા માટેની કુટિલ જાળ છે. આટલું સમજ્યા પછી પણ આપણે જાગૃત ન થતાં અંધશ્રદ્ધાને પોષે જઇશું તો સમાજ અને ધર્મ ખુબ ભયમાં છે એ સમજવું ઘટે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર )


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૩૧-૧૨-૩૨.


## વ્યાખ્યાન કે ઉશ્કેરણી.

જૈન સમાજનાં ચાર અંગો નિયત કરવામાં આવ્યાં છે, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. હેમાં સાધુએ સમાજનું સૌથી અગત્યનું અંગ છે, સાધુ એટલે ઉચ્ચ કોટિનો ત્યાગી. સંસારના વ્યવહારોને તિલાંજલી આપી ધન, દૌલત, કુટુંબ, પરિવાર, લાડી, બંગલો, સ્ત્રી વગેરેનો ત્યાગ કરી આત્મ ભાવનામાં લીન થનારો યોગી. હેના આચાર અને વિચાર એક જ હોય. આવા સાધુઓ એ જગતનું ભૂષણ છે. પરંતુ પરમાત્મા મહાવીરનો વેષ પહેરી સાધુતાને નામે સહેજ કે પીળા પછેડી ઓઢી આનંદ લૂંટાતો હોય, સત્તા અને મહાત્તા પોતાની હોય, પહોળા ખાળા રહીને સૃષ્ટિ વિરૂદ્ધનાં કાર્યો આચરી અનાચારીમાં ખપાતું હોય અને સાધુપણાના વેશમાં સાધુતાના મૂળમાં જ ઘા થતો હોય, આવા સાધુઓ (!) સાધુઓ નથી પણ દુર્જન કરતાં પણ ભૂંડા છે, જેની વચનશુદ્ધિનું ઠેકાણું ન હોય, સાધુઓએ કહેવાં વચન બોલવાં જોઇએ હેનું ભાન ન હોય, તેવા સાધુઓ જગતનું કલ્યાણ કરવાને બદલે નુકશાન કરે છે, એટલું જ નહિ પણ પોતાના આત્માને અધોગતિ તરફ ઘસડી જાય છે. ખરેખર આવા સાધુઓ પોતાની વાચાળતાને અંગે સમાજની અંધશ્રદ્ધાનો પુરેપુરો દુરૂપયોગ કરે છે, હેની જાળમાં અનેક ભોળા લોકો ફસાય છે. પરિણામે પોતે ડુબે છે અને બીજાને ડુબાડે છે. આવા કુસાધુઓનો પડછાયો લેવામાં પણ પાપ છે એમ અમે પ્રમાણિકપણે માનીએ છીએ.

લાલબાગની વ્યાખ્યાનપીઠ ઉપરથી સાગરજી મહારાજ(!) જે પોતાની વિદ્વત્તાનું પ્રદર્શન કરી રહ્યા છે, તે પણ ઉપરોક્ત કથનને પુષ્ટિ કરતું હોય તેમ અમારા સાંભળવા પ્રમાણે જણાય છે, તેઓ પોતાના ભક્તોમાં પોતાથી બને તેટલી ઉશ્કેરણી ફેલાવે છે. અને પોતાને નહિ માનનારા તરફ આગની આંચી નાખીને એવું તો અસહ્ય ભારે રાખે છે કે ન પૂછો વાત. કોઇ હેમની પ્રવૃત્તિ વિરૂદ્ધ કંઇ પણ કરતું હોય તો હેમના હરિફ પક્ષનો હેમાં હાથ હોય તેવી એકદમ કલ્પના સ્ફુરે છે અને એ કલ્પનાની ઇમારત ઉપર પોતાના ભક્તો તરફ એવા કડક શબ્દોમાં બયાન કરે છે કે હેમના ભક્તોની લાગણી એકદમ ઉશ્કેરાય જાય છે. હમણું જ મુંબાઇમાં એક કિસ્સો બન્યો છે. બાબતમાં એમ છે કે કોઇ નવયુગ નાટક સમાજ નામની નાટક મંડળી તરફથી 'અયોગ્ય દીક્ષા' નામનું તા૦ ૨૯-૧૨-૩૨ ના દિને, નાટક ભજવી બતાવવાની જાહેરાત થઇ છે. સાગરજી મહારાજને આ બાબતની જાણ થતાં તેઓ મુલુન્ડથી શીઘ્ર ઉગ્રવિહાર કરી મુંબઇને આંગણે પધાર્યા. અમદાવાદ વગેરે સ્થળેથી લોબાડીના શીકોરોને બોલાવ્યા, વ્યાખ્યાનમાં એ વાતની ખૂબ ચર્ચા કરી. અને સુધારક પક્ષને જેટલો ભાંડાય તેટલો ભાંડયો છે. જુઓ હેમના વચનની વાનકી:—

"હવે તો સુધારક પક્ષવાળા જુલમ કરવા લાગ્યા છે, અયોગ્ય દીક્ષાનું નાટક ભજવવામાં હેમનો જ મુખ્ય હાથ છે. આવા પાપીઓનો તો ખરેખર હેનો બદલો આપવા માટે સંપૂર્ણ બહિષ્કાર કરવો જોઇએ. હેમનો પડછાયો લેવામાં પણ પાપ છે. હમારા કોઠામાં પાણી ક્યાં છે? હમે કશું કરતા નથી, પરમાત્મા મહાવીરના શાસનની હેલના થઇ રહી છે, હમને શાસન પ્રતિ પ્રેમ જ ક્યાં છે? હમે જો કંઇ પણ નહિ કરો તો સુધારક પક્ષ ફેંસલો ખાઇ જશે. વિધવાઓનાં પુનર્લગ્ન કરાવશે, સાધ્વીઓને અભરાઇએ ચઢાવશે, હમારે હેમનો પ્રચંડ સામનો કરવો જોઇએ." મહારાજનું આ વ્યાખ્યાન ચાલતું હતું ત્યારે એક મારવાડી ભાઇએ કહ્યું કે મહારાજ ! અયોગ્ય દીક્ષાનું નાટક ભજવાતું હોય તો હેના કારણભૂત હમે છો. કારણ કે હમે આ પ્રજાની એવી તો હદ પકડી છે કે જૈનેતર લોકોમાં અયોગ્ય દીક્ષા માટે પુષ્કળ રસ ઉત્પન્ન થયો છે અને હેને નાટ્ય પ્રયોગના રૂપમાં ફેરવી નાંખી સાહસ ખેડવા તૈયાર થયા છે. આ ભાઇને કોલાહલ કરી મુકી બેસારી દેવામાં આવ્યા હતા, પરંતુ આથી સાગરજીનું માનસિક પ્રતિબિંબ ઠીક સ્વરૂપમાં જણાય આવે છે. સુધારકો પ્રત્યે હેમને કયાં સુધી દ્વેષ અને સુગ છે. તે હેમનાં ઉપરોક્ત વાક્યમાં તરી આવે છે. અરે એક સાધારણ માણસના મુખમાંથી પણ ન શોભે હેવી વાણી જૈન સમાજના કહેવાતા એક આચાર્ય (!) ના મુખથી નિકળે એ શરમભરેલું છે.

અયોગ્ય દીક્ષાના નાટકના સંબંધમાં સુધારક સંઘનો જરા જેટલો પણ હાથ નથી. ત્યાં કહેવું કે આવું સુધારકોનું કર્તવ્ય છે, એ નરી મૂર્ખાઇ છે. આમ હેમ આવે તેમ બોલવાથી સુધારક સંઘની કીર્તિને જરાયે એબ નહિ લાગે. બાકી અમે મતભેદ ગમે તેટલો તીવ્ર ધરાવતા હોઇએ પણ તે આપણામાં અંદરો અંદર છે. બહારની કોઇ પણ વ્યક્તિ જૈન ધર્મ કિંવા હેના પવિત્ર સિદ્ધાંતો ઉપર કોઇ પણ જાતનો પ્રહાર કરે એ અમે જરાયે ઇચ્છતા નથી. એટલે અયોગ્ય દીક્ષાના નાટકો ભજવાય, હેને અમે તિરસ્કારની દૃષ્ટિથી જોઇએ છીએ. હેમાં ધર્મ અને સમાજ બંનેની અમે હીલના થતી માનીએ છીએ.

પાંડવો અને કૌરવો અંદરોઅંદર ખૂબ લડતા પણ જ્યારે બહારનો કોઇ શત્રુ હેમના ઉપર ચઢી આવતો ત્યારે તેઓ એકત્ર થઇ એ શત્રુનો સામનો કરતા હતા. આપણે જો પ્રમાણિક હોઇએ. શાસન અને ધર્મ પ્રતિ તીવ્ર લાગણી ધરાવતા હોઇએ તો આપણી પહેલી ફરજ એ હોઇ શકે કે બહારના શત્રુને મહાત કરવો. પણ આવી પ્રમાણિકતા આપણામાં હોત, આપણે શાસનપ્રતિ દૃષ્ટિ રાખીને જ કોઇ પણ જાતનું કાર્ય કરતા હોત તો જે સ્થિતિ આજે પ્રવર્તી રહી છે તે ન હોત. સંઘ સત્તાને ઠોકરે ઉડાવી ત્યારથી જ અધઃપતનનાં પગરણ મંડાઇ ચુક્યાં છે. શાસન પ્રતિ રાગ ઉડી જઇને વ્યક્તિ તરફ રાગ વધ્યો છે અને હેનું એ પરિણામ છે કે દીક્ષા જેવા પવિત્ર કાર્યમાં રાજ્ય સત્તાને કાનુનો ઘડવા પડયા છે, અને સંઘ સત્તાની નિષ્ફળતાને

# હૃ દ ય.......પ લ ટા નો.......ભે દ.

## શ્રી ચીમનલાલ કેશવલાલ કડીઆ ખુલાસો આપશે?

### સોસાયટીનો ઉદ્દેશ બર લાવ્યા છો?—બાઇ રતનના કેસમાં મેજીસ્ટ્રેટે કરેલી ટીકા વાંચો.

લેખકઃ—**મહાસુખભાઇ ચુનીલાલ-વીસનગર.**

યંગમેન્સ જૈન સોસાયટીના અગ્રેસર ભાઇ ચીમનલાલ કેશવલાલ કડીઆ "એક સુધારકનો જાહેર એકરાર અને પશ્ચાત્તાપ" એ મથાળાવાળા લેખમાં તા૦ ૬-૧૨-૩૨ ના મુંબઇ સમાચાર પાના ૫ ઉપર પોતાનું નિવેદન રજુ કરે છે. તેમાં તે ભાઇ જણાવે છે કે—

"થોડાંક વર્ષો પૂર્વે હું પણ એવો જ એક સુધારક હતો અને તેવા સુધારક વિચારનો થઇને ફરવામાં હું મારી જાતને ગૌરવભરી માનતો હતો. જો કે આજે મને એનું અવશ્ય દુઃખ છે કે હું કેવળ છાપાંઓમાં ચર્ચાની બાબતો માત્રથી સત્ય જાણ્યા વિના દોરવાઇ ગયો હતો. પરંતુ વસ્તુ સ્થિતિ એ છે કે રોજ કાને એવા જ પડઘા પડતા હોય, છાપાઓમાં એવા જ લેખો દૃષ્ટિમાં પડતા હોય અને વાતોમાં પણ એની જ ચર્ચા ચાલુ હોય એટલે એની અસર થવી બહુ જ સ્વાભાવિક છે. × × પરંતુ એક બનાવે મારો જીવન પલટો કરાવ્યો. એ બનાવે મને સુધારક એવો ધર્મવિરોધી સુધારક મિટાવી શાસનનો ઉપાસક બનાવ્યો. એ બનાવ જૈન જગતમાં મોટી ચર્ચાનો વિષય બન્યો હતો. મુનિશ્રી તિલકવિજયજી (સંસારી નિકમલાલ) મહારાજે પત્નીની વ્યવસ્થા તેઓ જ કરતી જાહેરાત કરીને લગભગ ત્રીસેક વર્ષની વયે ગઢોડામાં દીક્ષા ગ્રહણ કરી આ નિમિત્તે તેમના પત્નિ બાઇ રતને પાળગના ભાગમાંથી આવીને મારા જ રહેઠાણ નજદિકમાં ધર્મોપદેશ આપી રહેલા પૂજ્ય પન્યાસ પ્રવર શ્રીમદ્ રામવિજયજી ગણીવરનો કપડો ખેંચ્યો. આથી એક વૃદ્ધ પુરૂષે તે છોડાવી દીધો અને પૂજ્ય શાંત મુનિશ્રી ઉઠીને ઉપાશ્રયમાં ગયા. આ આખોએ બનાવ મેં મારી નજર સમક્ષ નિહાળ્યો હતો. માત્ર આટલા જ બનાવને તે બાઇએ ગંભીર બનાવ્યો. માથું કુટયું, રડી અને બીજા સુધારક ગણાતા સલાહકારોની ચઢવણીથી તે બાઇએ મેજીસ્ટ્રેટની કોર્ટમાં સાધુઓએ માર માર્યાની ફરીઆદ નોંધાવી" વિગેરે જણાવે છે.

---

બાઇને સુધારક પક્ષે હેને ટેકો આપ્યો છે. જ્યાં હજુ આંખ ઉઘડતી નથી હેનો અર્થ શું સમજવો? અમને તો જણાય છે કે સાધુઓને સમાજની કે ધર્મની કશી પડી નથી. હેમને તો એટલું જ જોઇએ છીએ કે હેમનું સ્થાન અવિચળ રહે, હેમની સર્વોપરિતા બની રહે. અને હેમની સત્તા ટકી રહે, પછી હેમનામાં ભલે યોગ્યતા હોય કે ન હોય; આ બાબતમાં દંભ ક્યાં સુધી ચાલશે? અમે ઇચ્છીએ છીએ કે સાગરજી મહારાજ આવા કલેશાત્મક કાર્યોથી હાથ ઉઠાવી લોકોનો શાસ્ત્ર પ્રતિ રસ કેમ વધે તેવા પ્રયત્નો કરશે.

પ્રિય વાંચકો! આ બનાવે ભાઇશ્રી ચીમનલાલને સુધારક મટાડી શાસનપ્રેમી બનાવ્યા. તેમની ધર્મની પ્યાસ જાગી અને યંગમેન્સ જૈન સોસાયટીની હુંફ મળતાં તેના સંચાલક બન્યા. હાલ સોસાયટી તરફથી નીકળતા તેના મુખપત્ર "સોસાયટી સમાચાર"ના તંત્રી છે.

હવે ભાઇશ્રી ચીમનલાલને પૂછું છું કેઃ—

(૧) જ્યારે છાપાં જ મનુષ્યના મગજને ફેરવી આવળા રસ્તે દોરે છે અને છાપાંથી જ અધર્મી, નાસ્તિક, ધર્મદ્રોહી સુધારક બનાવે છે એવો તમારો જાતિ અનુભવ થયેલો છે તેનું જાણવા છતાં પણ તમે શા માટે "સોસાયટી સમાચાર" પત્રનું તંત્રીપણું સ્વીકારી લેખો લખી રહ્યા છો? શા માટે વીરશાસન, જૈન પ્રવચન, સિદ્ધચક્ર વિગેરે પત્રોને પુષ્ટિ આપી અનુમોદન કરી રહ્યા છો? તમે જ્યારે છાપાંની ટીકાનો તિરસ્કાર કરો છો તો પછી તમારાં છાપાંની હિમ્મત શી રીતે વધારે આંકી શકતા હશો?

(૨) બાઇ રતનના કેસથી તમારૂં હૃદય કંપાયમાન થયું, બાઇ રતને શ્રી રામવિજયનો કપડો પકડ્યો તે દેખાવથી અને ચાલેલા કેસથી તમારૂં હૃદય વિહ્વળ બન્યું અને છેવટે સુધારક હૃદય પલટાઇ શાસનપ્રેમી હૃદય બની ગયું. આ તમારા હૃદય પલટાનું કારણ બતાવો છો તો તમને ભાર દઇને પૂછું છું કે બાઇ રતને સાધુનો કપડો પકડ્યો તેનું મૂળ કારણ શોધી કાઢ્યું? કેમ બીજી કોઇ બેરીએ નહિ અને બાઇ રતને જ કપડો પકડ્યો? બાઇ રતને બીજા સાધુનો નહિ—શ્રી રામવિજયનો કપડો કેમ પકડ્યો? તેનું કારણ શોધી કાઢ્યું? જો શુદ્ધ ભાવથી તેનું કારણ શોધી કાઢ્યું હોત તો આ વખત ન આવત. તે કેસ અમદાવાદના ફર્સ્ટ ક્લાસ માજીસ્ટ્રેટ મી૦ એન. પી. દેસાઇ આગળ ચાલેલો. જો કે પુરાવાના અભાવે કેસ છુટી ગયો હતો પરંતુ તા૦ ૯-૫-૧૯૨૭ ના રોજ મેજીસ્ટ્રેટે સખ્ત ટીકા કરી બાઇ રતને સાધુનો કપડો શાથી પકડ્યો તેનું સત્ય અને મૂળ કારણ સારી રીતે બતાવ્યું છે. માજીસ્ટ્રેટના જજમેન્ટની તે ટીકામાંથી તમારે અને જૈન સમાજે બોધ લેવાનો હોવાથી તેનો મુદ્દાનો પેરો નીચે પ્રમાણે રજુ કરૂં છું—

**કાઉન્સાને ઘણ જેવું છે.**

"નિકમલાલ (રતનબાઇનો ધણી) દીક્ષા માટે ગયો તેમાં શંકા નથી. તેથી પોતાના કેવળ નાશના સાધન તરીકે રતનબાઇ રામવિજયજીને જુએ તેમાં કાંઇ આશ્ચર્ય નથી. હિન્દુ સમાજમાં જ્યાં આગળ વિધવા માટે પુનર્લગ્ન નથી ત્યાં આગળ વૈધવ્ય તે મોટામાં મોટું દુઃખ છે. જ્યાં આગળ પુરૂષ પોતાની જુવાન

# જૈન જગત્.

## અમદાવાદના અવનવા.

સાગરજી મુંબઈથી બનતી ત્વરાએ સુરત આવી ભક્તિવિજયજીને આચાર્યપદ આપી અમદાવાદ આવવા ઇચ્છે છે. શેઠ કસ્તુરભાઈ લાલભાઈનાં વયોવૃદ્ધ માતુશ્રી મોહીનાબાઈ સ્વર્ગવાસી થવાથી તેમના હિતાર્થે સવાલાખ લાખની સખાવત થનાર છે. આશા છે કે તે સખાવતનો ઉપયોગ, બેકારી નિવારણ હુન્નર ઉદ્યોગ શિક્ષણ, ધર્મપ્રચાર આદિ સમયને અનુરૂપ કાર્યોમાં વપરાય, એ સર્વથા ઇચ્છનીય છે. પોપટલાલ મણીલાલ જેઓ મણી કે કાશી નામની એક કન્યાને એક વૃદ્ધ ગૃહસ્થ સાથે લગ્ન કરવા તત્પર થયા હતા તેમની સામે મનાઈ હુકમ નીકળ્યા બાદ છોકરીને કોર્ટમાં રજુ કરવાનો હુકમ થયો હતો. આ ઉપરથી પોતાને પુત્રી ન હોવાનો તેમ જ ફરીઆદ અરજીમાં જણાવ્યા મુજબની મણી કે કાશી નામની કોઇ કન્યાની પોતાને લેશ પણ માહીતિ ન હોવાનો તેમણે કોર્ટ સમક્ષ એકરાર કર્યો છે.

---

સ્ત્રીનો હંમેશને માટે ત્યાગ કરે ત્યાં આગળ તે સ્ત્રીની સ્થિતિ વિધવા કરતાં પણ ઘણી માઠી છે અને સ્વાભાવિક રીતે જ લાગણી વાળો કોઈ પણ પુરૂષ આવી સ્ત્રીના આવી તરફ દયા દર્શાવે, જે પુરૂષ પોતાના ઓઘાની આડળી બધી લાગણી દર્શાવે અને અંધાર વર્જની સ્ત્રીના સામાજિક જીવનને દૂર કરવામાં સાધનરૂપે હોવામાં દિલગીર ન હોય અને જેને તેણીના માટે આગ્રે જ લાગણી હોય, છતાં પુરૂષ છતાં યુવાન બાળાને ખરી રીતે વિધવા બનાવવામાં જે પોતે માન માને તેવા પુરૂષની મનોદશા હું ખરે સમજી શકતો નથી. રતનબાઈ નિરાધાર અને લાચાર બની ગઇ છે. અને આમ છતાં તહોમતદાર પોતાના જ્યાલમાં એવું માન ધરાવે છે કે હું ધાર્મિક ફરજ અદા કરૂં છું. આ કાંઇ હાસ્યાને ઠામવા જેવું છે. આવા પુરૂષના શબ્દો ઇશ્વરના શબ્દો તરીકે માનવાનું અને કહેવામાં આવે છે પણ તેનો આધાર રાખી શકાય કે કેમ તે બાબત અને ઘણી જ શંકા છે." (વાંચો તા૦ ૨૦-૫-૨૭ નું વીર શાસન પાનું ૫૧૭) આ પ્રમાણે મેજીસ્ટ્રેટ ટીકા કરે છે.

ભાઇશ્રી ચીમનલાલ! આ જજમેન્ટ સ્મરણ બહાર ગયું હોય તો ફરી વાંચી જુઓ. મેજીસ્ટ્રેટે સ્પષ્ટ શબ્દોમાં ટીકા કરી છે એટલે મારે વધુ સ્પષ્ટિકરણ કરવાની જરૂર નથી. તમે ત્રીકમલાલે ઘરની વ્યવસ્થા કર્યા પછી દીક્ષા લીધાનું જણાવો છો પણ ઘરની વ્યવસ્થા કેવા પ્રકારે થઇ શકે એ જજમેન્ટના શબ્દો સારી રીતે દર્શાવી શકે છે. નિર્દોષ બાઇ રતન ઉપર દયા નહિ લાવનાર અને તેના ધણીને દીક્ષા આપી તેને નિરાધાર વિધવા જેવી દશામાં લાવી મૂકનાર ઉપર દયા લાવનારની મનોદશા કેવી માનવી એ ન્યાયાધીશે સ્પષ્ટ કહી બતાવ્યું છે. આને કેવું હૃદય પલટાનું કારણ માની શકે! ઉલટું ભાઈ રતનના કરૂણાજનક દેખાવથી શાસનપ્રેમી હોય ને સુધારક બની જાય છતાં તમે સુધારક મટી શાસનપ્રેમી થયા એ ઘણી જ આશ્ચર્યકારક વાત છે માટે હૃદય પલટાનો ભેદ સમજાવશો?

[illegible] તા૦ ૨૬-૧૨-૩૨

પોતાની વિરૂદ્ધ છાપામાં કંઇ ન લખાય તે માટે બનતો પ્રયત્ન કરવા મોહનસૂરિ અને રામવિજયે નેમિસૂરિને આગ્રહભરી વિનંતિ કરી છે. તેમ પોતાને આચાર્યપદ અપાયું તે વખતે થયેલ ઠરાવના ભંગ માટે શાસન સમ્રાટની માફી માગી છે અને આપત્તિ સમયમાં પોતાને સહાય આપવા વિનંતિ કરી છે, સાથે પોતા માટે લખનારની શોધખોળ અંગે મહેનત કરી રહ્યા છે, અને ઓરજવો વિગેરે થાય તો મોહનસૂરિ બને તેટલી ઉતાવળે કાઠીઆવાડ વીંધી અમદાવાદ આવવા તત્પર છે એવી વાતો જોસભેર ગામમાં ચાલે છે.

રૂઢીચુસ્તોના હાથમાં આવેલ એ પંપેરૂં કેટલાક સુધારક ભાઇઓના પ્રયાસથી છટકી ગયું છે જેથી રૂઢીચુસ્તો આભા બની ગયા છે. અને × × × લાલ મહા મહેનતે પંપેરૂંને પકડી પાડી એોથે મુકવતી પકડાવવા આખું અમદાવાદ ઘૂમ્યા પણ તેમાં તેઓ નિષ્ફળ નિવડયા છે.

નેમિસૂરિ અમદાવાદમાં ન હોવાથી અને કાઠીઆવાડમાં ભાવ ન પૂછાવવાથી રામવિજયને અમદાવાદ આવવાની પ્રબળ ઇચ્છા થઇ છે. તેમ માહા માસમાં અમદાવાદની અંદર ઉપધાન કરાવવાની ઇચ્છા રાખે છે. તેવા આશયની ટપાલો છુટી છે. આથી અમદાવાદે વિચારવાની જરૂર છે કે હાલના પુણ્યવંત અને અત્યંત આહ્લાદજનક વાતાવરણને કલુષિત કરવા ઇચ્છતા કુગુરૂઓની અમદાવાદને બીલકુલ જરૂર નથી. એવો પોતાનો મક્કમ નિરધાર સુણાવી દેવાની જરૂર છે. જે કુગુરૂઓ અમદાવાદમાં ધામા નાખી શાન્તિનો ભંગ કરાવી કલેશની હોળીઓ સળગાવવા માગે છે તેઓ માટે અમદાવાદમાં સ્થાન નથી તેવો દૃઢ નિશ્ચય અમદાવાદે જાહેર પાડી અન્ય સ્થળોને માર્ગદર્શક બનવું, આ જૈનપુરી માટે અત્યંત આવશ્યક છે.

પડછાયાની જેમ રામવિજયને અનુસરનારા જયાશ્રી પાલીતાણે ન જતાં અનિવાર્ય કારણોસર એક નાના ગામડામાં ભરાઇ રહેવાની અત્યંત આશ્ચર્યકારક ઘટના બની છે. એનો કોઇ ભાણભેદુ ઉકેલ કરશે?

જયાશ્રી અંગે પેપરોમાં જે ચર્ચાએ સ્થાન લીધેલું તે અંગે તેમના સંસારના પિતા ફરીઆદ કરનાર છે એવું એક જૈન પેપરમાં જાહેર થયેલું. તેમ અત્રે એમ પણ વાતો ચાલે છે કે હવે સાધુઓ કોર્ટમાં ફરીયાદ કરી શકે છે. તો પછી તેમના પિતાએ તસ્દી લેવા કરતાં ખુદ જયાશ્રીજ ફરીયાદી કરે તો વાંધા જેવું શું રહ્યું? જેમ પેલા ભક્તવિજયને કોઇ ગીતાર્થે રજા આપી તેમ જયાશ્રીને એવા કોઇ ગીતાર્થ રજા આપે તો થોડો વાંધો છે.

તા. ૧૮ મીએ અસ્પૃશ્યતા નિવારણ દિન ઉજવાતાં કેટલાક ભાઈ બહેનોએ સારો સહકાર આપ્યો હતો. શેઠ ચીમનલાલ નગીનદાસની બોર્ડિંગના વિદ્યાર્થીઓએ હરિજનોના કેટલાક મહોલ્લાઓ સાફ કર્યા હતા. શેઠ અંબાલાલ સારાભાઇના શાન્તિસદનમાં ભજન થયું હતું. કુ. ભારતી બહેન વિગેરે બહેનોએ ફંડ એકઠું કરવામાં સારો ભાગ લીધો હતો.

વડોદરા સગીર દીક્ષા પ્રતિબંધક સમિતિએ સરવાનુમતે સખ્ત ભલામણો કર્યાથી હવે શું કરવું અને કાયદો આવતાં શો માર્ગ લેવો એ સંબંધમાં રામવિજય વિગેરે સાધુઓ સાથે વાટાઘાટ કરવા કહેવાતા ગણધરો, પ્રધાનો, લાલો ને ચંદો, એટલે અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ પાલીતાણા વિગેરે સ્થળે દોડાદોડી કરી રહ્યા છે. જેનાં પરિણામ કંઇ જણાયું નથી. અને નવાઇ

# દીક્ષા અને તેનું શાસ્ત્ર.

લેખક:-
કેશવલાલ મંગળચંદ શાહ.

(તા૦ ૫-૧૧-૩૨ ના અંકથી ચાલુ.)

—અત્યારે તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને લાભાલાભને વિચારીને પૂર્વાચાર્યની આચરણાથી ઉપધાન વગર સિવાય પણ નવકારાદિ સૂત્રો ભણાવતા દેખાય છે. "અશઠ પુરૂષે, આચાર્યાદિએ કોઇ પણ કેકાણે જે કાંઇ નિર્દોષ આચરણા કરી હોય અને જેને કોઇએ ના પાડી ન હોય અને ઘણા આચાર્યાદિએ જે આચર્યું હોય, તે આચરણ કહેવાય." આચરણા જિનાજ્ઞા જેવી જ માન્ય ગણાય છે—ભાષ્યમાં કહ્યું છે કે—અશઠ આચાર્યોએ આચર્યું હોય, ગીતાર્થોએ ના પાડી ન હોય એને મધ્યસ્થ આચાર્યો આચરણા કહે છે. અને તે આજ્ઞા જ એટલે તીર્થંકરની આજ્ઞા તરીકે માને છે એમ સમજવું. શાસ્ત્રકારોનું જ ફરમાન આપણી સમક્ષ એ વાત સ્પષ્ટ કરે છે કે, "શઠ નહિ તેવા એટલે સરળ અને પાપભીરૂ આચાર્યે કરેલી આચરણા એટલે કે વિધિવિધાનને બીજા આચાર્યોએ સમ્મતિ આપી હોય તે ભગવંતની આજ્ઞા જેવી જ સમજવી" આથી આપણે જે વાત ઉપર વિચાર કરીએ છીએ તે વધારે સ્પષ્ટ થાય છે કે સમય અને સંયોગો ઉપર જ દરેક આજ્ઞાઓ અને નિષેધો વિધિવિધાનો રચાયા છે. અને સમય અને સંયોગોની પ્રતિકૂળતાએ તો તે પરિવર્તનને પાત્ર હોય છે. એટલું જ નહિ, પરંતુ પરિવર્તન પામે છે. શ્રીમદ્ આર્ય રક્ષિતસૂરિના સમય સુધી સાધ્વીઓ સ્ત્રીઓને પોતે જ દીક્ષા આપી શકતી હતી. પરંતુ સમય અને સંયોગો લાભાલાભની દ્રષ્ટિથી જ. શ્રીમદ્ આર્ય રક્ષિતસૂરિએ સાધ્વીઓને દીક્ષા આપવાના અધિકારથી વિમુખ કરીને અધિકાર સાધુઓને જ આપ્યો. જુઓ અંચલમતદલન પૃષ્ઠ ૯.—**आर्यरक्षितसूर्याचीर्ण साध्वीदीक्षाऽऽलोचनाकालग्रहणनिषेध—साधु कटीदवरकत्राण त्रिपत्रकाद्याचरणादिकं**" અર્થ—શ્રી આર્યરક્ષિતસૂરિની આચરણા સાધ્વીઓને દીક્ષા ન આપવી, કોઇને આલોયણા—પ્રાયશ્ચિત ન આપવું, કાલગ્રહણ લઇ ન શકે. અને સાધુઓએ કંદોરો પહેરવો, તરપણી આદિ ઉપકરણ રાખવાં.

આ જાતની આચરણા શ્રી આર્યરક્ષિતસૂરિએ શા માટે કરી? એ પ્રશ્ન સહેજે ઉત્પન્ન થાય છે. દીક્ષા ન આપવી, પ્રાયશ્ચિત ન આપવું, અને કાલગ્રહણ ન કરવું. આ આદેશ જ એ પુરવાર કરે છે કે તે અધિકારોને પાત્ર તે સમયની સાધ્વીઓ નહિ હોવાથી સદરહુ અધિકાર તેઓની પાસેથી છીનવી લીધો અને તેમાં સાધ્વી સંસ્થાની નિર્મળતા સચવાઇ રહે તેજ ઉદ્દેશની પરિપૂર્ણતા જ હોવી જોઇએ. સ્ત્રીઓને દીક્ષા આપવામાં જે જે ઉદ્દેશોને અનુલક્ષીને શાસ્ત્રકારોએ વિધાનો કરેલાં છે, તે વિધાનોની પર થઇને દીક્ષાઓ આપવાનો અતિરેક થઇ રહ્યો હતો અને પ્રાયશ્ચિતોમાં પણ શુદ્ધિના ઉપયોગ વિના જ પ્રાયશ્ચિતોના નામે શિક્ષાઓનો જ અધિકાર ભોગવાતો હશે ત્યારે જ આ જાતનો હુકમ કરવાનું વ્યાજબી માન્યું હશે એમ સહેજે સમજી શકાય છે.

પરિવર્તનો થયા છે અને તે પરિવર્તનોને જ આચરણા કહેવામાં આવી છે અગર કહેવાય છે. અને તે આચરણા શાસ્ત્રોક્ત હોવા છતાં આજે તે મુજબ પરિવર્તનો કરવાને યોગ્ય સમયમાં એટલે કે અમુક પરિવર્તન, અમુક આદેશમાં કે નિષેધમાં કરવા યોગ્ય આ સમય છે એમ કહેનાર કે ઉપદેશ આપનાર સાધુઓને આજના તે મહા પુરૂષો (?) કે જેઓ પોતાને ભગવંત મહાવીરના સાચા સાધુઓ કહેવરાવી ધર્મનો સાચો ઉપદેશ આપનારા તરીકે પોતાની જાતને આત્મશ્લાઘાથી ધન્ય માનનારાઓ ઉત્સૂત્રી, ધર્મદ્રોહી, સમયધર્મી તથા સમાજદીઆ કહી નિંદે છે, એટલું જ નહિ, પરંતુ તેવા સાધુઓને સાધુ તરીકે નહિ માનવા પરોક્ષ રીતે ઉપદેશ આપી પોતે અને પોતાને સહાનુભૂતિદર્શક સહી આપનારાઓ જ સાચા સાધુઓ છીએ, એમ મનાવવા આજે આકાશ-પાતાળ એક કરી સમાજને છિન્નભિન્ન કરી રહ્યા છે. એ કોઇથીયે અજાણ્યું નથી, ત્યારે સત્ય શું છે એ આપણે ઉપરના આધારો અને આદેશોથી જોઇ શકયા છીએ કે "દેશ, કાળ, ભાવ અને લાભાલાભની દ્રષ્ટિએ પરિવર્તનો થયાં છે અને થઇ શકે છે. પરંતુ એથીયે આગળ વધીને કહી શકાએ છીએ કે—હે મહાપુરૂષો (?) તમે જેમ કહો છો તેમ કેવળ સગવડને ખાતર જ પરિવર્તનો થયા છે તો નમ્ર ભાવે પૂછું છું કે કેવળ સગવડને ખાતર જ પરિવર્તન કરનાર પૂર્વાચાર્યને પણ આપ મહાપુરૂષો (?) સગવડીઆ કે સમયધર્મી કહી ઉત્સૂત્રી અને ધર્મદ્રોહીનું બિરૂદ આપવા કેમ તૈયાર થતા નથી? આજના જ સાધુઓ તમારી દ્રષ્ટિએ શા માટે સગવડીઆ જણાય છે? એ કોયડો આપ ઉકેલ જ રાખશો કે ઉકેલશો? જુઓ આપ ભલે ન ઉકેલો પરંતુ મ્હારે તો મ્હારી ફરજ બજાવ્યે જ છૂટકો. યુગપ્રધાન કાલિકાચાર્યે શાલિવાહન રાજાની સગવડ ખાતર જ પાંચમના પર્યુષણાને બદલે ચોથના પર્યુષણા કર્યાં અને આપ મહાપુરૂષો એ સગવડને ખાતર જ કરાયેલા પરિવર્તનને આજે પણ આચરણમાં મૂકી સગવડીઆને બદલે સગવડીઆના અનુગામી કહેવરાવો છો તે સ્મૃતિબહાર નહિ જ હોય. જે સગવડ માટે તે પરિવર્તન કરવું પડ્યું હતું તે કારણો હવે અભાવ છે. છતાં આજે પણ પાંચમને બદલે ચોથના પર્યુષણા કરવામાં આવે છે. આજે આપણીએ જૈન સમાજના ઐક્ય માટે એકેએક હીરલા, તડ કે, ગચ્છોનું ઐક્ય થતું હોય તો શું આપ તે ચોથની પાછી પાંચમ કરવા માટે તૈયાર થાઓ ખરા કે? કારણ સ્પષ્ટ છે કે શાસ્ત્રકારોના ઉદ્દેશ કે હેતુઓ તરફ દુર્લક્ષ રાખી તમારે તો તમારો કક્કો ખરો કરાવવામાં અને તમારી પોતાની મોટાઇ અને મહત્તા સાચવી રાખવામાં જ સાચી સાધુતા જણાય છે. અને તેમાં જ ભગવાન મહાવીર દેવના શાસનની—ધર્મની સાચી સેવા કયાંથી સાંપડે? જુઓ, સગવડ ખાતર પરિવર્તન થવાના દાખલાઓ—

—ચાલુ.

---

એ થાય છે કે વડોદરા રાજ્યની પ્રજાના રક્ષણ ખાતર કાયદો થાય છે ત્યાં અમદાવાદ, સુરત, કેમ સોશ્યલ કરતું હશે? શું તેના ઉપર બાયકવાડ સરકારની આજ્ઞા વર્તે છે?

સુધારણા અને ડાકટરના મન મનાવી લેવામાં આવ્યા છે.

બે ચાર દિવસથી એ વાત આવે છે કે સુધારણા નર્સ અને ડાકટરનું મન મનાવવામાં કંઇ વાંધો પડવાથી નવું પ્રકરણ ઉત્પન્ન થવાની ધાસ્તીથી નર્સ અને ડાકટરના મન મનાવી લેવામાં આવ્યા છે.

# જર્મનીથી પત્ર ત્રીજો.

બોન (જર્મની) તા૦ ૧૨-૧૨-૩૨

**પ્રિય ભાઇ!**

અમે પોર્ટસૈયદ પહોંચ્યા ત્યારે લગભગ અગીઆર વાગ્યા હશે. મુંબઇથી ઉપડયા પછી જમીન ઉપર પગ મૂકવાનો મોકો પોર્ટ-સૈયદમાં પહેલીવાર મળવાનો હતો, તેથી અનેક જાતના મનોરથો ઘડી મૂકેલા "કેવી રીતે ઉતરશું, કેવી રીતે હોટેલમાં જઇને એકાદ પ્યાલો આ અમર કોફી ઉપર આનંદ કરીશું, કેવી રીતે શહેર જોઇશું, ત્યાં કદાચ વર્તમાન પત્ર મળે તો હિન્દુસ્થાનના સમાચાર જાણી શકાશે." વિગેરે વિગેરે અનેક વિષયો ઉપર વિચાર કરી રાખ્યા હતા. પોર્ટસૈયદ આવ્યું એટલે, ચલણાન્તર કરનારા ત્રણ ચાર વેપારીઓ સ્ટીમર પર આવી પહોંચ્યા. તેમની આગળ ઇજીપ્શીયન નાણું લેવાને ઇચ્છનારાઓની ઠઠ જામી હતી. આ વેપારીઓ આગળ ઉપર જણાવેલા આરબ ફેરીઆઓના જેવા અસભ્ય નહતા, પણ સાટું કરવામાં આપણે ત્યાંના મારવાડીઓના જેવા—કોઇ દિવસ એમની પાસે ચોક્કસ દરની આશા રાખી જ ન શકાય.

ધીરે ધીરે ઉતારૂઓ સ્ટીમર પરથી શહેર તરફ જવા માંડયા. હું પણ મારા એકાદ બે સાથીઓ સાથે નીચે ઉતર્યો. પોર્ટસૈયદ, નાનુ પણ મજાનું શહેર છે. સ્વચ્છ રસ્તાઓ, બજારમાં સુંદર મકાનોની હાર, અનેક જાતના લોકોથી મિશ્રિત વસ્તી, રસ્તા ઉપર હેરાન કરતા ફેરીઆઓ બહાર વરંડામાં ખુરશીઓ ગોઠવેલી હોવાથી જરા વિચિત્ર દેખાતા વિશ્રાંતિ ગૃહો, જવલે દેખાતી પરદાનશીન સ્ત્રીઓ વિગેરે સંપૂર્ણ કુતૂહલશીલ જણાતું હતું. હું પોર્ટસૈયદને લગતી એકાદ બે બાબત ઉપર ધ્યાન ખેંચવા માગું છું. તે ત્યાંની વસ્તી અને ત્યાંના વેપારીઓ, અહિં આપણને સિરીઅ, ફ્રેંચ, જરમન, ગ્રીક, ઇજીપ્શીઅન, ઇટાલીઅન, આરબ વિગેરે અનેક જાતના લોકો જોવા મળે છે, તેમાંના લગભગ બધા જ વેપાર અર્થે આવેલા હોય છે, તેમનો સંબંધ માણસમાં એક જાતની ગુઢ લાગણી પેદા કરે છે, જો કે આંતર રાષ્ટ્રીયવાદ વિચારકોમાં એક ઉચ્ચ આદર્શ તરીકે સ્થાન ધરાવે છે. છતાં આ જાતનું કોઇ પણ એવા આદર્શોના આધાર વિનાનું મિશ્રિત જીવન ખરેખર આશ્ચર્ય જનક લાગે છે. તેમાના બધાયનું ધ્યેય સ્વાર્થ છે. નથી તેમનામાં બલીદાનની વૃત્તિ, નથી તેમનામાં જિજ્ઞાસુ વૃત્તિ, નથી તેમનામાં સંગઠિત થવાની વૃત્તિ, નથી તેમનો આશય આવા મિશ્રણના પ્રયોગથી એક મહાપ્રજા થવાનો, ટૂંકાણમાં આ હકીકત—તેમનું ભેગા વસવું—તે અપ્રયોગશીલ છે. માત્ર સ્વાર્થે તેમને ભેગા આણ્યા છે. આવા આંતર રાષ્ટ્રીય-સંમિલનનું શું પરિણામ હોઇ શકે? આવું રાષ્ટ્રીય સંમિલન કોઇ પણ કાળે આપણને ભેગા આણી શકે? મને તેમની સરખામણી ભોગ અને વિલાસમાં લાગે છે. સામાન્ય દ્રષ્ટિથી જોતાં ભોગ અને વિલાસમાં બહુ ફેર નથી જણાતો. બન્નેની ક્રિયાઓ શરીરને અવગણે છે. પણ બન્નેના રૂપાંતરમાં ફેર છે. પહેલાની શરીર અવગણનામાં મોક્ષ રહેલો છે, બીજામાં બંધન અથવા પહેલું જ્ઞાનવાન, બીજું અવિદ્યાવાન છે. આ આંતર રાષ્ટ્રીય સંગઠન માનવ જાતના પ્રેમને માટે નહિં વિનાશને માટે છે. અને તેથી જ પોર્ટસૈયદમાં અત્યંત ભૌતિક રમણીયતાનો અવકાશ જ્યાં પ્રકાશ કરતાં અંધકાર વધારે છે, આટલું ત્યાંના લોકોને માટે. હવે વેપારીઓ વિષે કહું. માણસની અનીતિ જ્યાં સુધી અશ્લીલ નથી હોતી ત્યાં સુધી સમાજ તેને ક્ષમ્ય ગણે છે. અને તેથી જ જો કે વેપાર એક દેખીતી અનીતિ છતાં, આપણે તેને નભાવી લઇએ છીએ. પણ અહિં વેપારીઓ અસભ્ય રીતે અનીતિવાન છે. જે માણસમાં તેમના તરફ એક જાતની જુગુપ્સા ઉત્પન્ન કરે છે. અહિંના વેપારીઓ કેટલીક અશ્લીલ વસ્તુઓ ચોરી છુપીથી વેચે છે તેટલું જ નહિ પણ તે વસ્તુઓ ગ્રાહકોને વેચવા માટે તેમના શરીરને વળગે છે. કિમ્મતમાં પરદેશી જોઇને તેને હમેશાં છેતરવાના જ પ્રયત્નો થાય છે. જે ચાના પ્યાલાના ત્યાંના દેશીને બે કે ત્રણ આના પડે તેના આઠ અથવા દશ આના આપણી પાસેથી પડાવવામાં તેમને જરાએ સંકોચ નથી થતો. આવી અનેક વસ્તુઓ હું વર્ણવી શકું. કે જે કોઇ પણ સભ્ય માણસને ખૂંચ્યા વિના ન રહે, પણ વખત તથા સ્થળના અભાવે હું તેને અહિં જ બંધ પાડુ છું.

શહેરમાં અને બહાર દૂર ઘણા જોવા લાયક સ્થળો છે, કે જ્યાં ઘણું જ્ઞાન સંપાદન કરી શકાય. મેં આમાના ઘણા થોડા જ જોયા. મને વધારે રસ અહિંના લોકોમાં પડયો. મેં બે ચાર દુકાનોમાં જઇને તેમના નિકટ પરિચયમાં આવવાનો પ્રયત્ન કર્યો.

ફરતાં ફરતાં એક હિન્દી વેપારીની ઓળખાણ થઇ તે ભાઇએ મારા તરફ ઘણી જ લાગણી દર્શાવી. હું એક વખત શ્રી ટાગોર અને પૂજ્ય બાપુની શાળાઓમાં હતો તે જાણીને એને ઘણો આનંદ થયો, તે ભાઇ ખાદી ધારી હતા. હિન્દની ઉન્નતિમાં ઘણો રસ લેતા હતા. સાંજના લેસેપ્સના પુતળા પાસે બાંધેલા સમુદ્રઘાટ ઉપર ફરવા ગયો અને મને ચોપાટી યાદ આવ્યું. લેસેપ્સના પુતળા પાસે બેઠો એટલે અનેક જાતના વિચારો મગજમાં પસાર થઇ ગયા. જો આ મહા માણસે હિમ્મતભેર પહેલ વહેલા સુએઝ બાંધવાનો પ્રયત્ન ન કર્યો હોત તો કદાચ પૂર્વ પશ્ચિમનો સંબંધ આટલો ગાઢ ન બન્યો હોત.

ધીમે ધીમે અંધારૂં થયું હતું. સામે રહેલી સ્ટીમરની દીપસરણી અને કિનારા ઉપરના બંદર તથા વિશ્રાંતિ ગૃહના દીપકો ચંદ્રજ્યોતને જરા કદરૂપી બનાવતા હતા પણ તે છતાં સાગરમાંથી આવતી શીતલ પવન-લહરી, દૂરથી આવતા નૃત્ય-સંગીત અદ્ભુત પ્રિય થઇ પડતું હતું. સામે સમુદ્રમાં અમારી સ્ટીમર દીપાવલીથી એટલી તો સુંદર મનહર લાગતી કે મને તે વખતે સંસ્કૃતમાં આવતું અભિસારિકાનું વર્ણન યાદ આવ્યું.

ભોજનનો સમય થયે મેં નાવ તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં આવતો કાસીનો નૃત્ય અને સંગીતના વિનોદમાં મગ્ન હતો. અમારી સ્ટીમરના કેટલાએ ઉતારૂઓ અનેક તરેહની નાચની ભૂખ ભાંગવાને ત્યાં ગયા હતા. તેમાંના ઘણા ખરા સમય થઇ ગયો હોવાથી પાછા ફરતાં મને રસ્તામાં મળ્યા.

આખો દિવસ અથડાવવામાં અત્યંત થાક લાગ્યો હતો. તેથી ખાઇને અડધોએક કલાક તૂતક ઉપર ફરી આવી કેબીનમાં જઇ સુઇ ગયો. પ્રભાતે જ્યારે ઉઠીને જોઉં છું તો ન મળે બંદર, ન મળે કિનારો, ન મળે કિનારા ઉપરના ઘરો કે જે લગભગ ૨૬ કલાક સતત જોયા કર્યું હતું. બધું જ અદ્રશ્ય! વળી પાછો મધ્યસાગરમાં વાયુના હિંચતાં મોજાંઓની સાથે અમારો વસ્તી શૂન્ય પ્રવાસ વળી ઉછળતા સમુદ્ર તરંગો અમારી સ્ટીમર સાથે અવાજ સાથે અફળાવવા માંડયા, અને અમારી સ્ટીમર ઘણા ઊકળાની માફી જેમ તેમના ઉપર જરા રીસે જાગતી આગળ વધવા માંડી.

અઢારમી ડીસેમ્બરે સવારના નેપલ્સ પહોંચ્યા. નેપલ્સનું વર્ણન આવતા વખતે લખીશ.

શ્રી૦ શાંતિ.

# મુનિ કુસુમવિજયજીએ શ્રી રામવિજયજીને પૂછેલા પ્રશ્નો.

તા૦ ૭-૧૨-૩૨.

મહારાજશ્રી રામવિજયજી મહારાજશ્રીની સેવામાં વાગડોદથી લી. શાહ કાન્તીલાલ ભોગીલાલની વંદણા સ્વીકારશોજી નીચેની શંકાઓના સમાધાન આપશ્રી કરશો એવી આશા છે.

**આ-રહ્યા તે પ્રશ્નો (શંકાઓ)**

**પ્રશ્ન ૧**—આપશ્રીના વ્યાખ્યાનમાં મેં સાંભળ્યું છે કે જે સાધુ નવીન શ્રોતાને પ્રથમ સર્વ વિરતી, પછી દેશ વિરતી, પછી સમ્યગ્ દ્રષ્ટિપણું અને પછી માર્ગાનુસારી પણું આ પ્રમાણેનો અનુક્રમે ઉપદેશ ન આપે તો જીનાજ્ઞાનો વિરાધક થાય આમાંઈ લખાણ સાચું છે કે ખોટું ? જો સાચું હોય તો નીચેના પાઠનો આપશ્રી શો અર્થ કરો છો તે જણાવવા કૃપા કરશોજી.

**उपासकस्य तु यक्ष स्वरुचि धर्मकथां करोतु न कश्चिद्दोषः**

(બૃહદ કલ્પ સૂત્ર)

**પ્રશ્ન ૨**—આપશ્રી કોઈપણ આચાર્યના જીનાજ્ઞાને અનુસારતા કથનને તીર્થંકર ભાષિત કહો છો "આ પ્રમાણે મારા સાંભળવામા આવ્યું છે તે સાચું છે ? જો સાચું હોય તો પછી આચાર્ય મહારાજોએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને જાણીને તે તે કાળમાં ઉપયોગી ગ્રંથો બનાવ્યા છે. તેથી કાંઈ તીર્થંકર ભાષિત કહેવાય.

**પ્રશ્ન ૩**—ઉપધાન તથા યોગ વહન વિગેરેમાં જે જે સૂત્રોની ક્રિયા કરી હોય તે તે સૂત્રોની વાંચના, યોગ, તથા ઉપધાન કરાવનારને આપવી જોઈએ એવી શાસ્ત્રીય વિધિ છે કે નહિ ? અને જો શાસ્ત્રની એ વિધી હોય તો એ વિધિનું પાલન શાસનમાં ધુરંધર મનાતા સારે મહારાજાઓના કોઈપણ સમુદાયમાં કે શ્રીમદ્ વિજયદાન સૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં હાલ થાય છે ? જો પાલન થતું ન હોય તો એનું શું કારણ"

**પ્રશ્ન ૪**—શ્રાવક દશવૈકાલીક સૂત્રનું પાંચમું અધ્યયન વિગેરે મુખે કરી શકે કે નહિ. અને ન કરી શકાય તો એનું શું કારણ. જો પહેલા ચાર અધ્યયન વિગેરે મુખે કરી શકાય તો એનું શું કારણ અને પાંચમું અધ્યયન વિગેરે મુખે ન કરાય તો એમાં (ચાર અધ્યયન વિગેરેમાં) પણ સાધુ સંબંધી આચારો જ છે તો એ પણ મુખે કેમ કરાય.

**પ્રશ્ન ૫**—આપશ્રીના વ્યાખ્યાનમાં મેં સાંભળ્યું છે કે—"સોળથી અંદરની ઉંમરવાળાને દીક્ષા આપવી હોય તો એના માબાપની રજા જોઈએ. અને સોળથી ઉપરનાને માટે માબાપ પાસે રજા માંગવી અને જો રજા ન આપે તો એમને એમ પણ દીક્ષા અપાય" આ મારૂં લખાણ સાચું છે કે નહિ.

**પ્રશ્ન ૬**—પંચસૂત્ર ગ્રંથના બીજા સૂત્રનો અર્થ આપશ્રી શું કરો છો. એ સૂત્રમાં સોળથી ઉપરની ઉંમરવાળાને પણ માત પિતાની આજ્ઞાથી દીક્ષા આપવાનું છે કે નહિ, અને અનેક ઉપાયો કરવા છતાં રજા ન આપે તો માત પિતાના તથા પોતાના હિતને માટે દીક્ષા લે એમ ખરૂં કે નહિ. અને દીક્ષા લે ત્યારે પણ પાછળથી માત પિતાને દુઃખ ન આપે તે માટે તેમને માટે દ્રવ્યની સગવડ કરીને જ દીક્ષા લેવાયને. એ સૂત્રમાં વિગેરે શબ્દ છે, જો હોય તો વિગેરે શબ્દથી કોણ લેવા પોતાને માતા પિતા પછી પ્રથમ પ્રીય સ્ત્રી હોય કે નહિ.

**પ્રશ્ન ૭**—બાલ તથા યુવાનને દીક્ષા આપવાની આ વિધિનું હાલ પાલન થાય છે કે નહિ. જો પાલન ન થતું હોય તો તે પાલન ન કરનાર સાધુ તથા આચાર્યને કાંઈ પણ દોષ લાગે કે નહિ. જો દોષ લાગે તો એ દોષનો સ્વિકાર કરીને પણ જો આ વિધિનું ખુન કરીને દીક્ષા અપાતી હોય તો વર્તમાન સાધુ સંસ્થા પ્રત્યેનો જે ચેલા ભુખ્યાનો આક્ષેપ છે તે સાચા કહેવાય કે નહિ.

**પ્રશ્ન ૮**—પંચસૂત્રમાં જણાવેલ વિધિનું પાલન ભાવિક શ્રાવકને કરવાનું છે પણ એ વિધિનું પાલન ભાવિક શ્રાવકે કર્યું છે કે નહિ. તે જોવાનું કામ દીક્ષા આપનાર સાધુ કે આચાર્યાદિકનું ખરૂં કે નહિ. અજ્ઞાત ભાવિક શ્રાવકને દીક્ષા આપનાર સાધુ તથા આચાર્યે આ વિધિનો ઉપદેશ કરવો જોઈએ કે નહિ અને જો તે પ્રમાણે ન કરે તો એનો દોષ દીક્ષા આપનારને લાગે કે નહિ. હાલ ભાવિક ઉમેદવારને આ જાતનો ઉપદેશ દીક્ષા આપતાં પહેલાં આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજના કે બીજા કોઈ પણ સમુદાયમાં અપાય છે અને ન અપાતો હોય તો એનું શું કારણ ?

**પ્રશ્ન ૯**—આપશ્રી સંઘની વ્યાખ્યા શી રીતે કરો છો. કયો સંઘ હાડકાના માળ જેવો અને કયો સંઘ રત્નની માળ જેવો ?

**પ્રશ્ન ૧૦**—મહાવીર વિદ્યાલય કોણના ઉપદેશથી અને શા ઉદ્દેશથી સ્થપાએલ છે. એ ઉપદેશ અર્થ કામનો જ કહેવાય. અને એ સંસ્થા સ્થાપવામાં ઉદ્દેશ શુભ જ છે કે નહિ. એ સંસ્થામાં જ દેડકા મારવા વિગેરે મોટી હિંસા થાય છે ?

**પ્રશ્ન ૧૧**—વર્તમાન સાધુ સંસ્થામાં કેટલા સાધુઓ અંગે ઉપાંગ આગમ મુજબ સાધુપણું પાળે છે.

**પ્રશ્ન ૧૨**—ગાંધીજીની લડતના સંબંધમાં આપશ્રીનો શો અભિપ્રાય છે.

**પ્રશ્ન ૧૩**—ચોમાસામાં તથા રાત્રે રાજા-મંત્રી તથા અતિ ભાવિક શ્રાવકને છોડીને જે કોઈ પણ શ્રાવક આવે તેને દીક્ષા આપી શકાય.

**પ્રશ્ન ૧૪**—શ્રી સાગરાનંદસૂરીશ્વરજીએ અમદાવાદમાં એક દીક્ષા ચોમાસામાં આપી છે. અને એક દીક્ષામાં (પેના સુતારની પોળવાળા પ્રાયઃ નામ લક્ષ્મીચંદ) બાપથી છોકરાને મોટો કર્યો છે. અને એક બાળ સાધુ કે જેનું નામ ચંદ્રોદય સાગરજી રાખવામાં આવ્યું છે. તેણે પોતાના પિતા તથા કાકાની સાથે દીક્ષા લીધેલી તે દીક્ષામાં છોકરાને સાગરજીએ પોતાનો શિષ્ય કર્યો અને તે છોકરાના પિતા તથા કાકાને પોતાના શિષ્ય માણેક સાગરના શિષ્ય કર્યા છે. અર્થાત છોકરાને પોતાનો શિષ્ય કરી બાપ તથા કાકાને છોકરાથી નાના કર્યા છે. ઉપરની ચારે દીક્ષાઓ શાસ્ત્ર સિદ્ધ છે. જો શાસ્ત્ર સિદ્ધ હોય તો કયા કયા શાસ્ત્રના આધારે અને એ આધારો કયા કયા શાસ્ત્રના કયા કયા પાને.

**પ્રશ્ન ૧૫**—આપશ્રીએ પાટણમાં એક જાહેર ભાષણ આપ્યું હતું તેમાં શ્રી આત્મારામજી મહારાજે જૈન તત્વાદર્શ ગ્રંથમાં સચીતવશ નાસ્તિક, અધર્મી વિગેરે લખ્યું છે તેનું ચીરદ આપશ્રીએ સંભળાવ્યું હતું અને તે કયા પાને છે.

# અખિલ ભારતવર્ષીય પોરવાલ સમાજસે અપીલ.

सिरोही में ता. ६-१२-३२ को उत्साही सज्जनोंकी मीटिंग हुई जिसमें सर्व सम्मति से अखिल भारतवर्षीय पोरवाल महा सम्मेलन की अपील जैन वर्तमानपत्र में भेजनेका निश्चय हुआ। कार्य कारिणी कमेटी के प्रेसीडन्ट शेठ प्रभुतमलजी चतराजी देलदर निवासी शेठ भीमाजी मोतीजी (बम्बाई वाले) शाह एस. आर. सींधी जनरल सेक्रेटरी बीजेराजजी सींधी व पुनमचन्दजी वाहिरा, पुनमचन्दजी हंसराजजी सींधी ट्रेझरर मुकरर किये गये और पन्दर महाशयोंकी एक कमेटी बनाई गई।

सर्व सज्जनों की अंगजिनोंके पश्चात् निवेदन है कि पोरवाल (प्रागवट) जाति जोकि किसीसमय भारत में पुर्ण उन्नति के शिखरपर पहुँचीथी और जिसके हाथ भारतका आधेसे जियादा वाणिज्य था और जिसके जहाज भारतके बाहिर केम्बेसे देश देशान्तरोंको आते और जातेथे। आज उस जातिका दिनों दिन पतन हो रहा है यदि ईसका उपाय शीघ्र न कियागया तो यह जाति भारत में ५० वर्षों से अधिक नहीं जी सकती एक समय यहथा जब इस जातिका दौर-दौरा भारतमें ही नथा परन्तु सारे संसार में था जिस जातिकी कीर्तिका उज्वल इतिहास अबतक आबु, देलवाडा के अनुपम जिनालय और सिरोही व राणकपुरके जैन मन्दिर बता रहे है।

इस जाति में सबसे बढिया भाव जो स्वामीवात्सल्यताका था वह सर्वथा लोप होगया है। उस भावके लोप हो जानेसे आज जातिकी हीन अवस्था हो रही है। आपको इतिहाससे यह बात विदित ही हैं कि एक ही चंद्रावती नगरी में जो वर्तमान आबुरोड से चार मील दक्षिणमें थी और जहांपर पोरवालों के हजारों घर थे और उनमें संगठन होनेकी वजेह से सब करोडाधीपति थे और सारे शहरका खाना एक सज्जन (पोरवाल) के घरबारी २ से होता था! वहां यहांतक स्वामी वत्सल्यता का हिसाब था कि यदि किसीको व्यापार में हानी हो जाती, जहाज डुबजाता था और किसी वजहसे नुकसान हो जाता तो वहां की पंचायतका यह नियम था कि वे एक २ लाख रुपया घरपति दे देते थे और जिस वहभी करोडाधीपति हो जाताथा और इसी तरह हरएक को सहायता देनेसे हर आदमी अपनी असली स्थिति में कायम रहता था। दर असल देखा जाय तो असली स्वामीवत्सल्यता का मतलब इसी में है और वे इसीमें अपनी जाति धर्मका गौरव समजतेथे।

उन्नति और अवनतिका प्रवाह सदाकाल बहता ही रहता है इसी नियमके अनुसार आज पोरवाल जाति प्रगाति शुन्य हो रही है और जगह २ क्लेश और द्वेषसे परीपुर्ण है इन सबको दुर करनेके लिये और जातिको ठीक रास्तेपर लानेके लिए हम सबको तन, मन, धन, से तैयार होकर कार्यक्षेत्रमें उतरजाना चाहिए ताकि हम अपनी जातिको संसारकी और जातियों के साथ उन्नतिका घुडदौड में शामिल रखसके इसके लिये एक सम्मेलन करनेके सिवाय दुसरा कोइ उपाय कि ख्याल नजर नहीं आता। अतएव मेरा इरादा यह है कि बामण वाडजी में चैत्र महीने में ओलियांके मौके पर सम्मेलन के लिये विचार कियाजाय और वहांपर इसकी रुपरेखा तैयार कर अखिल भारत वर्षीय सम्मेलन किसी खास जगहपर जो सबको अनुकूल होगी तय किया जायगा! अतएव आप कृपा कर अपनी योग्य सम्मति इस विषयपर प्रदान कर और अपने आसपास के गांवोंके पोरवाल कार्यकर्ता और उत्साही सद्-गृहस्थों के नाम व गोत्र व मनुष्य संख्या व घरकी संख्या नीचे के कोष्टक में भरकर भेजे ताकि जहां २ पर पोरवालों के घर हो वहां २ उनको साहित्य या पत्रिकाएँ भेजने में पूर्ण सुभीता रहे। आपका उत्तर व सम्मति आनेपर आन्दोलन पत्रिकाओं द्वारा किया जायगा।

भवदीय,

सींधी शाह समर्थमल, रतनचन्दजी वकील.
जनरल सेक्रेटरी, अखिल भारत वर्षीय पोरवाल महासम्मेलन,
मु. पो. सिरोही (राजपूताना)

---

મહારાજશ્રી આ પ્રશ્નો સ્વમતિથી જ પુછે છે નહિ કે કોઇની પણ દોરવણીથી. આ પ્રશ્નોના ઉત્તરોની રાહ તા ૧૫-૧૨-૩૨ સુધી નહિ મળે તો મારે મારી શક્તિ મુજબ પ્રશ્નો કરવા પડશે અને આ પ્રશ્નોના ઉત્તરો મને ૧૫-૧૨-૩૨ સુધી મળશે તો મારા બીજા પ્રશ્નો પણ હું પુછી શકીશ માટે આ પ્રશ્નોના ઉત્તરો જરૂર તા૦ ૧૫-૧૨-૩૨ સુધીમાં મોકલાવશોજી.

લી૦ આપ્યા આત્માઓનો ઉપાસક,
કાંતિલાલ ભોગીલાલ શાહની
૧૦૦૮ વાર વંદણા સ્વીકારશોજી.

---

# વિદ્વાનોને ખુશ ખબર.

## ( ન્યાયનો અપૂર્વ ગ્રંથ )

જેની લાંબા સમયથી રાહ જોવાઇ રહી હતી અને જે કલકત્તા, મુંબઇ અને બીજી અનેક યુનિવર્સિટીના એન્ટ્રન્સના કોર્સમાં ન્યાય પ્રથમામાં, અને એજ્યુકેશન બોર્ડમાં દાખલ થયેલ છે, તે ન્યાયનો અદ્વિતીય ગ્રંથ "प्रमाणनयतत्त्वालोक" (પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર) કે જેને ન્યાયશાસ્ત્રના ધુરંધર વિદ્વાન વાદિદેવસૂરિએ બનાવેલ છે. તે સરલ અને સુંદર બાલબોધિની નામની તદ્દન નવી અપ્રસિદ્ધ ટીકા સાથે થોડા સમયમાં બહાર પડશે. આ ગ્રંથને ન્યાય-કાવ્યતીર્થ, તર્કાલંકાર મુનિરાજશ્રી હિમાંશુવિજયજીએ એડીટ કરેલ છે અને જેમાં નોટ, પાઠાંતર, અનુક્રમણિકા આદિ આપી પ્રસ્તાવનામાં ગ્રંથ, ગ્રંથકાર અને જૈન ન્યાયના વિષયમાં સારો પ્રકાશ પાડયો છે. આઠાવીશ રતલી સુંદર કાગળમાં, ક્રાઉન સોળપેજી સાઇઝમાં લગભગ સવાબસો પૃષ્ઠના દળદાર ગ્રંથની કિંમત માત્ર રૂા. ૦-૧૪-૦ ઓછામાં ઓછા છે. પોસ્ટેજ અલગ.

મળવાનું ઠેકાણું:—

મેસર્સ એ. એમ. એન્ડ કું.
મુ. પાલીતાણા.
(કાઠીઆવાડ)

શ્રીવિજયધર્મસૂરિ ગ્રંથમાળા
છોટા સરાફા
ઉજ્જૈન (માળવા)

---

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh, at 26-30, Dhanji Street Bombay, 3.